કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ

આવતી કાલનાં નાગરિકો માટેનું આજનું અગ્રણી માસિક : વર્ષ ૪૨મું · અંક ૧૧મો · નવેમ્બર · ૧૯૬૫

તંત્રી · બચુભાઈ રાવત

સળંગ અંક

૫૦૩




(ડાબી બાજુ) **શારદા** પરંપરાગત શૈલીના આ શિલ્પને
કાંઈ બહુ સમજાવવું પડે એમ નથી. (નીચે)
માલણ અથવા માથે ટોપલીમાં કંઈક લઈ જતી સ્ત્રીની આ
આધુનિક શૈલીની કાષ્ઠમૂર્તિમાં જમણે હાથે માથા પરની ટોપલી
ટેકવી છે ને ડાબો હાથ સ્વાભાવિક લટકતો રાખ્યો છે. શિલ્પમાં
સોંસરો કોરેલો ગાળો સ્ત્રીના મસ્તકનો ખયાલ આપે છે. પણ
ફૂટની સીસમની આ મૂર્તિમાં નારીદેહનો ઉઠાવ તો આપે છે એ
લાકડાના વળિયા કે રેખના વળાંકોનો ચાતુરીભર્યો વિનિયો



૧૭મી સદીની દક્ષિણભારતની અને ૧૮મી સદીની ગુજરાતની (ડાબી બા_થી બીજી) દીવીઓ. ('એસ્સો'ના સૌજન્યથી) આ વિષે સચિત્ર અને વિસ્તૃત લેખ આવતા અંકમાં.













ભારતીય ચિત્રકળા-પ્રાચીનથી મૉડર્ન પ્રતિ: ૧ રાધાકૃષ્ણ(કાંગડા), ૨ શૃંગાર(આલમેલકર), ૩ ઘાટ તરફ(વર્ધન), ૪ આશ્રય(સત્યેન ઘોષાલ). (ઑ.ઈ.ફાઈન આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ્સ સો.ના સૌજન્યથી)



૫૦૦મા અંકમાં શ્રી રામસિંહજીના કચ્છ-વાળા લેખમાં પ્રાણિસૃષ્ટિ વિષે ઉલ્લેખ છે. એમાં કચ્છના રાની ગધેડાનું નામ 'ઘુડખર' આપેલું છે. એ જ પ્રાણીનું અન્ય નામ 'ઘોર-ખર' પણ છે. આ બંને મૂળ સંસ્કૃત 'गौर खरः'— ધોળો ગધેડો—નાં ભ્રષ્ટ રૂપ છે. गौर खरના સ્વભાવવર્ણનનો એક સુન્દર શ્લોક સુભાષિતરત્ન ભાણ્ડાગારમાં છે. એ પૂરો મને યાદ ન હોવાથી પછી લખી મોકલીશ. गौर खरः શબ્દની પ્રાચીનતા વિષે એટલું જ કહેવાનું કે પતંજલિના સુપ્રસિદ્ધ વ્યાકરણમહા-ભાષ્યમાં પણ એ વપરાયો છે: गौर खरः प्राणिविशेषः—આવા કોઇ વાક્યથી. આ મૂળ ઉતારો હું આપને મોકલી આપીશ. વળી ગૌર ખર જાતિની આજે કચ્છમાં કુલ પ્રાણિસંખ્યા અને અન્ય દેશોમાં એના અસ્તિત્વ વિષે થોડા શબ્દો લખી મોકલીશ.

(અમદાવાદ) —હરિનારાયણ આચાર્ય

નવા અંક(૫૦૨)માં શ્રી રાજેન્દ્ર શાહના કાવ્યમાં શરતચૂકથી મુદ્રણદોષ રહી ગયો છે. એ ચૂક વ્યાપક છે તેથી લખું છું. युध्यस्व જોઈએ, युद्धस्व નહિ. (કાવ્યમાં અને મથાળે युद्धस्व છપાયું છે.)

ગીતામાં યુદ્ધનો સ્પષ્ટ આદેશ આપ્યો છે ત્યાં કેટલેક સ્થળે મહત્ત્વની સલાહ પણ સાથે અપાઈ છે. ततो युद्धाय युज्यस्वમાં કહ્યું છે કે:

'હાર-જીત કરી સમ
પછી યુદ્ધાર્થ થા સજ્જ.' (ભ.ગી. ૨-૩૮)

युध्यस्व विगतज्वरःમાં પણ—

'આશા ને મમતા છોડી'
નિર્વિકાર થઇ લડ.' (ભ.ગી. ૩-૩૦)


એમ ઉપદેશ આપ્યો છે.

मामनुस्मर युध्य च એમાં પણ જાણે એમ કહ્યું છે કે પરમાત્માનું શરણ લીધા વિના નિર્મમ થવાશે નહિ અને સમતા સધાશે નહિ, તેથી ભગવાન કહે છે:

'માટે અખંડ તું મારી
સ્મૃતિને રાખતો લડ.' (ભ.ગી. ૮-૭)

આ બધાંનું તાત્પર્ય એ કે સત્ય ધર્મને વળગી, ભગવાનમાં નિષ્ઠા રાખી, તેનું નિરંતર સ્મરણ કરી, ધર્મયુદ્ધ કરવું. ખોટા લાગણીવેડાને તેમ ગભરાટને સ્થાન નથી. યુદ્ધ માટે ઉત્સાહ અને આવેશ જોઈએ, પણ તેનો 'સનેપાત' થવો ના જોઇએ. સર્વ ઉત્તમ માનવભાવનાઓને જાગવીને જ યુદ્ધ થાય. એવું યુદ્ધ વ્યક્તિને તથા સમાજને કલ્યાણકર છે. (ગુજરાતી અવતરણ મશરૂવાળાના અનુવાદમાંથી છે.)

(સૂરત) —વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી



ઉપર એક પાઈના સિક્કાની બે બાજુઓ બતાવી છે. બંનેમાં મળીને ચાર ભાષામાં 'એક પાઇ' લખેલું છે. આ સિક્કો ક્યારે કયા વિભાગમાં ચલણમાં હતો એ જાણવા મળે?

(પોરબંદર) —રમાકાન્ત મહેતા

[*એમાં રાજકર્તાનું મહોરું નથી એટલે તે રાણી વિક્ટોરિયાના અમલ પહેલાંનો ઈસ્ટ ઇંડિયા કંપનીના સમયનો હોવાનું લાગે છે.]

૫૦૨ અંકના છેલ્લા પાના પરની 'ગણિત-ગમ્મતો' હવે તો એટલી મોળી બની ગઈ છે કે પોતાનું બાળભોગ્યપણું પણ ખોઈ ચૂકી છે. એને 'કુમાર'ના બરની તો કેમ જ ગણવી? 'ગણિતગમ્મત'નું લખાણ તો સુઘટિત, સાદું, વ્યાપ્તિ (generality)વાળું અને ખરેખર જ ગમ્મતભરી ચમત્કૃતિવાળું હોવું જોઇએ.

આ 'ગમ્મત'માં કોઈ પણ (ઋણ, ૦ કે ધન) સંખ્યા ધારી શકાય. આખી સંખ્યા अ ધારીને પૃથક્કરણ કરતાં 'ગમ્મતની શરતોને નિત્યસમ (identity)ના રૂપમાં મૂકી શકાય.

$$\frac{१}{४}\{२(अ+\frac{अ}{२})+(अ-९)\}+\frac{९}{४}=अ$$

આમાં (अ—९) વાળું છગડિયા કૌસમાંનું પદ ઋણ સંખ્યા ન આવે—આવે તો બીજગણિતથી અજ્ઞાત તેનો હિસાબ ન કરી શકે—માટે ૧ થી ૮ સિવાયની જ સંખ્યાઓ ('૧ થી ૧૦ સિવાયની' શા માટે?) ધારવા કહેવું પડે છે. આ ખામી દૂર કરવા 'ગમ્મત'માં થોડો ફેરફાર કરીએ તો તેનું નિત્યસમ આ પ્રમાણે ગોઠવી શકાય:

$$\frac{१}{४}\{२(अ+\frac{अ}{२})+(अ+९)\}-\frac{९}{४}=अ$$

સાદાં સમીકરણો વિષે જાણનાર આવી અનેક 'ગમ્મતો' યોજી શકે.

(જૂનાગઢ) —કનુ રા. ડાભી,

૪૭૨મા અંકમાં ૧૫, ૨૫, ૩૫, ૪૫, ૫૫, ૬૫, ૭૫ અને ૯૫નો વર્ગ કાઢવાની રીત બતાવી છે. બીજી સુગમ અને સહેલી રીતે પણ કાઢી શકાય: ૧૫, ૨૫, ૩૫, ૪૫, ૫૫, ૬૫, ૭૫, ૮૫ અને ૯૫માંનો દશકનો આંકડો લો, તેમાં એક ઉમેરતાં જે આવે તેનો તથા દશકના આંકડાનો ગુણાકાર કરો અને તેની બાજુમાં પાંચનો વર્ગ મૂકી દો.

દા.ત. ૪૫; આમાં દશકનો આંકડો ૪ છે તેમાં એક ઉમેરતાં ૪+૧=૫ થાય. આ ૫ ને દશકના આંકડા ૪ વડે ગુણતાં ૪×૫=૨૦ થાય આ ૨૦ને પડખે પાંચનો વર્ગ (એકમની રકમનો વર્ગ) ૨૫ મૂકતાં ૨૦૨૫ થાય તે જવાબ.

(બોરીવલી) —અમરકુમાર કાકુ

અંક ૫૦૧માં 'શ્રીફળ' વાર્તામાં સહજ ભૂલી જવાએલા શ્રીફળને વહેમથી જગુભાઈ મહાદેવના મંદિરે રેડવે છે અને પોતાના તરફથી લાવેલા શ્રીફળને વધેરી કટકી કટકી શેષ વહેંચી બાકી વધેલી અર્ધી કાચલી ઘેર લાવે છે. પણ શંકરને ધરાવેલી વસ્તુઓ 'શિવ નિર્માલ્ય' ગણાય. તે દોષ આ વાર્તામાં જાણી જોઈને મૂકી દેવાયો છે કે બીજું કંઈ છે?

(જામખંભાળિયા) —બી. રામપ્રસાદ

વ્યક્તિ-ઘડતરની લેખમાળાની સાદી, સરળ શૈલીમાં સચોટ અને હૃદયસ્પર્શી રજૂઆત અભિનંદનીય છે. શતરંજના લેખોને પુસ્તિકા રૂપે ક્યારે બહાર પાડો છો? ડૉ. પી. સી. વૈદ્યના અમેરીકાથી લખાએલા માહિતીપૂર્ણ રસપ્રદ પત્રો ગમ્યા. આજના વિશાળ યુવાન વર્ગને જાતીય બાબતોમાં વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ આપવાનો કોઈ સીધો પ્રયત્ન જો 'કુમાર' તરફથી કરવામાં આવે તો એ ખૂબ જ અભિનંદનીય બની રહેશે. દેશની આર્થિક પરિસ્થિતિ વિષે ક્યારેક લેખો આવે એ ઇચ્છનીય નથી?

(અમરેલી) —જગદીશ પરીખ

'કુમાર' જે સામગ્રી પીરસે છે તેમાં એક અજબ ખૂબી દેખાય છે: નોંધ જેટલી ટૂંકી હોય છે તેટલી જ સાર રૂપ અને ઝીણવટ ભરી હોય છે આથી જ સત્ત્વ–તત્ત્વ રૂપ જ્ઞાનથાળ દરેક 'કુમાર' દ્વારા પિરસાઇ જાય છે.

રમતગમતની દુનિયામાં—વિશેષ તો મોટી મૅચો કે ટૂર્નામેન્ટ ખેલાય ત્યારે તે તે વિષય ઉપર લેખો અપાશે તો ખાસ કરીને કુમારો માટે ખૂબ જ આનંદનો વિષય બની રહેશે. અન્ન મોરચે ગાર્ડનિંગ, વિનોબાના ગ્રામદાન, પ્રાથમિક સારવાર (જેવી કે માથું દુખવું, કાન દુખવા, ઝાડા થવા, કબજિયાત થવી, ઇલેક્ટ્રિક શૉક લાગવો, વીંછી કે સાપ કરડવા, દાઝી જવું, શરદી થઈ જવી, હેબતાઈ જવું, છાતીમાં દુખવા આવવું, પગ ભરાઈ જવા ઇ. તકલીફો વખતે તાત્કાલિક શા ઉપાય લઈ શકાય અથવા ઘરમાં શું શું તૈયાર રાખવું તે માટે અવારનવાર નોંધો આવે તો જ્ઞાન તાજું રહે. મુસાફરી વખતે એવી એક પેટી તૈયાર રાખી શકાય જેમાં આને લગતાં બધાં ઔષધ તૈયાર હોય? ચાલુ જમાનામાં આવકમાં પોસાય તેવા ઉદ્યોગો (ગૃહ) મધ્યમ વર્ગને સુલભ થાય તે માટેની નોંધ પણ એવી જ આવકારપાત્ર નીવડશે.

આ 'માસ ઇતિહાસમાં' વિભાગ ખૂબ જ રસ પડે તેવો, ઇતિહાસનું જ્ઞાન વધારે તેવો હોય છે. ચાલુ મહિનામાં કઇ કઈ તારીખે અગત્યની બીના બનવાની છે તેની તારવણી જો આપી શકાય તો ખૂબ ઉપયોગી થશે.*

(દુર્ગાપુર) —નવનીતરાય મહેતા

[*આજે એ વિભાગમાં 'વ્યક્તિવિશેષ' અને 'પ્રસંગવિશેષ' આવે છે તે સાથે, આપ કહો છો તેવી 'દિનવિશેષ'ની યાદી અગાઉ આવતી, સંજોગાનુસાર તે બંધ થએલી. જાન્યુઆરીથી તે ચાલુ કરવા ધારીએ છીએ.]

૭૦ ફીટ ઊંચું શિરીષનું વૃક્ષ રાજકોટ જ્યૂબિલી બાગમાં આજે એટલાં જ વર્ષો જૂનું કૅનૉટ હૉલ સામે ઊભું છે: સામાન્ય ઝાડના થડથી જાડેરી તો એની શાખાઓ–ડાળો છે. સૌરાષ્ટ્રની ધરતીમાં પથ્થર–કાંકરા હોઈ ઊંચાં વૃક્ષો ગુજરાત જેવાં નથી થતાં એ હકીકત છે, છતાં આ વૃક્ષ તો આજે ય ઊભું છે.

(સુરેન્દ્રનગર) —વિજયશંકર કામદાર

૫૦૦મા અંકમાં 'ઊંઘમાં અભ્યાસ' એ શીર્ષક હેઠળ જે લેખ છપાયો છે તે વિષે વધારે માહિતી ક્યાંથી મેળવી શકાય?

(અમદાવાદ–૬) —મૃગેન્દ્ર મુનિ

[*અમને તે માહિતી બ્રિટિશ ઈન્ફરમેશન સર્વિસિઝના 'ધિસ ઈઝ બ્રિટન' નામના સામયિકમાંથી મળેલી. એ સંસ્થાના લાયબ્રેરીઅનને, બ્રિટિશ હાઈકમિશન, ચાણક્યપુરી, પો. બૉ. ૧૧૦, ન્યૂ દિલ્હી ૨૧ એ સરનામે લખી જુઓ.]

૫૦૨ અંકમાં શ્રી. ર. મ. રા.ના આત્મકથાનકમાં કરાચીના પડોશીઓનો પરિચય આપતાં 'શ્રી મોહનભાઇ રા. વિ. પા.ના સસરા' લખ્યું છે તે સાચું નથી. 'શ્રી રા. વિ. પાઠકનાં બહેનના સસરા' હોવું જોઈએ.

(અમદાવાદ) —હરિકૃષ્ણ રા. પાઠક



શેક્સપીઅરની નાટચકથાઓ

લેખક • ડૉ. મધુસૂદન પારેખ

એક કૉલેજિયન મિત્રે કહ્યુ:
'કુમાર'માં આવેલા 'મૅકબેથ'ના વાર્તાંતરે
મને પાસ થવામાં મદદ કરી.

પણ

**એ એક મિત્રને જ શા માટે?
અને 'મૅકબેથ' જ શા માટે?**

'કુમાર'માં ગયા આખા વર્ષ દરમિયાન પ્રકટ થતી રહેલી એ બધી નાટ્યકથાઓ અનેક વિદ્વાનો, વિવેચકો અને વાચકોને આનંદપ્રદ ને ઉપયોગી જણાઈ હોઈ સૌએ એને ઉમળકાથી વધાવી છે.

શેક્સપીઅરની લગભગ તમામ ખ્યાતનામ નાટ્યકૃતિઓનો એના રસ અને રચનાની સમજણ સાથે એમાં સમાવેશ કરેલો છે.

આસ્વાદ માટેનું સરસ વાચન માત્ર જ નહિ, પણ શેક્સપીઅરની નાટ્યકૃતિઓ ભણતા વિદ્યાર્થીઓને પણ એ ઉપયોગી છે.

કિંમત રૂ.૪॥ (પોસ્ટેજ સાથે રૂ.૫)

પ્રકાશક:
**કુમાર કાર્યાલય લિમિટેડ
૧૪૫૪ રાયપુર • અમદાવાદ-૧**

અનુક્રમણિકા

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૧૫; પરદેશમાં રૂ. ૧૮ અથવા શિ૦ ૨૭; છૂટક નકલ: રૂ. ૧-૫૦

નવેમ્બર ૧૯૬૫
તંત્રી · બચુભાઈ રાવત

ધીમે ધીમે / હેમન્ત દેસાઈ

· શિખરિણી ·

બધું ધીમેધીમે સમથળ થતું જાય; અવશ
હિયું જોકે છૂપું જલઝરણ શું; દશ્ય મુરઝચાં
બુઝચા ચ્હેરા, રસ્તા ગલિત, દગ-સંવાદ કથળ્યા,
અને એવું એવું કંઈક કશુંમાં રાચી રખડી
રહે, એનાં ભોળાં કરતુક નહીં જાય વરણ્યાં!

સવારો ને સાંજો, ઊજળી રજની માઝમ, કુણી
હુલાસી ફાલ્ગુની—સહુ વહી જતાં એમ જ; કદા
ઝીલ્યા જેના તીણા મધુ ગુલબી ઝંકાર, નયણે
ભર્યાં ઘેને, ઊનાં દરદી હ્રદયે, ઉત્સુક મને,
હવે તેનાં કોઇ સ્મરણ છબિ શાં ભીંત પરની
રહ્યાં ઝૂલી, આવે ગુપચુપ હવા દક્ષિણ થકી
મૂકી જાયે કર્ણે લઘુ ગત કથાના કણ કંઈ......

બધું ધીમે ધીમે સમયસરનું થાય; વસમું
કશું ના; હા મારે અગણ જનની સાથ વસવું!

વણ-રેખાયું વન / મણિલાલ દેસાઇ

· ગાન ·

પ્હાડમાંથી પ્હાડ, ઝાડમાંથી ઝાડ વણરેખાયું વન,
ઊડતું રે'તું થઇને સૂડો ડાળથી ડાળે મન.
પ્હાડની ઓથે ભૂખરા પટે વ્હેતું સૂકું ઝરણ,
કોતર કુંજે કૂદતું જાતું હોય ન જાણે હરણ!
પટના વિશાળ પથરા પાડે સિંહને ગળે ત્રાડ,
ધ્રૂજતી ટેકરી-ટોચ થઇને વનનાં ઝીણાં ઝાડ.
ક્યાંક ભૂરા, ક્યાંક સાવ લીલા, ક્યાંક વનફૂલે લાલ-પીળા,
છાંયડા કાબરચીતરા જાણે વાઘ-વરુશા, શીળા.
પથરા-કોતર, સાગ ને સીસમ ક્ષિતિજ આભથી દૂર,
વણદેખાયા રાનનું જાણે વધતું રે'તું પૂર!
પ્હાડમાંથી પ્હાડ, ઝાડમાંથી ઝાડ વણરેખાયું વન,
ઊડતું રે'તું થઇને સૂડો ડાળથી ડાળે મન!

પડઘા / રાજેન્દ્ર શુકલ

· ગઝલ ·

પછી આંખમાં આછરી જાય છાયા,
પછી શ્વાસમાં ઓગળી જાય પડઘા.

પુરાઇ હશે વાવ કોઇ પુરાતન,
કબૂતરની પાંખોના સંભળાય પડઘા.

ડૂબાવી દીધો છે અમે શબ્દ છેલ્લો,
હવે માત્ર જળના આ ફેલાય પડઘા.

અચળ મૌનના આભઊંચા શિખર ઓ
તળેટીમાં કોના આ કરમાય પડઘા?

ધબકવું હ્રદયનું થયું બંધ આખર,
કહો ક્યાં સુધી એમ સચવાય પડઘા!

ત્રણ હાઇકુ / ચિનુભાઈ મોદી

· સવૈયા ·

૧

રિક્ત બપોરે
પંખીનો પડછાયો
ચ્હેરે, પ્હાડ઼.

૨

આભ અડેલા
કાળા કાળા પ્હાડ
—વાદળાં સ્થિર.

૩

કૂદી બિલાડી
ઝૂલ્યું હવામાં સીકું
દદડ્યું શૂન્ય.

રેવ૦ ફાધર વાલેસની

વિશદ સમજાવટભરી લેખમાળા

વ્યક્તિ-ઘડતર

૫

મનોબળ

બુદ્ધિ એ વ્યક્તિત્વનું માપ નથી. પરીક્ષામાં સરખા ગુણ અને વ્યક્તિત્વમાં આસમાનજમીનનો તફાવત, એવા દાખલા તમે જોયા નથી?

બુદ્ધિની પાસે કામ કરાવનાર બીજી એક શક્તિ માનવીમાં છે. તેની આણ બુદ્ધિ ઉપર, ઇન્દ્રિયો ઉપર, શરીર ઉપર વર્તે છે. તે સરખી બુદ્ધિ લઇને જુદા વિચારોનું નિર્માણ કરે છે, અને સરખા દેહ પાસે જુદી મહેનત કરાવે છે. તે ઊતરતી કક્ષાનો માલ લઈને ઉત્તમ કામગીરી બતાવે, અને વખતે ઉત્તમ માલ લઇને વિકૃત પરિણામ પણ લાવે.

'હું ધારું તો ફર્સ્ટ ક્લાસ લાવી શકું...' આ એક મહામંત્ર થયો: 'હું ધારું તો!' ધારણા, મનસૂબો, દઢ સંકલ્પ કરવાની શક્તિ, ઇચ્છાશક્તિ, આત્મબળ! એની આગળ બધી મુશ્કેલીઓ ઓગળી જાય છે; એના હુમલાની સામે એક પણ વિઘ્ન ઊભું રહી શકતું નથી. અણુશક્તિ કરતાં ઇચ્છાશક્તિ વધુ પ્રબળ છે.

તોમેર આંધળા હતા, પણ દુનિયાનું સૌથી પ્રખ્યાત મહાકાવ્ય એમનું સર્જન છે.

ડેમોસ્થેનીસ તોતડાતી જીભે જ બોલી

વક્તા, પણ દુનિયાના સૌથી પ્રભાવશાળી વક્તા થયા.

હેલન કેલ્લરનાં આંખ, કાન ને જીભ ત્રણે બંધ હતાં, છતાં, તેઓ પીએચ. ડી. સુધી ભણ્યાં અને વિશ્વખ્યાતિ પામ્યાં.

વ્હિલ્મા રુડૉલ્ફ નાનપણમાં પગે લકવો થવાથી વરસો સુધી પથારીવશ રહ્યાં હતાં, પણ તાલીમ લઈલઈને એણે ઑલિમ્પિક રમતોત્સવમાં દોડવાની હરીફાઈમાં ત્રણ સુવર્ણચંદ્રક મેળવ્યા ને નવા વિક્રમ સ્થાપ્યા.

આવા દાખલાઓ જોઈને એક પ્રખ્યાત માનસશાસ્ત્રી લખે છે: 'પૈસા, બાહુબળ, આરોગ્ય અને બુદ્ધિનું સ્થાન પણ મનોબળ લઈ શકે એ આમાંથી સિદ્ધ થાય છે. મહાન માણસોને મહાન બનાવનાર તો આ જ આત્મબળ છે.'

મન હોય તો...માળવે જવાય!
પણ મન હોય તો!
મનોબળ હોય તો!
સંકલ્પશક્તિ હોય તો!

તમારા જીવન-રથને તેજ ઘોડા જોડવામાં આવ્યા છે: ઈંદ્રિયો, બુદ્ધિ, લાગણી, કલ્પના... — હવે લગામ તમારા હાથમાં આવે, એ ઘોડા તમારો હુકમ પાળતા થાય, તો જ તમારો રથ જીવનપંથે પવનવેગે ઊડી શકે...

અને એ ઘોડા છે તોફાની. ઇન્દ્રિયો મનગમતી વસ્તુઓ તરફ આંધળી દોટ મૂકશે, વિચારો ચગડોળે ચડી જશે, લાગણીઓ વચ્ચે જ ખેંચાખેંચ થશે...

સારથિએ શું કરવું?

દરેક ઘોડાને ફાવે તેમ કરવા દેવું? કે લગામ ખેંચીને પોતે ધારે તે જ રસ્તે બધાને એકીસાથે હાંકવા?

ઘોડાને પલોટવાની એક જ રીત છે: લગામ ખેંચવાની.

ઇંદ્રિયોને કાબૂમાં લેવાની એક જ યુક્તિ છે: તેમની પાસે પ્રતિકૂલ કામ કરાવવાની.

'ગમે છે એટલે કરું છું; ગમતું નથી એટલે કરતો નથી...ભાવતું નથી એટલે મૂકી દઉં છું...

...ભાવે છે એટલે ખાઉં છું;

...રસ પડે છે એટલે વાંચું છું; કંટાળો આવે છે એટલે વાંચવાનું બંધ કરું છું...'

પણ માલિક કોણ? ઘોડો કે ઘોડેસવાર? ઇંદ્રિયો કે મન?

આત્મબળ કેળવવા, લગામ હાથમાં રાખવા, વ્યક્તિત્વ બાંધવા-સંયમની જરૂર છે.

સંયમ. આત્મશિસ્ત. ત્યાગવૃત્તિ.

સંન્યાસ લેવાની વાત નથી. જીવનની દીક્ષા લેવાની વાત છે. માનવને લાયક જીવન જીવવાની વ.ત છે. માનવવ્યક્તિને જ રાજગાદીએ બેસાડવાની વાત છે.

જે માણસ પોતાની વૃત્તિઓને તાબે રહે છે, જે પોતાની ઇંદ્રિયોને તાલે નાચે છે, જેને ના પાડતાં આવડતું નથી એ ખરો માણસ નથી.

અમુક આફ્રિકન કોમોમાં જુવાન ઉમરલાયક થાય ત્યારે વિધિપૂર્વક એને સમાજમાં પ્રવેશ અપાવતાં પહેલાં એની કસોટી બોધકરીતે કરવામાં આવે છે. તેને તીર-કામઠું આપીને એકલો જંગલમાં અઠવાડિયા સુધી રખડતો મૂકે છે. શરત એટલી જ કે એ તીરનો એણે ઉપયોગ કરવો નહિ. હવે, એ રહ્યો સ્વભાવે શિકારી. હરણ કૂદ્યું કે તીરે ઊડ્યું સમજો! પણ આ આઠ દિવસ સુધી હરણ ને શિયાળ, શાહમૃગ ને જિરાફ, વાઘ ને સિંહ દેખા દેશે, નજીક આવશે..., હાથ તીર ઉપર જશે, તીરને કામઠા ઉપર ચડાવશે..., પણ મન હાથને રોકી રાખશે. બીક લાગશે કે ભૂખ કનડશે, પણ હાથ નહિ જ ઊપડે. આટલો સંયમ એ જુવાન બતાવી શકે તો જ ગામના પુરુષોમાં ખપવાનો અધિકાર એને મળશે.

પાઇથાગોરાસનું નામ તો તમે જાણો છો. તેનું પ્રખ્યાત પ્રમેય પણ જાણો છો. પણ તેનો એક રસિક રિવાજ તમે જાણતા ન પણ હો. ઈતિહાસમાં એ વાત છે: પાઈથાગોરાસ અને તેના અનુયાયીઓ કોઈ કોઈ વખત મિજબાનીએ બેસે, મિષ્ટાન્ન બનાવે, જાતજાતની વાનગીઓ પીરસે, એક-એક વસ્તુનાં વખાણ કરે, ધારીધારીને જુએ... પણ ખાય તો કશું નહિ! મોંમાં પાણી છૂટે પણ હાથ ન લંબાવાય! છેલ્લે ભોજનને હાથ અડાડ્યા વિના ભૂખ્યે પેટે ઊઠે. પેટને ખોરાક ન મળ્યો, પણ મનને પોષણ મળ્યું ને?!

ફકીરી લેવાનો આશય નથી; ત્યાગની ખાતર ત્યાગ કરવામાં અર્થ નથી; પણ ઈચ્છાશક્તિ કેળવવા અને ઇંદ્રિયો ઉપર મનનો કાબૂ જમાવવા દેહને થોડું કષ્ટ આપવું એ યોગ્ય છે, આવશ્યક છે.

શિલ્પી ઘડીઘડીને. આરસપહાણને કોરીકોરીને શિલામાંથી પોતાની કલ્પનાની આકૃતિ ઉપસાવે છે.

કુંભાર માટીને ગૂંદીગૂંદીને મનગમતાં વાસણ ઘડે છે.

માળી ઘાસ-ડાળીઓ-પાંદડાં કાપીકાપીને રળિયામણો બગીચો બનાવે છે.

અને માણસ પણ પોતાના વિચારો ને લાગણીઓ, વલણો ને વૃત્તિઓ વાળીવાળીને સુઘડ વ્યક્તિત્વ બાંધે છે.

બહારથી લાદેલી શિસ્ત ગુલામી છે; પણ સ્વયંપ્રેરણાથી સ્વીકારેલી આત્મશિસ્ત વ્યક્તિત્વનો શિરોમણિ છે.

એક દિવસ મીઠાઈ ન ખાવાથી કે તરશ લાગી ત્યારે પાણી તરત નહિ પણ જરા વાર રહી અને પીવાથી તબિયત બગડવાની નથી; ને મન તો મજબૂત થશે.

એક દિવસ છાપું ન વાંચવાથી, કે રસિક નવલકથા આજને બદલે કાલે પૂરી કરવાથી કોઈ નુકસાન થવાનું નથી; અને ફાયદો તો ઘણો જ મળશે!

એવી નાની નાની બાબતો પર ઇચ્છાશક્તિ નભે છે. અને તેથી એ મહાવરો રોજનો હોવો જોઇએ. જેમ બીજી કોઈ પણ જાતની તાલીમમાં તેમ વિશેષ કરીને આ મનની કેળવણીમાં સફળતાનું રહસ્ય 'નિયમિતતા' હોય છે. ટેવ પાડી એટલે જીત મેળવી.

માણસનું વર્તન ટેવનું પરિણામ છે; માટે નાની બાબતોમાં જે તાલીમ લીધી એ જીવનના આકરા પ્રસંગોમાં કામ લાગવાની.

'માલિક હું છું! લગામ મારા હાથમાં!'

તમારી આ અદ્ભુત શક્તિનો—સંકલ્પ કરવાની, નક્કી કરવાની, સ્વતંત્રરીતે પસંદગી કરવાની શક્તિનો અનુભવ કરો. 'હું ઇચ્છું છું' એ શબ્દો હૃદયના ઊંડાણમાંથી દૃઢ નિશ્ચયથી બોલતાં શીખો. 'મારી ઇચ્છા છે; મારો નિર્ણય છે' એ જાદુઇ શબ્દોનો ચમત્કાર અનુભવો. એ તમારા જીવનમાં પરિવર્તન લાવશે.

એક પ્રખ્યાત દેશનેતાને એક નવજુવાને પ્રશ્ન પૂછ્યો: 'આપ જેવા મહાન થવા માટે મારે શું કરવું?' જવાબ મળ્યો: 'ઇચ્છો, એટલી જ વાર!'

હા, ઇચ્છા હોય તો—,'ખરી' ઇચ્છા હોય તો.

પણ ઇચ્છા અને તરંગમાં ફેર છે.

'એમ થાય તો કેવું સારું' એ આળસનું સ્વપ્ન છે.

'એમ થવું જ જોઈએ અને હું એ કર્યે જ રહીશ' એ કર્મવીરની રણહાક છે.

ઇચ્છાશક્તિ એ માણસોને ચલાવનાર ખરી શક્તિ છે. જે પોતાનો માલિક હોય એ જ બીજાઓનો નેતા બની શકે!

એ શક્તિ મેળવવા, વિકસાવવા, ખિલાવવા અત્યારથી જ કમર કસો.

કસરતથી શરીર મજબૂત થાય છે.

અભ્યાસથી મન કેળવાય છે.

રોજની તાલીમથી ઇચ્છાશક્તિ પ્રાપ્ત થાય છે.

અને દૃઢ મનોબળથી વ્યક્તિત્વ ઘડાશે.

શારીરિક, માનસિક ને આધ્યાત્મિક શક્તિસંપન્ન ક્રાંતિવીર

અલીપુર જેલમાં



જતીન્દ્ર મુખરજી

અંગ્રેજી પરથી સારાનુવાદ

—પ્રજારામ રાવળ

'તમે જતીન મુખરજી વિષે સાંભળ્યું છે?' શ્રી અરવિન્દે પોતાના શિષ્યોને એક વાર પૂછ્યું; અને પછી પોતાની વિશિષ્ટ રીતે ઉદ્‌ગાર કાઢ્યો: 'અદ્‌ભુત માણસ! કોઈ પણ સ્થળે માનવજાતિની પ્રથમ હરોળમાં શોભે એવો એ હતો. સૌન્દર્ય ને શક્તિનું આવું મિલન મેં અન્યત્ર ક્યાં ય જોયું નથી. એનો સીનો યોદ્ધાનો હતો!'

શ્રી જતીન્દ્રનાથ મુખરજી 'જતીન વાઘ' તરીકે વધુ જાણીતા છે; કારણ કે એક વાર યુવાનીમાં એમના ગામમાં એ એક પ્રચણ્ડ વાઘ સાથે હાથોહાથ આવી ગયા હતા અને એકલે હાથે માત્ર એક છરા વડે એને પૂરો કરી દીધો હતો. એમની એ સિદ્ધિ માત્ર શારીરિક તાકાત, કે પ્રત્યુત્પન્ન મતિ, કે સ્વસ્થ હિંમત, કે આત્મભોગ આપી શકનાર દૃઢ નિશ્ચયબળને જ કારણે ન હતી; એમનામાં આધ્યાત્મિક શક્તિ હતી એમ એમના સાથીઓ કહેતા.

વાઘને હણ્યા પછીની ગંભીર સ્થિતિમાં એને સારવાર માટે કલકત્તા લઈ જતા હતા ત્યારે એ પૂરેપૂરા ભાનમાં હતા; ગીતાના પ્રિય શ્લોકો રટતા જતા, ને મિત્રો તથા સગાંવહાલાંની ચિન્તાને હળવી કરવા વચ્ચેવચ્ચે મજાકો કરતા મુક્ત મને હસતા હતા. વાઘનાં જડબાંમાં આવી જવાથી એનો જમણો ઢીંચણ ખૂબ ઘવાયો હતો, એટલે, સર્જન ડૉ. સુરેશ ચક્રવર્તીનો મત પગ કાપી કાઢવાનું થયો. પણ ઑપરેશન પહેલાં જતીને તે ન કાપવાની વિનંતી કરી; અને ઑપરેશન વખતે એની શાન્તિ અને ધૈર્યને જોઇને તો ડૉક્ટરોને એટલી ઊંડી અસર થઈ કે ડૉ. સર્વાધિકારીએ તેની અસાધારણ શારીરિક શક્તિ અને મનોબળની પ્રશસ્તિભર્યો લેખ 'ધ બૅંગાલી'માં લખ્યો. બંગાલના કવિઓ ને લેખકો તો દશકાઓથી ગાયા કરે છે, સ્વાતંત્ર્યસંગ્રામના પાયામાં ઇંટ રૂપે બનેલા આ મહા મેધાવીનો ઉજ્જ્વલ પુરુષાર્થ.

અને છતાં એ વજ્ર હૃદય એટલું કોમળ હતું કે ગરીબોને ગજવામાંની છેલ્લી પાઈ પણ એ દાનમાં દઈ દેતા; શરીર પરથી કિંમતી કોટ-પાટલૂન ઉતારીને આપી દેતા; કૉલેરા અને પ્લેગગ્રસ્તોની સેવા દિવસ-રાત ખડેપગે કરતા, તેમનાં મળમૂત્ર સ્મિતભર્યા મુખે ધોતા; શેરીમાં ભટકતા ગાંડાઓને હાથ ઝાલીને ઘેર લઈ આવી, તેમને નવડાવી-ધોવડાવી, આયુર્વેદનાં તેલો-ઔષધોથી પ્રેમપૂર્વક માલિશ કરતા, અને ખોરાક-પોશાક આપીને સ્વસ્થ કરતા. અનાથ ને દરિદ્ર વિદ્યાર્થીઓને ખાવાપીવા અને અભ્યાસમાં મદદ, દુષ્ટોને સજા, નિર્બળની રક્ષા, અસહાય દેશીઓનો 'શ્વેત ચામડી'ના કોપથી બચાવ વગેરે એમનાં કામ સદા ચાલ્યા જ કરતાં. એની સાક્ષી-વ્યક્તિઓ હજી હયાત છે.

ડૉ. જયગોપાલ લખે છે: 'એમનું જીવન ગીતા-જીવન હતું. સુખ-દુઃખ, જીવન મૃત્યુ, લાભ હાનિ, હાર-જીત અને વખાણ-નિન્દા એને મન સરખાં હતાં. જતીન્દ્રનાથ જ્યારે બોલતા ત્યારે તેમના શબ્દો શ્રોતાઓનાં મગજ અને નસેનસમાં વિદ્યુતપ્રવાહ રેલાવતા અને કોઈ અકલ્પ્ય શક્તિને જાગૃત કરતા. તેમના સાન્નિધ્યમાં કશું ય અશક્ય ન લાગતું......એવી તો ઉન્નત અવસ્થામાં એ વિહરતા અને એવા તો એ શારીરિક, માનસિક અને આધ્યાત્મિક શક્તિસંપન્ન હતા, કે જીવન-ભર મેં એમનો જોટો જોયો નથી.'

ઈ. ૧૮૭૯ના ડિસેમ્બરમાં જેસોરના એક આદરણીય બ્રાહ્મણ કુટુંબ-માં એમનો જન્મ. પિતા ઉમેશચન્દ્ર મુખરજી પંડિત હતા અને એમનાં ચારિત્ર્યબળ તથા હિંમત સુજ્ઞાત હતાં. એમનાં માતા શરત્ શશી-દેવી



← આ ચરિત્રના મૂળ લેખક

શ્રી પૃથ્વીન્દ્ર મુખરજી, તે આ ચરિત્રનાયક જતીન્દ્રનાથ મુખરજીના પૌત્ર છે; એ સારા કવિ છે અને સારા સંગીતકાર પણ છે: પૌરસ્ત્ય અને પાશ્ચાત્ય બંને પ્રકારના સંગીતના. એ બંનેના તુલનાત્મક અભ્યાસ માટે એમને અમેરિકા તરફથી શિષ્યવૃત્તિ મળેલી હોઈ તેઓ ટૂંક વખતમાં ત્યાં જશે. બાળપણથી જ તે શ્રી અરવિન્દ આશ્રમ (પૉંડિચેરી)માં છે, ત્યાંના સાધક છે. આ વર્ષની ૯મી સપ્ટેમ્બરે શ્રી જતીન્દ્ર-નાથની ૫૦મી પુણ્યતિથિ ગઇ. એ પ્રસંગે 'મધર ઇંડિયા'ના ઑક્ટો૦નવે૦ડિસે૦ ૧૯૬૪ના અંકોમાં શ્રી પૃથ્વીન્દ્રે લખેલા લેખોના આ સારાનુવાદ દ્વારા આપણા એ મહાન પિતૃઓ પૈકીના એકને મારી શ્રદ્ધાં-જલિ અર્પું છું. સ્વાતંત્ર્યસંગ્રામના એ શહીદોનું આપણા સૌ પર ન ફેડી શકાય એટલું મોટું ઋણ છે. એમનાથી વધુ ગૌરવવાન થઇએ છીએ અને વધુ ઉજ્જ્વલ પરાક્રમો કરવા પ્રેરાઇએ છીએ. —પ્ર૦




૨૩ વર્ષની વયે ~ કલકત્તાના 'આઝાદ હિંદ બાગ'માં જતીનની પ્રતિમા

ઠીકઠીક સારાં કવયત્રી હતાં : આર્ય સ્ત્રીત્વ, ઉન્નત ભાવનાઓ અને દઢ નિશ્ચયના જીવન્ત આદર્શ સમાં એ હતાં.

બાળ જતીન્દ્રનાથનું શરીર બાંધવા માટે સરહદ પ્રાન્તના લશ્કરમાં રહી આવેલા ફિરાઝખાનને રોકયા હતા. અંગબળ સાથે જતીને ફિરાઝ-ના સ્વાતંત્ર્યપ્રેમી મિજાજનો અગ્નિતણખો પણ મેળવ્યો હતો.

અભ્યાસકાળમાં એક વાર કોઈ ભડકેલો ઘોડો કૃષ્ણનગરની શેરી-ઓમાં ગભરાટ ફેલાવતો ઘૂમતો હતો. જતીને હિંમતથી એને પકડીને પ્રેમપૂર્વક થાબડીને શાન્ત કર્યો, અને પછી તેના માલિકને સોંપી આવ્યા.

કલકત્તાની સેન્ટ્રલ કૉલેજમાં વિનયનના અભ્યાસ સમયે પ્લેગનું રાહતકાર્ય કરતાં કરતાં જતીનને ભગિની નિવેદિતાનો પરિચય થયો. નિવેદિતાને જતીન એવો તો ગમી ગયો કે એ જતીનને સ્વામી વિવેકા-નન્દ પાસે લઈ ગયાં. સ્વામીજીને આ સ્વપ્નસેવી અને છતાં અસા-ધારણ કર્મકૌશલ્યવાળા જતીન સાથે ઘણો ગાઢ સંબંધ બંધાયો. એ સંપર્કથી એનો દઢ નિશ્ચય બંધાયો કે ભારત રાજકીય સ્વાતંત્ર્ય નહિ મેળવે ત્યાં સુધી તેની આધ્યાત્મિક પુનઃજાગૃતિ સંભવિત નથી.

૧૮૯૯માં કૉલેરાના એક દરદીની સારવાર કરતાં કરતાં જતીનનાં મા દરદની પકડમાં આવી ગયાં અને એમાં જ એમણે દેહ છોડયો. પોતાનાં બાળકોમાં સદા પ્રેરેલ નિઃસ્વાર્થ સેવાનો આ ટોચપાઠ હતો.

ઈ. ૧૯૦૩માં શ્રી યોગેન્દ્ર વિદ્યાભૂષણને ત્યાં જતીન પહેલી જ વાર શ્રી અરવિન્દને મળ્યા અને ત્યારથી તે ૧૯૧૦માં શ્રી અરવિન્દ પોંડિ-ચેરી ગયા ત્યાં સુધી શ્રી અરવિન્દના એ ઘનિષ્ટ અને સમ્માન્ય મિત્ર રહ્યા. પછી તો બંગાળમાં રહ્યા ત્યાં સુધી શ્રી અરવિંદ એમને પોતાના જમણા હાથ તરીકે જ ઓળખાવ્યા કરતા.

સૌથી વિશેષ તો જતીન અંતરથી આધ્યાત્મિક વ્યક્તિ હતા, સાધક હતા. હરિદ્વારના મહાન સંત શ્રી ભોલાનન્દગિરિના એ દીક્ષિત શિષ્ય હતા. ભગવાન પ્રત્યેની એમની ભક્તિ ભારતમાતાની ભક્તિથી ભાગ્યે જ જુદી પડે તેવી હતી.

પરતંત્રતાનાં મર્મભેદી દુઃખ વિદારવા માટે ગીતા એ જતીનની પ્રેરણાની ગંગોતરી હતી. જુવાનોને ભેગા કરી એ ગીતાના વર્ગો લેતા.

જતીન સાથેના પ્રથમ મિલન પ્રસંગે જ શ્રી ચિત્તપ્રિયે પૂછયું : 'દાદા, માતૃભૂમિની સેવાથી ભગવાન મળી શકે કે?' જતીને નિશ્ચયાત્મક ગંભીર સ્વરે કહ્યુ : 'એમ ન હોય તો આ માર્ગે હું જાઉં જ નહિ.'

શ્રી અરવિંદને મળ્યા પૂર્વે પણ જતીને ગુપ્ત મંડળની સ્થાપના ને પરદેશી સત્તાને ઉખેડી નાખવા માટે સશસ્ત્ર ક્રાન્તિના ધર્મમાં દેશના જુવાનોને દીક્ષિત કરવાની પ્રવૃત્તિ શરૂ કરી દીધી હતી. સ્વામી વિવેકા-નન્દ ને શ્રી અરવિન્દ સાથેનો એમનો પરિચય એમનાં કાર્યની વિગત ઘડવામાં સહાયભૂત થયો હતો.

ઈ. ૧૯૦૮માં જ્યારે માણિકતોલાનું બૉમ્બનું કારખાનું સરકારે શોધી કાઢયું અને શ્રી અરવિંદ ઉપરાંત ઘણાખરા નેતાઓ અને ક્રાન્તિકારી-ઓને પકડી લીધા ત્યારે પણ જતીન તો એ સંચાલનને ચાલુ રાખવા માટે છટકી ગયા હતા. અંદરથી તો એ આવા ત્રાસવાદના વિરોધી હતા પણ અપરિહાર્ય સંયોગો (જેવાકે, ગુનેગાર ઠરાવાએલા ક્રાન્તિ-કારીઓની રક્ષા કરવા માટે નાણાં એકઠા કરવાં) માટે તેમને ધાડો પાડવાની પ્રવૃત્તિનો સ્વીકાર કરવો પડયો હતો. એમના મુખ્ય સેના-પતિઓમાં શ્રી એમ. એન. (માનવેન્દ્ર) રૉય પણ હતા.

છેવટે ૧૯૧૦ની ૨૭મી જાન્યુઆરીએ તે પકડાઈ ગયા. થાણામાં એમને ચાર દિવસ ભૂખ્યા રાખ્યા અને ક્રૂર અમાનુષી યાતનાઓ દીધી; પણ એમની પાસેથી કૈં કહેતાં કૈં પણ માહિતી ન મેળવી શકાઈ ત્યારે છેવટે પોલીસે એમની ચાલુ પદ્ધતિ અજમાવી—લાલચની. પુષ્કળ ધન, બંગલો, રાજશાહી ઠાઠમાઠ, ઊંચાં મદ્યો અને સુંદરીઓ! એ સાં-ભળતાં જ જતીને ગર્જના કરી: 'મૂંગા મરો!' અને ટેબલ પર એવા તો જોરથી મુઠ્ઠી પછાડી કે ટેબલ જમીન પર ફસડાઈ પડયું!

ડુંગ જેવડા લાંબા પંદર મહિનાની જેલની કારમી યાતનાઓ પછી ૧૯૧૧ના એપ્રિલમાં એમને છોડી મૂકવામાં આવ્યા: પોલીસ તેમને ગુનેગાર પૂરવાર કરવામાં નિષ્ફળ ગઈ હતી. ઊલટું, જતીનની લાલચો સ્વીકારવા માટે સરકારે આખી યે દસમી જાટ રેજિમેન્ટને એકદમ બરતરફ કરવી પડી!

ચન્દ્રનગરના શ્રી મોતીલાલ રૉય કહે છે કે શ્રી અરવિંદ પૉંડિચેરી જતી વેળા કહેતા ગએલા કે સૌ ક્રાન્તિકારકોએ જતીનને મદદ કરવી.

ગુપ્ત રીતે જતીનને બાતમી મળી હતી કે જો લડાઈ સળગશે તો જર્મની ભારતને બ્રિટિશ સત્તામાંથી મુક્ત થવા મદદ કરશે. બંગાળના ભાગલા થયા તે પહેલાં ઘણાં વર્ષોથી જર્મન નેતાઓએ ભારતનો સૂક્ષ્મ અભ્યાસ કર્યો હતો. બ્રિટિશ સત્તાની વિરુદ્ધ ભારતમાં સ્થપાએલાં ગુપ્ત મંડળો વિષે તેઓ બધું જાણતા હતા. ૧૯૧૩ના જૂનમાં બર્દવાન અને કોન્ટાઈની નદીઓમાં ભારે પૂર આવ્યાં ત્યારે રાહતકાર્ય માટે ક્રાન્તિકારીઓ ચોમેરથી ભેગા થઈ ગયા. ત્યારની એક ગુપ્ત સભામાં જતીને યુદ્ધ થાય તો એ તકનો લાભ લઇને બળવો કરવાની યોજના જણાવી. જતીનના ઝંડા નીચે બધાં મંડળો એકત્ર થયાં.

આ દરમિયાન પંજાબમાં પણ ક્રાંતિની જ્વાળા પ્રસરી. શ્રી અર-વિન્દના ક્રાંતિકારક આદર્શોને પંજાબી જે. એન. બૅનરજીએ (સ્વામી નિરાલંબે) આ અગાઉ ત્યાં ફેલાવ્યા જ હતા. સરદાર અજિતસિંહ, કિશનસિંહ(શહીદ ભગતસિંહના પિતા)વગેરેએ એ ચળવળમાં ઉત્સાહ-થી ઝંપલાવેલું ને ૧૯૧૧માં લાલા હરદયાળે એનાં અગ્નિબીજ ભાઈ પરમાનંદ, ડૉ. તારકનાથ દાસ વગેરેની મદદથી વાવ્યાં. ટૂંક સમયમાં જ ત્યાં બળવાન ગદર પક્ષ અસ્તિત્વમાં આવ્યો.

બીજી બાજુ આ જ સમયે બિરેન ચટ્ટોપાધ્યાય (સરોજિની નાયડુના ભાઇ), વિનાયક સાવરકર, મદનલાલ ઢીંગરા, શ્યામજી કૃષ્ણવર્મા, માદામ કામા આદિએ પણ લંડન, બર્લિન, ઝુરિચ વગેરેમાં જોરથી ચળવળ ઉપાડી. લાલા હરદયાળને તો જર્મનોએ બધી મદદ કરવાનાં વચનો આપ્યાં. કૈઝર અને તેના પાટવી કુમારે ભારતીઓ સાથે સંબંધો બાંધ્યા.

માણિકતલાનાં વર્ષો દરમિયાન રાસબિહારી ઘોષ પણ જતીનના સંબંધમાં આવેલા. રાસબિહારી પરની જતીનની અસર તો સ્પષ્ટ

દેખાય છે. ડૅા. જદુગોપાલ પોતાની આત્મકથામાં લખે છે: 'દક્ષિણેશ્વરની વાડીમાં જતીન, રાસબિહારી અને અમરેન્દ્ર ચૅટરજી વાતચીત કરતા હતા એમાં એકાએક જતીને રાસબિહારીની આંખમાં આંખ પરોવીને પૂછ્યું: ફૉર્ટ વિલિયમને કબજે કરવાનો છે; બનશે? મંત્રમુગ્ધની જેમ રાસબિહારીએ ઉત્તર આપ્યો: હા; હું જરૂર કરીશ!'

આ સમયે જતીનના એક મદદગાર સત્યેન સેન અમેરિકાથી વળતાં જાપાન થઇને આવ્યા હતા અને ચીનના ડૅા. સુન-યાટ-સેનને મળતા આવ્યા હતા, જેમણે ભારતની આઝાદી માટે મદદ કરવાનાં વચનો પણ આપ્યાં હતાં. વધુ ધન અને શસ્ત્રો મેળવવા રાસબિહારી ઘોષ ૧૯૧૫ના મેમાં જાપાન ગયા. યુરોપ અને એશિયાના બધા જર્મન એલચીઓ અને રાજપુરુષોને પણ જર્મન સરકાર તરફથી ભારતીય ક્રાંતિકારીઓને શકય તેટલી વધુ મદદ કરવાનું કહેવામાં આવ્યું હતું.

૧૯૧૫ની શરૂઆતમાં બ્રિટિશ સરકારે જતીનના ફોટા છપાવીને તેના માથા માટે ભારે ઇનામ જાહેર કર્યું. ત્યારે જતીન એમના સાથીઓ સાથે ગુપ્તવેશે કાપટીપોડામાં રહેલા. આજુબાજુનાં ગામડાંમાં એ 'સાધુબાબા' તરીકે પ્રેમપાત્ર થઈ ગએલા. 'સાધુબાબા' લોકોનાં સુખ-દુ:ખમાં ભાગીદાર બનતા. એ થોડું થોડું ઍલોપથી અને હોમિયોપથી પણ જાણતા. એમણે એ વખતે ઘણા ગંભીર દરદીઓની દવા પણ કરેલી. ઉપરાંત, દરરોજ રાત્રે પ્રૌઢ-શિક્ષણ વર્ગ પણ ચલાવતા.

૧૯૧૫ના જૂનમાં એમ. એન. રૉય વિદેશોમાંથી પાછા આવ્યા અને જર્મન સરકારની ભારત પ્રત્યેની મૈત્રીના પ્રતીક તરીકે સોનામહોરોનો મોટો ઢગલો જતીનના ચરણે ધરી દીધો. શસ્ત્રથી ભરેલાં જર્મન વહાણો ભારત માટે આવવા રવાના થઈ ગયાના સમાચાર પણ આપ્યા. આ વહાણો છેવટે રસ્તામાં જ પકડાઈ ગયાં. પણ જતીને આથી નાહિંમત ન થતાં પૂર જોશથી પોતાનું કામ ચાલુ રાખ્યું.

ઉછાળાભર્યા આ દિવસો દરમિયાન એક વાર જતીનને એક દિવ્ય દર્શન થયું. સૂર્ય અસ્ત થતો હતો. કાપટીપોડાનાં જંગલો કોઈ સઘન પ્રશાન્તિમાં ડૂબ્યાં હતાં. ત્યારે જતીનને મળવા આવેલા કાપટીપોડાના મણીન્દ્ર ચક્રવર્તીએ એમને અશ્રુભરપૂર આંખે અંતર્મુખ અવસ્થામાં બેઠેલા જોયા! એમણે જતીનની આ અવસ્થાનું આત્માને હલાવી નાખે તેવું વર્ણન આપ્યું છે. 'મને જોતાં જ જતીન્દ્રનાથે મારો હાથ દબાવ્યો અને બોલી ઊઠયા: 'જુઓ, જુઓ, ત્યાં જુઓ!' જતીનના આ સ્પર્શે મને રોમાંચ થઈ ગયો, મારા અંગેઅંગમાં વિદ્યુતપ્રવાહ ફરી વળ્યો; પણ મારી આંખે મને કશું ન દેખાયું. જોઈ શકું એવાં જતીનનાં ચક્ષુ મને તે ક્યાંથી મળે? મારી એવી પાત્રતા ક્યાંથી હોય? પણ હા, જતીનને તીવ્ર આનન્દસમાધિમાં એકધ્યાન થઈ ગએલા જોતાં પણ હું રોમાંચિત થઈ ગયો હતો! એમને માથે તો કેટલી બધી ચિન્તા હતી! કેટલા કેટલા પ્રશ્નો વિચારવાના હતા! પણ, એ સમયે તો એ બધું જ ભૂલી ગયા હતા! સમાધિમાં એ સ્થિર જ બેસી રહ્યા હતા. અમે બંને લગોલગ બેઠા રહ્યા—જાણે કોઈ બીજી જ દુનિયામાં—છેક અંધારું થઈ ગયું ત્યાં સુધી.' અતુલ ઘોષના શબ્દોમાં તો 'જતીનનો દેશપ્રેમ અને સેનાને દોરવાની એમની શક્તિ શિવાજી જેવાં હતાં ને એમના હૃદયની કોમળતા શ્રી ચૈતન્ય મહાપ્રભુ જેવી હતી: એ બંને ભેળા થાય એટલે જતીન્દ્રનાથ થાય.'

છેવટે પોલીસને જતીનની ભાળ મળી ગઈ. તેના શિષ્યો ચિત્તપ્રિય અને મનોરંજને જતીનને નાસી છૂટવા ઘણા વીનવ્યા: 'દાદા, અમારી ચિન્તા ન કરો. તમે જો જીવતા હશો તો બધું જ થશે.' પણ, જતીને જવાબ આપ્યો: 'મને એમ હતું કે હવે તો તમે તમારા દાદાને પૂરા ઓળખી લીધા હશે: એની સાબીતી આ છે? ભયમાંથી પોતે એકલા છટકી જવું, એવો માર્ગ નેતાઓ કદી લે ખરા કે?' અને જુવાન વીરો ચિત્તપ્રિય, નિરેન, મનોરંજન અને જ્યોતિષ વીર જતીનની સાથે જ ચાલ્યા. મણીન્દ્રે પણ એમને નાસી જવાનું કહ્યું ત્યારે જતીને દઢ સ્વરે કહ્યું: 'આ સમય નાસી જવાનો નથી, આપણી નાની જિન્દગી બચાવવાનો નથી. આ પળ તો સામી છાતીએ ખડા રહેવાની છે.'

છેવટે પોલીસો ઘેરી વળ્યા અને સામસામી ગોળીઓની રમઝટ ચાલી. ચિત્તપ્રિયના માથા સોંસરી ગોળી વીંધી ગઈ. જતીને ચિત્તપ્રિયને પોતાના ખોળામાં લઈ બંદૂક ચાલુ રાખી. ચારે વીર મરણિયા થઇને લડયા. જતીનને પેટમાં અને પડખાંમાં ઉપરાઉપરી ગોળીઓ વાગી અને ગરમ લોહીના ધોધ છૂટયા. મનોરંજન વગેરે પણ ઘવાયા છતાં એમણે ગુરુ જતીનના ઘાવ પર પોતાનાં ધોતિયાં ફાડીને મજબૂત પાટા બાંધ્યા. એમની સામે જોઈ ને જતીન બોલ્યા કે 'તમને ત્રણને હું મારી પાછળ મૂકતો જાઉં છું. તમારું મૃત્યુ થાય તે પહેલાં તમે આપણા દેશવાસીઓને કહેજો કે આપણે કદી પણ ધાડપાડુઓ ન હતા. આપણા અપૂર્ણ જીવનકાર્યની મશાલ ભવિષ્યની પ્રજાને જ્વલંત રાખવાનું એમને કહેજો.' દરમિયાનમાં તો બ્રિટિશ અફસરો અને સૈનિકો લગોલગ આવી ગયા. સૌએ માથેથી હૅટ ઉતારી વીર જતીન્દ્રનાથને માનપૂર્વક સલામી આપી. જતીને મૃત્યુ પૂર્વે જાહેર કર્યું કે 'જે બધું થયું છે તે માટે માત્ર હું જ જવાબદાર છું. મારા આ સાથીઓ તો સાવ છોકરાઓ છે; સાવ જ નિર્દોષ છે. એ બધા તો મારા કેવળ હથિયાર હતા: એ સૌ છૂટી જાય તેવું કરજો.'

જતીનનાં મોટાં બેન વિનોદબાલાએ એક વાર લખેલું કે 'જતીન, જોજે હો! સિંહને પીંજરે પડેલો અમે કદી ન સાંભળીએ. અને જતીને એમ જ કર્યું. ૧૯૧૫ની ૧૦મી સપ્ટેમ્બરે જતીને પોતાના ઘાવ પરના કાચા ટાંકા તોડી નાખ્યા અને લોહી ધખધખ વહેવા લાગ્યું. જતીન સ્મિત કરીને બોલ્યા: 'હજી આટલું બધું લોહી મારામાં રહ્યું છે? સારું છે કે ભારતમાતાની સેવામાં આ લોહીનું એકેએક બુંદ વપરાશે.'

છેલ્લી વખતે ચાર્લ્સ ટૅગાર્ટે જતીનને પૂછ્યું: 'જતીન, તમારા માટે હું કૈં કરી શકું?' જતીને ઉજ્જવલ મુખે જવાબ આપ્યો: 'આભાર, ચાર્લ્સ; બધું પતી ગયું: હવે વિદાય.' અને એમણે વિદાય લીધી.

આવો દેશપ્રેમ, દેશ માટે આવો મહાન ભોગ બ્રિટિશ અફસરોને એવી તો ઊંડી અસર કરી ગયો કે અશ્રુભરી આંખે તેઓ જતીનની પથારીની આજુબાજુ ઊભા રહી ગયા. સર ચાર્લ્સ ટૅગાર્ટે પછી કહેલું કે 'મને એમના માટે ઘણો ઊંચો ભાવ છે. મારું એ મિલન સર્વશ્રેષ્ઠ વીર હિન્દી સાથેનું હતું: પણ મારે મારી ફરજ અદા કરવાની હતી.'

તેજસ્વી કારકિર્દીથી ભરીભરી પાંત્રીસ વર્ષની વયે જતીનના ઊજળા મૃત્યુએ સૌ સ્વાતંત્ર્યપ્રેમીઓની આંખમાંથી આંસુ વહ્યાં. ભારતની મુક્તિ અને કીર્તિના આ અજેય પુરસ્કર્તાની સ્મૃતિના દેશવ્યાપી મૂંગા અર્ધ્યમાં દેશબન્ધુ ચિત્તરંજનદાસ અને રવીન્દ્રનાથ ટાગોર જોડાયા (રવીન્દ્રનાથને તો જતીન સાથે અંગત સંબંધ હતો); કવિઓએ દશકાઓ સુધી જતીન્દ્રનાથનાં પરાક્રમો ગાયાં; પ્રેરણાવાન દેશભક્તો પંજાબના ભગતસિંગ, ચિતાગૉંગના સૂર્યસેન અને નેતાજી સુભાષચન્દ્ર બોઝ જતીનને પગલે પગલે ચાલ્યા અને બળવાની મશાલને લઈ આવ્યા છેક ભારતની સ્વતંત્રતાના દ્વારમાં.

ગુજરાતની સાગરખેડુ કોમના ખડતલ જીવનની એક કથા

એક મોસમ-એક ખેપ

નાનાલાલ વસા

માઈલો સુધી સુંદર રૂપેરી રેતીથી શોભતો કિનારો વિસ્તરેલો છે. કચ્છના અખાતનાં સાધારણ તોફાની મોજાં ઘૂઘવે છે. ઘૂંટણભર પાણીમાં ઊભાઊભા અમે 'સી ગલ્સ'ના ફોટો લેવા મથીએ છીએ. મારો સાથી હાથમાં મીઠી બુંદીનું પડીકું રાખી આ પરદેશી પંખીઓને લલચાવે છે. સી ગલ છેક નજીકથી આવીને આ પરોણાગત માણે છે. દૂર પાણીમાં ઊભાં રહેલાં ફ્લેમિંગોને કૅમેરા કે મીઠાઈમાં રસ નથી. અતડા રહેવાનો એમનો પરદેશી સ્વભાવ ગયો નથી.

'બધી મહેનત પાણીમાં ગઈ!' મારો દોસ્ત બોલે છે. એનું બુંદીનું પડીકું દરિયામાં પડે છે અને સી ગલ્સનું ટોળું ઉજાણી કરી લે છે. હું હસું છું અને કહું છું કે 'આપણે પાણીમાં તો છીએ જ!'

બૈરાંનું એક ટોળું સમુદ્રપૂજન કરવા આવે છે હું રૉલીફ્લેક્સનું વ્યૂ ફાઈન્ડર બંધ કરું છું. આ વિસ્તારમાં એમ સ્ત્રીઓ સામે વ્યૂ ફાઈન્ડર માંડી શકાતું નથી.

નારિયેળ વધેરવામાં આવે છે અને 'શેષ' દરિયાને ચડાવાય છે. મારું ધ્યાન એક આધેડ વયની ખારવા બાઈ તરફ જાય છે. એણે ઘરેણાંનો ભારે ઠઠારો કર્યો છે. ડોકે, હાથે, પગે સૂંડલો ભરીને સોનું છે.

મને વિચારમાં જોઇને મારો સાથી કહે છે: 'એ તો હરજીની વહુ'.

'હરજી?' હું પૂછું છું.

'હા, રંગૂનવાળો. કાલે સાંજે હાલજે, એને મળીશું. એના પરાક્રમની વાત એને મોંએ જ સાંભળજે. તને તો એવામાં બહુ રસ છે ને?'

બીજે દિવસે અમે પહોંચ્યા 'ખારવા પચારા'માં. બાજુમાં ગઢની ઊંચી રાંગ હતી. સામે દીવાદાંડીના કાચ પર આથમણો સોનેરી તડકો પડતો હતો. છોકરાં કોડીએ રમતાં હતાં. બાઇઓ પાણીની હેલ ભરીને આવતી હતી. બપોરે વાવડ પહોંચી ગયા હશે, એટલે હરજી વાટ જોતો બેઠો હતો. હરજી નામ સાંભળીને મને લાગેલું, કોઇ જુવાનની વાત હશે; પણ આ તો પચાસ ઉપર પહોંચી ગએલો વૃદ્ધ હતો. ચહેરા પર, સફેદ વાળ પર તથા પહેલવાન જેવા પહોળા ઊંચા શરીર પર અનુભવો અને આફતોની ઘણી માર પડી હોય એમ દેખાતું હતું. આંખની કીકી બાદ કરતાં બધું જ લાલ હતું. જરા સૂકાએલી હથેળી તો કોઈ ગેંડાના ચામડા જેવી હતી.

'અયો, ભા, અયો!' અને 'મુંબાઈથી ક્યારે આવ્યા' વગેરે ઔપચારિક વાતો બાદ, થોડા હુંકારા અને થોડા સવાલોથી મેળવેલી આ રહી એની કથની:

ઈ. ૧૯૪૨ની સાલ. મહાયુદ્ધ તેની પૂરી ગંભીરતાએ પહોંચ્યું હતું. છતાં કચ્છના માંડવી બંદરનાં તો ચારસો વહાણ હિંદી મહાસાગરની પીઠ પર વેપાર કરતાં. ન તો આ ખલાસીઓ છાપાં વાંચતા, કે ન તો એમની પાસે રેડિયો હતો. જૂનું હોકાયંત્ર, સીવેલા શઢો, થોડા નકશા અને દરિયાવાટની જન્મસિદ્ધ પરંપરાનું જ્ઞાન, આટલાં સાધનોથી તેઓ નાનપણથી દરિયો ખેડતા. લડાઈમાં નફાનું પ્રમાણ પણ વધ્યું હતું. શેઠિયાઓ નરમ અને ગરજુ બન્યા હતા. એકેએક ખેપમાં પૂરતો માલ મળી રહેતો, એટલે છેલ્લી બેત્રણ મોસમ તો સારી ગઈ હોય એમ લાગતું. ખારવા તથા ભડાલાની આખી યે નાત જાણે કે દરિયાલાલનો પોકાર સાંભળીને વહાણે ચડી હતી. બાર વરસથી મોટી ઉંમરના બહુ ઓછા ખલાસી મોસમમાં ઘેર રહ્યા હશે. આ ખલાસીઓની અદ્‌ભુત સાહસિકતાને કારણે ચાર સદીથી કચ્છ-સૌરાષ્ટ્ર-ગુજરાતના હજારો-લાખો લોકોએ આફ્રિકા અને પશ્ચિમ એશિયામાં, સીંગાપુર અને બર્મામાં વસવાટ કર્યો હતો. વહાણની એકેએક ખેપમાં, કોઈ ને કોઈ, નસીબનું ભાથું લઇને નીકળ્યું હતું, અને હિંદી મહાસાગરના સીમાડે-સીમાડા માપી લેવાયા હતા. પેઢીઓથી આ પ્રથા ચાલુ હતી. માંડવી શહેરમાં ભાટિયા, લુહાણા, વાણિયા, સોની, ખોજા, વોરા વગેરે કોમોમાં ભાગ્યે જ એવું કુટુંબ હશે, જેનું એકાદ સગું દરિયાપાર વસતું ન હોય.

આવાં ચારસોએક વહાણોમાંના એક જહાજ 'દરિયા દોલત'નો માલમ હરજી હતો. હરજીનું ગમે તે શબ્દોમાં વર્ણન કરીએ, કે ગુજરાતની ઊજળી દરિયાઈ પરંપરાના ગમે તેટલા નિબંધો લખીએ તો પણ આજની પિકનિક પરસ્ત જનતાને એ દસવીસ ખાંડીનાં, યંત્ર વિનાનાં વહાણો વડે જંગબારથી બોર્નિઓ સુધીનો વિશાળ મહાસાગર ખૂંદી વળતી જવાંમર્દીનો ખયાલ કદી પણ નહિ આવે. હરજીની સાથે એવા જ અનુભવી અને ખડતલ સાથીઓ હતા. માંડવીના એક જોષીએ ભાખ્યું હતું કે આ મોસમની ખેપ એને લાભદાયી નીવડવાની. માંડવીથી માર્માગોવા, કોચીન, માલદ્વીવ અને રંગૂન એમ તેને ગોસ કરવાનો હતો. રંગૂનથી તો ઇમારતી લાકડાં ભરીને સીધાં જ માંડવી ઉતારવાનાં હતાં. જરૂરી તૈયારી કરીને હરજી ઊપડ્યો. વાવડો એકદમ સારો હતો, અને કાબેલ ખલાસીઓને તો 'આવે સમે ટાણે' કોઈ ચિંતા હોય જ શાની? રાત પડે ત્યારે કેરોસીનના ફાનસને અજવાળે મેહફિલો જામતી, કવાલીઓ ગવાતી અને અલકમલકની વાતો થતી.

કોચીન સુધી તો કંઈ જ જાણવા જેવું ન બન્યું, પણ હિંદી મહાસાગરના માલદ્વીવ ટાપુઓમાં હરજીને આફત આવી. ત્યાં નાની એવી વાતમાં સુલતાનના એક સગા સાથે ખલાસીઓ આથડી પડ્યા. કચ્છીઓથી જોહુકમી સહન ન થઈ, અને હરજી, મીઠુ વગેરેએ મળીને સામાવાળા પાંચ-છ જણને પીટ્યા. 'કાલે તમારી વાત છે, બધાને બંદૂકે દેવડાવું' એવી ધમકી આપીને ખાનસાહેબી રસાલાને ભાગવું પડ્યું.

હરજીના વહાણમાં એના શેઠનો દોઢેક લાખ રૂપિયાનો માલ હતો અને બીજાં અગત્યનાં સંપેતરાં હતાં. પારકા મુલકમાં રાજ સાથે વધુ કજિયો પોસાય એમ ન હતું.

રાતોરાત હરજીએ શઢ ખેંચાવ્યા અને ટાપુઓના સમૂહમાંથી બહાર નીકળીને ઊગમણી વાટ પકડી; અને પછી દખણાદો મોરો ફેરવ્યો. જોતજોતાંમાં 'દરિયા દોલત' સીલોન પાસેથી ફંટાઇને બંગાળના ઉપસાગરનાં તોફાની મોજાં પર લહેરાવા લાગ્યું. બરાબર બાવીસમે દિવસે, હરજીએ 'એરાવતીમાં ઠકા કર્યો.'

પણ ત્યાં રંગૂનમાં તો ભારે ધમાચકડી મચી હતી. જાપાની આક્રમણની અફવા આખો દિવસ ચાલુ હતી. ચીજવસ્તુની મોટી અછત હતી. ચોખાનો ભાવ તો આસમાને ગએલો. એટલે 'દરિયા દોલત' વરધી પ્રમાણે ભંડકિયાં ચિક્કાર ભરી શકે એમ નહોતું.

ખારવાઓ પોતાના 'ભાઈયું'ને મળ્યા, હર્યાફર્યા, પણ રંગૂનની રોનક પર યુદ્ધના ઓછાયા હતા. રાત્રે સંપૂર્ણ બ્લૅક આઉટ હતો. બીડી

સળગાવવા દીવાસળી પેટાવે તો યે સંત્રીઓ આલમેલ પોકારતા.

અને શુક્રવારની એક સાંજે ખારવા વહાણમાં આવી ગયા હતા. સૂરજ તો છેક ચાર વાગ્યે આથમી ગયો હતો. પત્તાં ટીચાતાં હતાં અને નદી ઉપર શાંતિ હતી. ત્યારે—

ભયની કાળચીસ પાડતી સાઈરન વાગવા લાગી. આકાશમાં સર્ચ-લાઇટોના શેરા દેખાવા લાગ્યા. થોડી વારમાં તો સથા પરથી ઝાંખા ભડકા પણ દેખાવા માંડયા. પા કલાક બાદ બાજુની મનવારનો જ મોટો કડાકો બોલ્યો! મનવાર ફાટી પડી અને નદીને તળિયે જઇ બેઠી. વિમાન-વિરોધી તોપો તથા મશિનગનોની ધણધણાટી અંધારાને ભેદી રહી. બૉમ્બ ફૂટતા ત્યારે ઝબાકો થતો; બાકી સર્વત્ર ઘોર અંધારું. એમાં સર્ચલાઈટના શેરાથી તો આંખો ઊલટી ઝંખવાતી.

બીજા વિશ્વયુદ્ધને સથા પરથી નજરે જોતા હરજીએ મીઠુને કહ્યુ: 'આ મુણુસ મુણુસની લડાઈ નથી. સામે અચી વિને તો ખબર પય.' (આ મર્દ-મર્દની લડાઇ નથી. સામી છાતીએ આવી જાય તો ખબર પડે.)

અંધારામાં થતા બૉમ્બમારાથી હરજીના જ્ઞાનતંતુ સતેજ બન્યા. એ કશુંક વિચારી રહ્યો. એને થયું કે હવે તો રંગૂન ભડકે બળશે. ધંધા-ધાપાની કોઇ આશા નથી. હાલો થઇએ ઘરભેગા; પણ ખાલી હાથે નહિ. પળમાં કંઇક નિર્ણય કરી લીધો.

'દરિયા દોલત'ની બાજુમાં મલાયાનું એક મોટું વહાણ લાંગરેલું હતું. પિનાંગથી ચોખા લેવા આવ્યું હતું. એનું કામ પતી ગયું હતું, એટલે વહેલી સવારે હંકારી જવાનું હતું. છેલ્લો દિવસ હોવાથી એનો ખલાસી વર્ગ શહેરમાં સિનેમા જોવા અને પીવા-માણવા ગયો હતો. માત્ર બે માણસો વહાણ પર હોકલી ફૂંકતા ચોકી કરતા હતા. હરજીએ પોતાના બેલીડાઓને સાદ કર્યો અને લંગર ઉપાડવાનો હુકમ આપ્યો. 'હોબ્બેશ!', 'ધામણ ચિક્કાર!'ના અવાજોથી બધા કચ્છીઓ સઢ ખેંચવાના કામે લાગી ગયા. સાથીઓને યોજના સમજાવવામાં આવી. મીઠુને સુકાન સોંપીને હરજી તથા ત્રણ ચુનંદા જુવાનો માથે રૂમાલ બાંધી, દાંતમાં મોટાં ચપ્પુ લઈ દરિયામાં કૂદી પડયા અને મલાયી વહાણનો રસ્સો પકડી ઉપર ચડી ગયા. આબાદ લૂંટારુ જેવા લાગતા આ લોકોનાં વિકરાળ રૂપથી કાચાપોચા તો હેબતાઈ જ જાય. સામનો થાય એ પહેલાં જ ચારે જણા બે ચોકીદારો પર તૂટી પડયા, અને મોંમાં ડૂચા મારી, મુશ્કેટાટ બાંધીને ટીંગાટોળી કરીને એમને ઈરાવતીનાં પાણીમાં પધરાવી દીધા!

પછી થોડા વધુ સાથીઓને બોલાવી વહાણને બરાબર સંભાળી લીધું. લંગર ઉપાડયું અને ચોખાથી ભરેલું આખું ય મલાયી જહાજ, કચ્છી 'દરિયા દોલત'ની પૂંઠે હંકારાવા લાગ્યું. હજી 'ક્લિપર'ની સાઇરનો વાગી નહોતી. જાપાની વિમાનોના ચકરાવા ચાલુ હતા. તૂતક પર 'ગાભા...કાતરિયા...હોબ્બેશ...'ની બૂમો પાડતો હરજી આંખ પર હથેળીનું નેજવું કરીને ઊભો હતો. એની ગણતરી હતી કે બૉમ્બમારાની ધમાલમાં કોઇ વધુ પંચાત નહિ કરે; અને ત્યાં સુધીમાં તો ક્યાંયના ક્યાંય નીકળી જવાશે.

અને આમ લગભગ બે હજાર માઇલથી પણ લાંબી વળતી ખેપ શરૂ થઇ. રસ્તે આવતાં નાનાં તોફાનો કે સલામી ઝીલીને પસાર થતી ક્રૂઝરોમાં હરજીનું ધ્યાન નહોતું. બસો વરસ પહેલાં અરબ ચાંચિયાઓ સામે તેના વડવાઓએ ખેલેલાં ધીંગાણાંની સાંભળેલી વાતો પણ તેને અત્યારે યાદ આવતી નહોતી. અત્યારે તો તેનું મન લડવૈયામાંથી વેપારી બની ગયું હતું. સાવ પારકું વહાણ; સતમી વગેરે દસ્તાવેજો પારકા; ચારપાંચ લાખનો મોંઘો દાણો; એનો નિકાલ કેમ કરવો એ જ એની ચિંતા હતી. શેઠિયાને બતાવે તો તો પોતાના હાથમાં ખાલી ફોચલું જ આવે. આ એની વિચારધારા હતી.

એને માલદીવ યાદ આવ્યું. એના શેખો ચોખાના ભારે ગરજુ હતા. મોંમાગ્યાં દામ મળે અને વળી કિંમત સોનામાં ચૂકવે. અને કિસ્મત જો ત્યાં યારી ન આપે તો પછી કાઠિયાવાડના કાંઠે એકાદ દેશી રજવાડામાં રાતોરાત માલ ઉતારી લેવો એવી એની ગણતરી હતી.

બંને વહાણ આથમણે હંકારે છે. બંનેના ખલાસીઓ સાથે મળીને સાચવીસાચવીને ખાય છે અને માપબંધીથી પાણી પીએ છે. (ઊપડતી વખતે ભંડાર ભરી લેવાનો સમય ક્યાં હતો?) બધાયને પગે થોડા સોજા ચડયા છે, જીભ ફાટી ગઈ છે અને ઉપર ધોળી છારી વળી છે. થોડી લીલોતરી મળે તો બચી જવાય એમ લાગે છે પણ બધાયના મનમાં પરાક્રમનો હરખ સમાતો નથી. તેઓ વિચારે છે કે દરેક મોસમમાં એક બે ખેપ કરવી, નિશાળના છોકરાઓની જેમ આવવું ને જવું એમાં શી મજા? ખરી મોસમ ને ખરી ખેપ તો આને કહેવાય.

આખરે માલદીવના ટાપુ નજરાયા. હરજી થોડા માઇલ આઘે વહાણમાં રહ્યો અને હોડીમાં બે પાકા ભેરુને મંત્રણા કરવા મોકલ્યા. ત્યાં થએલી વિષ્ટિની વિગતો સાથે આપણને કામ નથી; પણ ટૂંકામાં વાત એટલી કે વેર માંડી વળાયું, વહાણ સહિત ચોખાનો સોદો થયો અને લગભગ પાંચ લાખ રૂપિયા મળ્યા. બધું ભરણું સોના-ચાંદીના સિક્કામાં થયું. હરજીએ બેત્રણ દિવસ રોકાઈ, સીધુંસામાન ભરીને લંગર ઉપાડયું અને સીધી કચ્છના અખાતની વાટ પકડી.

વાવડો અનુકૂળ છે અને બધાનાં મન ભરેલાં છે. માંડવીને માત્ર બે દિવસનું છેટું છે. પોતાનાં કુટુંબીઓને કેટલાં રાજી કરી દેવાશે એનાં સ્વાભાવિક સપનાં શરૂ થયાં છે. હરજીના હરખનો તો પાર નથી. સુકાન પાસે ઊભોઊભો દેશી બીડીનો ટેસ લીધા કરે છે, આંખો દૂર ઈશાની ક્ષિતિજ પર મંડાઈ છે: જાણે સોને મઢેલી હસતી રૂપીને જોતો હોય! 'કાંઠે કોણ આવશે? રૂપી રોજ સવારે દરિયો પૂજવા આવતી હશે, ઘરે લઇ જઈને છાંટવા માટે ટબૂડીમાં પાણી ભરતી હશે. શું હશે એના હૈયામાં...'

ત્યાં તો ખૂવા પર ચડેલા છોકરાએ રાડ દીધી: 'હો ઓ ઓ ઓ...' છેટે કંઈક લાકડું તણાતું હોય એમ લાગ્યું. લાકડાને મડાગાંઠ વાળીને એક માણસ તરતો હતો. હોડકું ઉતારવાની કોશિશ કરી, પણ તોફાની દરિયામાં તેમ બની ન શક્યું. મોજાંનો માર સખત હતો. વહાણનો મોરો ફેરવી નજીક ઢુકાવ્યું; શઢ ઉતારી લેવામાં આવ્યા; દોરડાં ફેંકાયાં; અને બે કલાકની જહેમત પછી એ માણસને ઉપર લાવવામાં આવ્યો. એને જોતાં જ હરજી બોલી ઊઠયો: 'કેર મામધ? (કોણ મામદ?)'

એણે જવાબ દીધો: 'ભો, આંઉં મામધ. તું કેર હરજી અંઇએ? (હા હું મામદ; તું કોણ, હરજી?)'

'મામધ, તું તો મસ્કત હતો ને?' સારસંભાળ લીધા પછી સાંજે વાળુ ટાણે મામદની વાત બેલીઓએ સાંભળી.

મામદ સલાયાનો ભડાલો. સલાયા એટલે માંડવીની રુકમાવતી નદીને સામે કાંઠે આવેલું પરું. એમાં રહે માત્ર ખલાસીઓ જ. બન્નીની સમા જાતિની ઓરત સાથે મામદનો નિકાહ થએલો. એ ઓરત કચ્છમાં હજાર સાલ પહેલાં આવેલા સીરિયન લોકોની ઓલાદ હતી. ખૂબ જ પાણીદાર. પણ નસીબનું કરવું તે, મામદને એક ખેપ વેળા સાત સાલ પહેલાં, દુબઇમાં કોઈ અરબ બાઈ સાથે મહોબ્બત થઈ ને તે મસ્કતમાં જ રહી ગયો. ઘેર છ વરસનો છોકરો અને ઓરત વાટ

જોતાં રહ્યાં. તેમણે કાગળો લખ્યા, અને મોસમેમોસમે, ખેપેખેપે તેડાં મોકલ્યાં, પણ ચડતા લોહીની હાકલમાં આ હાક સંભળાઈ નહિ.

સાત વરસનાં વહાણાં વાયાં. સૌ ઓરતને કહેતા: 'ભેણુ, મુજી મા, હાણે હીન જો સોસ છડી ડે (બહેન, મારી મા, હવે એનો શોષ છોડી દે).' પણ બાઈ જવાબ વાળતી: 'ધરિયા પીર જા સોં ખાઇને વિયો આય. જલધી અચેજો વાયદો કયો આ. ઈ સોસ કિં છડાજે? (દરિયાપીરના કસમ ખાઇને ગયો છે, જલદી આવવાનો વાયદો કર્યો છે, એમ શોષ કેમ છોડાય?' બાઇએ ન તો પેલી અરબ ઓરતને ગાળો દીધી કે ન મામદનો વાંક કાઢ્યો. બધાને અલ્લામિયાં સુખી રાખે એવી દુવા ગુજારતી રહી અને દરેક બીજની સાંજે કંઠાર પર આવીને આથમણી મીટ માંડતી રહી.

પણ એક વખત—એટલે કે આ દિવસથી એક પખવાડિયા પહેલાં માલમ આદુનું વહાણ 'સાગર પસા' માંડવીથી મસ્કત જતું હતું. મામદનો હવે તેર વરસનો થએલો છોકરો 'સાગર પસા' પર ચડ્યો. 'બાપને લઇને આવીશ' એવી હામ આપીને નીકળ્યો હતો. રોજ રાતે અંધારામાં નીકળતાં માનાં ડૂસકાં એનાથી સહન થતાં નહોતાં.

પરંતુ 'સાગરપસા'એ સારા શકન નહોતા જોયા. મસ્કતના દીવા દેખાણા, અને વાવરો કે મારું કામ! મોટા લોઢ ઊછળે! જાણે આખા ય દરિયાનું કોઈ વલોણું ફેરવતું હતું! અનેક તોફાન જોઈને જેને પળિયાં આવ્યાં છે, એ આદુને પણ થયું કે હવે સૌને જુહાર કરી લઈએ. કાંઠો તો નજર સામે હતો, પણ વહાણનું સુકાન તૂટી ગયું હતું. એનો માલ વામી દેવામાં આવ્યો હતો, અને કૂવાથંભથી સમતુલા જોખમાતી હતી એટલે કુહાડાથી તેને તોડી નાખવાનો હુકમ અપાઈ ગયો હતો.

આદુ બોલ્યો: 'બેલીડા, હું તરતો જાઉં છું અને કાંઠેથી લૅાચ-બૅાચની મદદ લઈ આવું છું. ખુદા ખેર રખે.' આટલું કહીને એ તો કૂદી પડ્યો ઊછળતા સાગરમાં. ખાડી ઓળંગીને રાત સુધીમાં કાંઠે પહોંચી ગયો. 'સાગર પસા'માં રહ્યા છ બેલીડા અને સાતમો ઓલ્યો ખાસ મિશન પર નીકળેલો કિશોર!

છેક બીજા દિવસની સાંજે દરિયાલાલ શાંત થયો. સૂસવાતા પવનની 'છિક્કી' ઘટી હતી. મામદની સાથે બે બોટ 'સાગર પસા'ની વહારે આવી. પણ ક્ષિતિજ સુધી જોતાં એને કંઈ જ જણાતું નહોતું. જરા તપાસ કરી, તો થોડે આઘે 'સાગર પસા'નાં પાટિયાં તરતાં દેખાયાં! બધી વાત સમજાઈ ગઈ.

આદુએ આકાશ સામે જોઇને બંદગી કરી લીધી. 'પણ...બધાંનું થયું શું? તેઓ બચી ગયા હશે? કાળી ભેંકાર અંધારી રાતે એ ભારે તોફાનમાં એમને કાંઠાનો રસ્તો જડ્યો હશે?'...આ સવાલોનો જવાબ પણ બીજે દિવસે મળી ગયો.

થોડે આઘે આવેલા કાળમીંઢ ખડક પર, ઊંચે એક કોતરાણમાં તદ્દન છુંદાએલી હાલતમાં છ મૃતદેહો મળી આવ્યા. પોલાદના કારખાનાના જાલિમ યાંત્રિક હથોડા કરતાં પણ વધુ તાકાતવાળાં અને પ્રચંડ થપાટો મારતાં મોજાંએ આ બધાને ખડક સાથે અફાળી અફાળીને છૂંદી નાખ્યા હશે, અને પછી કોઈ એક મોટા મોજાએ એમને ફંગોળીને ખડકની ટ્રિપલી કોરાણે મૂકી દીધા હશે! આદુ તો નાના બાળકની જેમ પોક મૂકીને રોયો.

પણ પેલા પાક નિર્દોષ બાળકનું શું થયું? એણે શું વિચાર્યું હશે? આ ભર તોફાનમાં પણ સલાયાની પવન-સૂસવાટાવાળી રાત અને રોતી મા યાદ આવી હશે? આનો જવાબ કોણ આપી શકે? દરિયાલાલે એનો મૃતદેહ કોઇને ય સોંપ્યો નહિ, કોઈને બતાવ્યો સુદ્ધાં નહિ.

મસ્કતનાં બધાં ઘરોમાં આ સમાચાર પહોંચ્યા. 'એશિયન'ના રૂપાળા નામથી ઓળખાતા ત્યાંના ગુજરાતીઓને આમ તો ગમખ્વાર દરિયાઈ અકસ્માતોની કંઇ નવીનતા નહોતી, પણ એ સાંજે કોઈને રાંધેલું ધાન ગળે ન ઊતર્યું.

આ વાવડ મામદને પણ પહોંચ્યા. જે સાત વરસથી થઈ નહોતું શકતું, તે એક પળમાં થયું. બાઇ પણ જાતવાન. બોલી: 'ખાવિંદ, જા. તું પહેલો એનો. મેં તો ખૂબ સંસાર ભોગવ્યો, પણ હવે એનું શું થશે?'

મસ્કતથી મામદે માંડવી તાર કર્યો અને માંડવી તરફ હંકારતા એક કોટિયા પર ચડી બેઠો. અને આગલી રાતે—

મનમાં અજંપો હતો. કેમે ય કરી ઊંઘ ન આવે. સથાને એકાંત છેડે અર્ધા ભાનની અવસ્થામાં બીડી પીતો હતો. કાળાં ધુબાંગ પાણીમાં દેખાય ત્યાં સુધી નજર નાખીને કંઈક વિચારતો હતો. વાનો એક ઓચિંતો સપાટો આવ્યો. વહાણે આંચકો ખાધો અને મામદ જઈ પડ્યો દરિયામાં! થોડી વાર તો એને કંઈ સૂઝ ન પડી. પછી ખૂબ બૂમો પાડી, પણ વહાણમાં કોઇને ઓસાણ ન રહ્યું. તે તરતો રહ્યો. છ કલાક તર્યા પછી એને સવારે પાટિયું જડ્યું, ને સારા કિસ્મતે 'દરિયા દોલત'ની નજરે ચડ્યો.

બરાબર ધનતેરશની સવારે 'દરિયા દોલત' ગૌરવભેર માંડવીની નાળમાં દાખલ થયું. 'ધોસ ચિક્કાર... ધાઉ ચિક્કાર... લોલી... આરિયા...આસ્તેએએ...'ના અવાજો છેક કાંઠે સંભળાવા લાગ્યા. મસ્કતવાળો કોટિયો પણ ઘડી પહેલાં જ આવ્યો હોય એમ લાગતું હતું. હરજીની ઈન્સાનિયત સળવળી ઊઠી. મામદને એક નાની પોટકી આપીને કહ્યું: 'બેલી, જા જલદી તારે ઘરે. તારા દરિયામાં પડવાના ખબર હજી તો હમણાં પહોંચતા હશે. જા બાપ, કાંઈક અજુગતું થાય ઈ પહેલાં પહોંચી જા. કોકનું 'પૂન' (પુણ્ય) જોર કરતું હશે, તે તને દરિયાલાલે હેમખેમ પહોંચાડ્યો.' એની પોટલીમાં સવાસો ચાંદીના પાંચિયા અને પંદર સોનામહોર હતી.

હરજીની કથની પૂરી થઈ. વાત કરતી વખતે એના સરળ દિલમાં ચોરીનો જાણે કે ખટકો હતો. એ પછી તો એણે કેટલા યે 'ભરામણ' જમાડ્યા હતા, કુળદેવતાને સોનાનું 'છતર' કરાવી આપ્યું હતું, દાન-દખણા દીધાં હતાં, ગામને છેડે એક પરબ પણ બેસાડી હતી.

પોતાની પાસે હવે ઠીકઠીક પૂંજી હતી. આ બેપાંચ વરસથી દરિયો ખેડવો છોડી દીધો હતો. સોડાલેમન અને પાનબીડીની એક દુકાન તે ચલાવતો. આ દરિયાઈ અનુભવો એને મન સાહજિક હતા, રોજિંદા હતા. પોતાની કથની રજૂ કરતી વખતે તેમાં ક્યાંય બડાશનો કે મોટાઈનો છાંટો પણ ન હતો.

મારા દોસ્તે કહ્યું: 'ચાલો, હવે ઊઠીશું?' હું ઊભો થાઉં એ પહેલાં જ હરજી બોલ્યો: 'ઈ કિં બિનાજે? મુંજો ગરીબજો હીકડો ચાય જો કોપ તો પીણો પોંધો. (એમ કંઈ જવાય? મુજ રંકનો ચાનો એક કપ તો પીવો જ પડશે.)'*

---

*આ હરજીનું આ વરસમાં જ અવસાન થયું છે. એનું કુટુંબ માંડવીમાં જ છે.

(* કચ્છ-માંડવીના ખલાસીઓની આ તદ્દન સાચી ઘટના છે. નામ વગેરેમાં થોડો ફેરફાર કરવામાં આવ્યો છે.)

જીવનપટનાં સ્મૃતિચિત્રો

આત્મકથાનક-૪૬

લેખક-આલેખક : રવિશંકર રાવળ



ગિજુભાઈ બધેકા આફ્રિકાથી આવ્યા ત્યારે

૨૦૮ વીરમગામનું મિત્રમંડળ

મારો રેલરસ્તો લાંબો હતો, પણ વીરમગામથી મગનલાલ વગેરે મિત્રમંડળનો આગ્રહ હતો કે મારે બે દિવસ તેમની પાસે રોકાઇને ભાવનગર જવું. આ માટે હું વૅકેશન પૂરું થયા પહેલાં આઠ દિવસ વહેલો કરાચી છોડી નીકળ્યો. ચિત્રકળામાં આગળ વધવાની હોંશે હવે ઘરના વિયોગની અસર ઉડાડી દીધી હતી.

વીરમગામમાં મિત્રોનું જૂથ ઘડી પણ વિખૂટું પડચું નહિ. એમાં સૌથી પ્રૌઢ વયના ચૂનીલાલ ત્રિપાઠી, ગુજરાતી શાળાના હેડમાસ્તર, અનુભવી સંસારી હતા; કલાના ભક્ત હતા, ને કવિ 'સાગર' (જગન્નાથ દામોદરદાસ ત્રિપાઠી) તેમના નિકટના સ્નેહી અને મિત્ર હતા. તેમણે 'કલાપી' અને 'સાગર'નાં કાવ્યોનો મને પહેલી જ વાર અચ્છો પરિચય કરાવ્યો. તેમનો લાડકો બાળપુત્ર મણિલાલ સૌની વચ્ચે મીઠી કાલી બોલીથી વિનોદ આપતો. કવિતા ચિત્ર અને સંસારની ઘટનાઓની ખૂબ વાતો થતી. યુવાનોમાં એ કાળમાં અમદાવાદના 'બંધુ-સમાજ'ની (જેનો પરિચય આ અગાઉના પાંચ-સાત અંકોમાં વિગતવાર આવી ગયો) ખૂબ અસર પહોંચી હતી. પ્રસન્ન દાંપત્ય અને મિત્ર-સ્નેહના આદર્શોમાં સૌ રાચતા. તત્કાલીન ગુજરાતી ભદ્ર મધ્યમ વર્ગનો સંસાર આલેખતી ભોગીન્દ્રરાવની નવલકથાઓ 'ઉષાકાન્ત' વગેરે વંચાતી હતી. મિત્રોનાં યુગલો હળતાં મળતાં થાય એવી ભાવનાઓ સૌમાં જાગી હતી. ઘણાને થતું કે પોતે પત્ની સાથે મિત્રને ત્યાં મળવા જાય અગર સજોડે પ્રવાસ કરે. પણ પત્નીઓ ભાગ્યે જ હિંમત કરી સાથ આપતી. એ યુવાનોનાં સ્વપ્નાં ભોગીન્દ્રરાવની વાર્તાઓથી પોષાતાં.

ભાવનગર પહોંચીને મેં મારો નાનો ભાઈ રજાના સમયમાં કાકાની સાથે રહ્યો હતો તેની ખબર લીધી. દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી-ભવનમાં તેને બીજા મિત્રો પણ મળી ગયા હતા. સૌ તેના મીઠા અને સરળ સ્વભાવનાં વખાણ કરતા હતા. મારા જે મિત્રો મૅટ્રિકમાં પાછળ રહી ગયા હતા તે બધા કૉલેજમાં આવી ગયા હતા, અને હવે, દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન જે સ્ટેશન-બંગલાની પાસે જ તખ્તસિંહજી ધર્મશાળાના એક ભાગમાં મંડાયું હતું, તે જ સૌને હળવામળવાનું કેન્દ્ર બન્યું હતું. ભવનના કાર્યક્રમો અને ઉત્સવોની તથા નાનાભાઇની શિસ્ત અને ભાવનાઓની પ્રેરક વાતો મને સાંભળવા મળી. એ અરસામાં સ્વ. રણજિતરામ વાવાભાઈ પટ્ટણીસાહેબના સેક્રેટરી થઇને આવેલા તે પણ અવારનવાર ભવનમાં આવતા ને વાર્તાલાપો આપતા કે કોઈ વાર વર્ગો ચલાવતા. આમ, આ નવી સંસ્થાએ ભાવનગરમાં એક અનોખી જિજ્ઞાસા પ્રસારી હતી.


૨૦૯ ગિજુભાઇ આફ્રિકાથી આવ્યા

આ જ અરસામાં ગિજુભાઈ આફ્રિકાની નોકરીનો કૉન્ટ્રૅક્ટ પૂરો કરી આવી ગયા હતા અને ભાવનગર સ્ટેશન-બંગલામાં જ ધામા નાખ્યા હતા. અમારું મંડળ રોજ, દિવસે રાત્રે જ્યારે વખત મળે ત્યારે એમની આફ્રિકાની વાતો સાંભળવામાંથી નવરું પડતું નહિ. ત્યાંની જંગલી જાતિઓની વિચિત્રતાઓ, યુરોપીઅનોનો કાબૂ અને ભારતવાસીઓની ગુલામીની વાતો તેઓ ખૂબ ચગાવતા. તેમને એક વાતની ખાતરી થઈ હતી કે સુધરેલી દુનિયાના બધા જુલમો કાયદાને નામે થાય છે અને યુરોપીઓની સામે કાયદાબાજો જ ટક્કર લઈ શકે છે, આથી તેમણે ભારત આવીને વકીલ થઈ જવાનો નિર્ણય લઈ લીધો હતો. તેમનું વાચનક્ષેત્ર વિસ્તર્યું હતું. ઇટાલિયન રાષ્ટ્રવીર મૅઝિની ને ગૅરિબાલ્ડી તે કાળે સ્વતંત્રતા ઝંખતા દરેક યુવાનની વાતોનાં વીર પાત્રો હતાં. ઇટાલીને સ્વતંત્રતા મળ્યા પહેલાં ત્યાંની પ્રજાએ અનેક વાર કરેલા પ્રયત્નોની વાર્તા 'વિક્ટોરિયા' નામની એક નૉવેલમાંથી ગિજુભાઇએ અમને ચાર દિવસ સુધી મોંએ વર્ણવેલી તેની અમારાં મન ઉપર ખૂબ અસર થઈ હતી. મેં પણ તે વખતે શેરલૉક હોમ્સની કેટલીક વાતો સ્મરણથી અમારા મંડળમાં કહેલી, ત્યારે ગિજુભાઇએ મને મારી કથનશક્તિ માટે શાબાશી આપેલી. પહેલાં કરતાં હવે તે મારી સાથે વધુ હેતથી ભળતા હતા. એક વાર તો તેમણે અમને ઝૂલુ ડાન્સ કરી બતાવ્યો! બાથરૂમમાં જઈ મોં પર રાખ ચોળીને, મોટાભાઇનો ઓવરકોટ ચડાવી, હાથમાં દંડો લઇને આવ્યા. પાછળ એક જણ ડબ્બો વગાડતો જાય તેની સાથે તે એવું તો નાચ્યા અને કૂદ્યા કે અમે સૌ હસીહસીને લોટપોટ થઈ ગયા.

આ વખત વૅકેશનનો હતો એટલે મુંબાઇના વિદ્યાર્થી મિત્રો પણ ત્યારે ભાવનગરમાં હતા. મારા મિત્ર પરમાનંદનું લગ્ન થઈ ગયું હતું. તેમણે મને અંગત લાગણીથી ઘેર બોલાવી શરમાતાં વિજયાબેનનો પરિચય કરાવેલો. એ દંપતીએ લગ્ન પહેલાં પણ પત્રવ્યવહારથી પરિચય કેળવેલો. તેને અમે તેમનું સદ્ભાગ્ય ગણતા. એ જ ગાળામાં પોપટભાઈ અમેરિકા જવાની તૈયારી કરતા હતા એટલે બધાએ એકઠા થઈ એક દિવસ આનંદ કરવાનું ઠરાવ્યું, જેમાં ખાવાની ચીજો સૌ પોતપોતાને ઘેરથી લાવે તે એકઠી કરીને મિજબાની કરવાની હતી. તે માટે એકાંત સ્થાન તરીકે બોરતળાવને સામે કાંઠે 'સુંદરાવાસ' નામે અવાવરુ બંગલો હતો તેની પરવાનગી નાનાભાઇ લઈ આવ્યા. પરમાનંદ



ગિજુભાઇનો ઝૂલૂ ડાન્સ



ડાબી બાજુથી અનુક્રમે : પોપટભાઈ, હરભાઈ, (ઊભેલા) નાનાસાહેબ (પાઘડીમાં) રવિભાઈ, (ઊભેલા) મસ્તરામ અને પરમાનંદભાઈ

કાપડિયાની સાથે તેમના બનેવી હીરાલાલ શાહ પણ આ મિત્રમંડળમાં તે વખતે ભળી ગયા હતા. તે પણ આ ઉજાણીમાં સાથે હતા.

ગિરીશભાઈ ભટ્ટનું મૅટ્રિકનું પહેલું વર્ષ તેમના પિતાશ્રીની શુશ્રૂષામાં નકામું થયું હતું. બીજે વર્ષે તેમની પોતાની એક આંખને ઉપદ્રવ થએલો તેનો ઉપચાર કરાવવા તે ૧૯૧૦માં મુંબાઇ આવેલા ત્યારે હું ગાયવાડીની ગલીમાં તેમના મુકામે રોજ મળવા જતો. તેમની સાથે મને વધુ નેહ થયો હતો. દુર્ભાગ્યે તેમની તે આંખ ગઈ હતી એટલે હવે અભ્યાસ છોડી નોકરી લેવાનો વિચાર કરતા હતા.

કાઠિયાવાડની રેલવે ત્યાંનાં ચાર પ્રમુખ રાજ્યો (ભાવનગર, ગોંડલ, જૂનાગઢ, પોરબંદર)ના પ્રયાસથી થએલી હોઇ તે રાજ્યોના નામના પ્રથમાક્ષરોથી 'બી.જી.જે.પી. રેલવે'ના નામથી ઓળખાતી. તેની કચેરીઓ અને કારખાનાં ભાવનગરમાં હોવાથી ત્યાંના પ્રજાજનોમાંથી ઘણાને તેમાં નોકરી મળી હતી. બીજાં રાજ્યોને આ ગમ્યું નહિ અને તેના વિવાદમાંથી ઈ. ૧૯૧૧માં રેલવેના ભાગલા પડ્યા. દરેક રાજ્યે પોતાની હદમાં આવતી રેલવેની કચેરી, કારખાનું અને વહીવટીતંત્ર હાથમાં લઈ પોતાને ત્યાં રાખ્યું. તે વખતે ઘણા તાલીમ પામેલા રેલવે કર્મચારીઓ પણ જુદાંજુદાં રાજ્યોમાં વહેંચાઈ ગયા. આ પ્રસંગે ઘણા નૉન મૅટ્રિક યુવાનોને પણ નોકરીની તક મળી ગઈ. તેમાં ગિરીશભાઈને જૂનાગઢ રેલવેમાં નોકરી મળી હતી. તે તો આ મિત્રમંડળના કાયમના સભ્ય હતા. અમારા સમવયસ્કોમાં ગુજરાતી સાહિત્ય ને સાક્ષરો પ્રતિ તેમની જાગૃત ભક્તિ હતી. તે કાવ્યો પણ રચતા. મને તેમની સર્વસમતાની દૃષ્ટિ ગમતી. તે ઉપરાંત હરભાઇ ત્રિવેદીને મસ્તરામે અમારા મંડળમાં નવા સભ્ય તરીકે ભેળવી દીધા હતા. પોપટભાઈના એકબે સમવયસ્કો પણ એમાં જોડાયા હતા.

૨૧૦ બોરતળાવની ઉજાણી

'સુંદરાવાસ' મૂળ તો મિ. પ્રૉક્ટર સીમ્સ માટે બંધાએલો હતો. તે પછી કોઇ ત્યાં વસવા ગયું નહોતું. બંગલાની ભીંત પર વૉટર કલરમાં કરેલાં સૌરાષ્ટ્રનાં કેટલાંક નાનાં દૃશ્યો મેં જોયાં, જેમાં સૌરાષ્ટ્રની ગજગામિની ભેંસો ચીતરેલી મેં પહેલી વાર જોઈ. આ સ્થળ સુંદર અને સાવ અલાયદું હતું. ગિજુભાઇએ દરખાસ્ત મૂકી કે સૌએ આડંબરી શિષ્ટાચારની વાતો ભૂલી જઈ, પોતાના વય કે પદનો ખયાલ છોડીને મુક્ત માનવની જેમ આનંદ માનવો. એમણે તો તરત જ પોતાનો ઝૂલૂ ડાન્સ શરૂ કર્યો અને એમાં નાનાભાઇને જોડીદાર બનાવ્યા! અમે બધા તાળીઓ પાડવા તથા ડબ્બા વગાડવા લાગ્યા, ને સૌ ખરેખર આખો દિવસ તાનમાં રહ્યા. એવો દિવસ જિંદગીમાં ફરી માણ્યો નથી.

મેં હવે મુંબાઈ પહોંચવાનો દિવસ નક્કી કરી સાથીદારોને પત્રો લખી નાખ્યા. તેના જવાબમાં જેભાઈ અને અંબારામ માસ્તરના પત્રો આવ્યા કે હવે મારે બીજે ક્યાં ય જવાની જરૂર ન હતી. મારો સાથ ગણી લઇને તેમણે ભૂલેશ્વરની કૅથેડ્રલ સ્ટ્રીટમાં એક કાતરિયું ભાડે રાખી લીધું હતું. માસ્તરે તેમનાં પત્ની અને બાળકોને તેડાવી લીધાં હતાં અને ખર્ચ સહિયારો ભોગવી લેવાનો હતો.

૨૧૧ વીરમગામની લાઇન-દોરી

એ સમયના મુસાફરોને સૌરાષ્ટ્રની બહાર જતાં વીરમગામ ગાડી બદલતી વખતે ત્યાંની લાઈનદોરી (જકાતી સરહદ) પાર કરવામાં વેઠવી પડતી હાડમારીની બહુ કડવી યાદ રહી હશે. સૌરાષ્ટ્રથી આવતી કોઈ પણ ટ્રેઈન વીરમગામના સ્ટેશનમાં દાખલ થાય તે પહેલાં તેની આગળના વણી સ્ટેશનેથી ડબ્બાનાં બંને બાજુનાં બારણાંને શ્યામવર્ણા પોલીસો આવીને ચાવીઓ મારી જતા, ને વીરમગામના પ્લૅટફૉર્મ પર ગાડી આવીને ઊભી રહે કે તરત તેના દરેક બારણા પાસે જકાતી ખાતાનો એક કડક પોલીસ આવીને ખડો થઈ જતો, અને એક પછી એક ઉતારુને બહાર કાઢી તેની પેટી બિસ્તર વગેરે એકેએક સામાન ફીંદતો. પેટીઓમાં ગોઠવેલાં કપડાં ઊંચાંનીચાં કરી, નજર નાખીને પછી પેટી પર તે મંજૂરીનો ચાકનો લીટો મારે તે પછી જ સામેની ગાડીમાં બેસવાની રજા મળતી. આ દરમિયાન બાળકો, સ્ત્રીઓ ને વૃદ્ધોની મુશ્કેલીઓ, બીજી ગાડીમાં જગ્યા મેળવવાની મારામારી ને ફરીથી સામાન ગોઠવવાની ચિંતાના કકળાટથી વીરમગામ સ્ટેશન ગાજી ઊઠતું. જેમનો વારો છેવટ આવતો તેઓને ઘણી વાર મુંબાઈની ગાડીમાં જગ્યા ન મળતી અને ટ્રેઈન ચૂકી ગયાના દાખલા પણ બનતા.

મારા આ પ્રવાસ દરમિયાન ભાવનગર રાજ્યને જકાત-મુક્તિ મળી ગઈ હતી, એટલે ભાવનગરની ગાડી સીધી વીરમગામ પહોંચે એવી વ્યવસ્થા થઈ હતી. એ વખતે મુંબાઈની ગાડીમાં અમારી જગ્યા રોકી રાખવામાં વીરમગામનું મિત્રમંડળ સહાય કરતું.

ઈ. ૧૮૬૦માં ડેલહાઉસીની રાજનીતિ પ્રમાણે હિંદના કિનારાનાં દેશી બંદરી રાજ્યોમાં વેપારની છૂટ રાખવાનો કરાર થયો હતો. તે પ્રમાણે સૌરાષ્ટ્ર (ત્યારના કાઠિયાવાડ)માં કોઈ પણ રાજ્ય પર અંકુશ

મૂકવામાં આવ્યો ન હતો એ નીતિનું પાલન ઈ. ૧૯૦૩ સુધી થયું. ત્યાર પછી લૉર્ડ કર્ઝનની સરકારે એ નીતિ બદલીને સત્તાના દબાણથી ઠરાવ્યું કે : ૧) બંદરી રાજ્યોએ સરકારી ખૂટા પ્રમાણે જ જકાત અને વહાણનો ખૂટો રાખવો. ૨) પોતપોતાનાં બંદરો સુધારવાનો યથેચ્છ હક્ક બંદરી રાજ્યોને રહે; રેલવે બાંધીને વેપારની બધી સગવડ થાય એવી તમામ સ્વતંત્રતા બંદરી રાજ્યને રહે; પણ તેમાં સરકારના બીજા હક્કો કે વેપારને ખોટીરીતે હરીફાઈને કારણે નુકસાન થવું ન જોઇએ. ૩) સરકાર પોતાના પ્રતિનિધિને મોકલે તેને બંદરી રાજ્યોએ વહીવટ તથા હિસાબ જોવાની છૂટ આપવી.

આ દરખાસ્તોની રાજ્યોએ ના પાડી એટલે સરકારે કાઠિયાવાડ અને બ્રિટિશ હિંદ વચ્ચે જકાત-દોરી નાખી અને કાઠિયાવાડનો વેપાર હિંદમાં જતો અટકાવ્યો. ભાવનગર રાજ્ય સાથે સ્વતંત્ર કરારો છતાં તેને પણ લાઇન-દોરીની મર્યાદાઓમાં ભેળવી દીધું.

પણ ૧૯૧૦માં ભાવનગરના સારા નસીબે ઇંગ્લંડની કરારી પ્રામાણિકતામાં માનનાર લૉર્ડ મોર્લીએ ઠરાવ્યું કે ભાવનગરના હક્ક સાચવવા માટે તેના પર લાઇનદોરી પડી ન શકે. વસ્તુતઃ આ લાઈન-દોરીથી વેપારીઓમાં ચોરીઓ વધી હતી, જેને લીધે વેપારીઓ તથા મુસાફરો પર સરકારી સખ્તાઈ વધી હતી અને તેનું દર્શન વીરમગામ સ્ટેશનમાં થતું. એટલે એવા અનુભવ પછી વીરમગામનું સ્ટેશન અમારે માટે લાઈનદોરી વિનાનું જોવું તે એક ચમત્કાર હતો! મળવા આવેલા મિત્રોએ તુરત બારણું ઉઘાડી, સામાન ઉપડાવી, સામેની ગાડીમાં અગાઉથી જગ્યા રોકવા બેસાડેલા મિત્રોને ઉઠાડી, મને ત્યાં ગોઠવી દીધો. આ સ્ટેશને લગભગ એક કલાક રોકાણ થતું, એટલે ખૂબખૂબ વાતો થઈ. મગનલાલ થોડા વખતમાં મુંબાઇનું ચક્કર મારવા આવશે તે પણ જાણ્યું. મુંબાઇમાં હવે કાતરિયું મારી રાહ જોતું હતું.

૨૧૨ કાતરિયાનો વાસ

ચર્નીરોડના સ્ટેશને મારી ગાડી પહોંચી ત્યારે કાતરિયાના સાથી અંબારામ માસ્તર અને જેભાઇને સામે આવેલા જોયા. મજૂરોને માથે સામાન ઉપડાવી, ઠાકુરદ્વારનો રસ્તો કાપી સીધા ભૂલેશ્વર ચકલામાં થઈ અમે કૅથેડ્રલ સ્ટ્રીટમાં પ્રવેશ્યા ને એક જૂના માળામાં પેસી બે લાંબા દાદર ચડી તેના ઊંચા ભાગે આવેલા, રસ્તા પર પડતા કાતરિયામાં પહોંચ્યા. એ એક સહિયારો બેઠકખંડ કહી શકાય. કાતરિયાના ઢાળ પર ખૂણાની બંને બાજુ ઓરડીઓ બનાવેલી હતી. તેમાંની એક માસિક ચૌદ રૂપિયાના ભાડાથી માસ્તરે રાખી લીધી હતી. તેમનાં આધેડ પત્ની તથા બે નાની બાળકીઓ આવી ગયાં હતાં. અંદર રસોડું ને બાળકનું ઘોડિયું તથા તેમનો એકાંતવાસ હતો. બહારના ખુલ્લા ભાગમાં મારે ને જેભાઇને બિછાનાં રાખવાનાં હતાં. પેટીઓ અંદરના ઢાળિયામાં જ રાખી. પડોશની ઓરડીના મહેમાનો પણ અમારી સાથે જ આગલા ભાગમાં સૂવા-બેસવાનો હક્ક ધરાવતા.

એટલે ઊંચે પાણીનો નળ તો શાનો હોય? એ માળામાં અમે તો નીચી કોટિનાં ભાડૂતો, એટલે ઠેઠ નીચે ભોંયતળિયે જઈ, શૌચસ્નાન પતાવી, કપડાં ધોઈ તે ઉપર આવી સૂકવતાં. રસોઇ તથા પાણિયારા માટે એક બેડું માસ્તરનાં પત્ની લઈ આવતાં. મુંબાઈમાં લાગવગ વિનાના ઓશિયાળા બની રહેતા આજીવિકા રળનારાઓ આટલું પણ પોતાનું મુકામ પામી શકે એ મોટું ભાગ્ય મનાતું.

વતનમાં ઘરનાં હરવાએલાં માસ્તરનાં પત્નીએ મને આવકાર્યો ને દૂરના સગપણે મને ભાણેજ તરીકે આત્મીય માન્યો. એ બીચારાંએ જેઠ-જેઠાણીના પનારે દોહ્યલા દિવસો કાઢ્યા હતા. આખરે મુંબાઈ



કાતરિયાનો વાસ

આવી જેવીતેવી પણ પોતાની ઓરડી વસાવતાં ને સજાવતાં એમને સ્વતંત્રતાનો કેટલો આનંદ થયો હશે! માસ્તરની આવક માત્ર બે-પાંચ ટ્યૂશનોની, એટલે તત્કાલ અહીંનાં પ્રાથમિક ખર્ચોને પહોંચી વળે તેમ નહોતું. થોડી તપેલીઓ અને વાસણ વગેરે તુરત વસાવી દેવામાં જેભાઈની બજારુ કાબેલિયત ઉપયોગી બની. ચીજવસ્તુ તથા શાકપાન ખરીદવાનું જેભાઇને ફાવતું. એ બંને જણે મને ઘરની કામગીરીથી મુક્ત કરી દીધો. માસિક હિસાબે આવતો વરાડે ખર્ચ હું મારા પર ઘેરથી આવતા મનીઑર્ડરમાંથી ચૂકવી દેતો. તે પછી માંડ પાંચ-સાત રૂપિયા મારી પાસે-મોઘી મૂડી-રહેતા.

સાથે રહેવામાં ઘણી અગવડો જણાતી. મારે હમેશાં સાડા દસ વાગ્યે આર્ટ સ્કૂલમાં હાજર થવું પડતું. સવારમાં નાહી પરવારી માસ્તર ટ્યૂશનોમાં નીકળી પડતા. જેભાઇને આઠ ને નવ વચ્ચે ઊઠવાનું; અને માસ્તરનાં પત્નીએ વહેલાં નીચે જઈ નળ આગળ પોતાનાં ને બાળકોનાં કપડાં ધોઈ નાખી, રસોઈ તથા પીવાનું પાણી ભરી લેવાનું. અમે કોઈ ચા પીતા નહોતા. હું વહેલો ઊઠતો અને નીચે જઈ, નાહી, કપડાં ધોઇને વહેલો ઉપર આવી, બારી આગળ વાંચવા બેસી જતો કે પત્રો લખતો અને તે દરમિયાન માસ્તરની બાળકીઓની ખબર રાખતો. નાની બાળકી જાગે અને છાની ન રહે તો નીચે નળ આગળ જઈ તેની માતાને ખબર આપતો. જેભાઈને બાળકો સાથે મેળ બાઝે નહિ. નાની છોકરી રડે કે મોટી છોકરી આડી ચાલે તો છણકો કરતા, તે તેની માતાને ગમતું નહિ. પણ શું કરે? પતિની આવક ને પરિસ્થિતિ સમજી સમસમી રહેતાં. મને લાગતું કે આમ લાંબું ટકશે નહિ. જેભાઈ સવારમાં જમ્યા વિના નીકળી જતા. મારે માટે માસ્તરનાં પત્ની ઘણી ચીવટથી રોટલીઓ ઉતારી આપતાં. કોઈ વાર વખત બચાવવા હું દાળભાતની રાહ ન જોતો. માસ્તર તે જાણે ત્યારે દુઃખ લગાડતા અને પોતાનાં પત્નીને કહેતા; પણ હું જ તેમનો બચાવ કરી કહેતો કે ઘણું સારું છે કે ગરમ અને ઘરની રસોઈ જમવા મળે છે. આપણી વીશી યાદ કરોને?

હું પણ ખર્ચમાં ખૂબ તંગ રહેતો અને માસ્તર જેવા થોડું ભણેલા ટ્યૂશન કરીને કમાતા હતા, તો હું તો એકબે ટ્યૂશન સવારમાં કરી શકું એટલો સમય મને મળતો હતો. પણ છોકરાંઓને આંક ને અક્ષરો શીખવવાનું મને કદી ફાવે તેમ નહોતું, એટલે અંગ્રેજીનું ટ્યૂશન હોય તો મેળવી આપવા માસ્તરને મેં કહ્યું. તે વખતે મહિને પાંચસાત રૂપિયા વધારે મળે તેનું મારે મન બહુ મૂલ્ય હતું. (ચાલુ)

સાતપૂડાનાં વાસી

લેખક તથા આલેખક

સુનીતા મશરૂવાળા


સાતપૂડા પહાડોની પહેલી હારમાં, અમરાવતીથી લગભગ ૪૦ ૫૦ માઈલ દૂર, મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશની સીમા ઉપર, રેડવા ટોપીઠાણા ને ચિચકુંભ ગામ વસ્યાં છે. રેડવા મહારાષ્ટ્રમાં છે અને પછીનાં બે ગામ ત્યાંથી બેત્રણ ફર્લાંગ ઉપર જ મધ્ય પ્રદેશમાં છે.

આ ત્રણે ગામમાં પચીસપચીસ ત્રીસત્રીસ ઘરોની જ વસ્તી છે. એમાં અનુક્રમે બનઝારી, ગોંડ તથા કોરકૂ લોકો મુખ્ય છે. બનઝારીઓ મારવાડ, રાજસ્થાન અને ગુજરાત તરફથી ફરતાફરતા આવેલા છે અને વર્ષોથી અહીં સ્થાયી થયા છે. ગોંડ અને કોરકૂ તો મધ્ય પ્રદેશના મૂળ આદિવાસીઓ છે.

બનઝારીઓ ગુરુ નાનકને માને છે તેમજ હિન્દુ દેવતાઓને પૂજે છે. તેઓમાં મુખ્ય કોમ ચાર છે: રાઠોડ, ચવ્હાણ, પવાર અને તૂરી; જેમાં પહેલી ત્રણ આખી અને છેલ્લી અરધી એમ સાડાત્રણ કોમ છે. બ્રાહ્મણોમાંથી ઊતરી આવેલા બનઝારીઓ જાધવ કહેવાય છે. આ ત્રણે કોમોમાં હિન્દુ તહેવારો ઊજવાય છે. બનઝારીઓનો મુખ્ય ધંધો ખેતી અને ઢોરપાલન છે. કોરકૂ લોકો ખેતી કરે છે. ગોંડ લોકો કોરકૂ અને બનઝારીઓનાં ઢોર ચારે છે અને ખેતરોમાં મજૂરી પણ કરે છે.

ગોંડ અને કોરકૂ લોકોનાં ગામ બનઝારીઓનાં ગામ કરતાં વધારે સુવ્યવસ્થિત લાગ્યાં. એની રચના, વચમાં મોટો રસ્તો અને બંને બાજુએ ઘરો એવી હોય છે. ત્યાંનાં જંગલોમાં પારિજાતકનાં વૃક્ષો પુષ્કળ ઊગે છે એટલે સૌ પોતાનાં ઘર પારિજાતકની ડાળીઓની એક વિશિષ્ટ પ્રકારની ગૂંથણીથી તૈયાર કરેલી સાદડીઓ ને વાંસમાંથી બનાવે છે. (સ્કેચ ૧) કોરકૂ અને ગોંડ લોકો પારિજાતક સાથે તાડપત્રોનો પણ ઉપયોગ કરે છે. તેમનાં ઘર બનઝારીનાં ઘર કરતાં નીચાં હોય છે. બધાં છાપરાં સાધારણ ઢળતાં હોય છે. ભીંતો છાણ અને માટીથી લીંપે છે.

બનઝારીઓનાં આંગણાંમાં માટીનો ચણેલો અને સુંદર લીંપેલો તુલસીક્યારો હોય છે. ગોંડ લોકો ભીંતો ઉપર ગેરુ અને ચૂનાથી માંડણાં કાઢે છે, જેને 'ગુદોની' કહે છે. માંડણાં લગભગ એક જ પ્રકારનાં હોય છે (સ્કેચ ૨) અને તે દિવાળીમાં ચીતરીને આખું વર્ષ કાયમ રાખવામાં આવે છે. તે કોરકૂને પણ માંડણાં કાઢી આપે છે.



આદિવાસી ગામનું એક લાક્ષણિક દૃશ્ય






બનઝારી પોશાકમાં લેખિકા
જમણી બાજુ: ગોંડકન્યા
(બંને ફોટો • સુરેન્દ્ર મર્ચંટ)

બનઝારીનાં આંગણાંમાં વાંસના માંચડા ઊભા કરેલા હોય છે. જેના ઉપર કપાસ શીંગદાણા વગેરે પેદાશો ગુણમાં ભરીને રાખે છે. બધા જ લોકોનાં આંગણાંમાં વાસ, પારિજાતકની ડાળી ને કરાંઠીના રચેલા, જમીનથી એકાદ ફૂટ ઊંચા કોઠાર હોય છે (સ્કેચ ૩). તેને પણ અંદરબહારથી પાતળું લીંપીને એમાં અનાજ રાખવામાં આવે છે. બનઝારી તેમજ કોરકૂ આવા કોઠારને 'કનગી' કહે છે. એ શબ્દ વરાડીઓના સમાગમને લીધે એમનામાં આવ્યો હશે. ગોંડ લોકો તેને 'કલીગી' કહે છે.


બનઝારીઓ પુષ્કળ ગાય, ભેંસ, બળદ અને થોડા ઘોડા પણ પાળે છે. કોરકૂ લોકોમાં કોઈક જ પશુપાલન કરે છે.

આ લોકોના પહેરવેશ અને તહેવારોની વિશિષ્ટતા હોય છે. બનઝારીઓના મુખ્ય તહેવારો હોળી, રામનવમી. ગણગોર, જન્માષ્ટમી દશેરા અને દિવાળી છે. હોળીને દિવસે હોળી પ્રગટાવી સ્ત્રીઓ એની પૂજા કરે છે. માત્ર સ્ત્રીઓ જ ગીતો ગાય છે અને નાચ કરે છે. હોળીનું એમનું એક ગીત આ પ્રમાણે છે:

શ્રીરામજી કે આંગણિયામાં ગેમ ગે મોહનમાળા.
તમ કરો રે ઊજળો, હમ ઢૂંઢા મોહનમાળા.
કોરો સો મડકા ગરમ રકી પાણી રે,
તમ નાવો શ્રીરામજી, હમ ઢૂંઢા મોહનમાળા.
ચૂન ચૂન ચાવલ ખીચડી પકાઇ રે,
તમ જીમો શ્રીરામજી, હમ ઢૂંઢા મોહનમાળા.
પાંચ પહાનરો વીડલો બનાઈ રે,
તમ ખાવો શ્રીરામજી, હમ ઢૂંઢા મોહનમાળા.



સ્કેચ-૧: પારિજાતકની ડાળીઓની એક વિશિષ્ટ પ્રકારની ગૂંથણી



સ્કેચ ૨: ગેરુ અને ચૂનાથી કરેલાં માંડણાં

પારિજાતકની ડાળી અને કરાંઠીનો રચેલો જમીનથી એકાદ ફૂટ ઊંચો બનઝારીઓ-નો કોઠાર →






સ્કેચ ૭: બજાૂરી, મઝા અને આંકડાનું ભરત ભરેલો બટવો

હોળીના બીજા દિવસથી શરૂ થઇને પાંચ દિવસ સુધી ધૂળેટી ચાલે છે. એમાં ભોજાઈ દિયરને અને બહેન ભાઇને રંગે છે.

શ્રાવણ સુદ ત્રીજને દિવસે ગણગોર શરૂ થાય છે, જેમાં માટીની ગૌરી બનાવી, ટોપલીમાં પાંચ મૂઠી ઘઉં વાવી ઉગાડેલા જવેરાની દસ દિવસ સુધી પૂજા કરવામાં આવે છે. નવમે દિવસે મોટી પૂજા કરી છોકરીઓ જવેરા નદીમાં પધરાવે છે. આ ઉત્સવ કુમારિકાઓ ને નવપરિણીત સ્રીઓનો છે. છોકરીઓ જવેરા પધરાવવા જાય અને છોકરાઓ એને અટકાવે એમ મીઠો કજિયો પણ થાય છે. જૂને કાળે તો આમાં ક્યારેક વાત મારામારી સુધી પણ જતી. હવે એમ થતું નથી.


દિવાળીમાં ધનતેરશે લક્ષ્મીપૂજન થાય છે. લગ્ન કન્યાને ત્યાં થાય છે, જેમાં પીઠી ચોળાય છે અને મેંદી મુકાય છે. વધૂ પતિગૃહે જાય છે. આ લોકોમાં ઘરજમાઇનો રિવાજ નથી. લગ્નમાં છોકરીને પુષ્કળ ચાંદીના દાગીના અને પૈસા આપવાનો રિવાજ છે. કુંવારિકા-ઓ કંકુનો ચાંદલો નથી કરતી, માત્ર સૌભાગ્યવતી સ્રીઓ જ કંકુનો ચાંદલો કરે છે અને તુલસીની પૂજા કરે છે. એ લોકોનાં લગ્નગીતો પણ સુંદર હોય છે.

કહૉં ચલે, જીબન કહૉં ચલે રે,
ઐસી રાત અંધેરી મેં કહૉં ચલે રે.




ડાબી બાજુ: સ્કેચ–૪ 'ખડપ' ભરત ભરેલી ઘેરા રંગની બનઝારીની કાંચ-ળીનો આગલો ભાગ. નીચે: સ્કેચ–૫ બનઝારી ભરતના ત્રણ પ્રકારના ટાંકા: અનુક્રમે બજૂરી, મઝા અને આંકડો











ચૂંઠો (સ્કેચ-૬)



સ્કેચ ૮: ટોપલીઓ-લડી સાથે



[બાજુમાં] સ્કેચ ૭: કાનની ટોટી [સામેની]

યહૅાં હી આયો જીબન યહૅાં હી આયો રે,
તારો મહલ દેખણુ યહૅાં હી આયો રે.
કાંઈ લાયો જીબન! કાંઈ લાયો રે,
તારો[1] સેલા રે કોસામ[2] કાંઈ લાયો રે.
લાડૂ લાયો રે જીબન પેડા લાયો રે,
મારે સેલારે કોસામ બતાસા લાયો રે.
કાંઇ ખાધો રે જીબન કાંઇ પીધો રે,
ઐસી છપરા પલંગ પર સોય રૈનો રે.

બનઝારી પુરુષોનો પહેરવેશ ઘણો જ સાદો છે: ધોતિયું, કફની અને ટોપી. સ્ત્રીઓ આઠ વારના ઘેરનો લાલ કે કેસરિયો છાપેલો ઘાઘરો અને કાંચળી પહેરે છે. માથા ઉપરથી ફટકી કે ઓઢણું લે છે જે બાંધણીનું હોય છે. ઉત્સવ-પ્રસંગે પહેરવાનાં ઘાઘરો-કાંચળી આખાં ભરેલાં હોય છે. કાંચળીની પેટીને (ખિસ્સાને) નીચે સિક્કા લગાડે છે, જેને ફૂંદાં કહે છે. કાંચળીના આગલા ભાગને ખડપ કહે છે, અને પાછળના તેમજ બાજુના આખા ભાગને જામલ કહે છે. જામલ બઝૂરીથી ભરેલું હોય છે. (સ્કેચ ૪)

ભરતકામના ત્રણ પ્રકાર છે: બન્નૂરી, મઝા અને આંકડો. તે રંગીન સુતરાઉ દોરાથી સુતરાઉ કાપડ ઉપર કરાય છે. કાપડ પર પૂરું ભરેલું તે બન્નૂરી; મોટા ટાંકાવાળું મઝા; અને કાપડ છોડીને ભરેલું આંકડા. (સ્કેચ ૫)

સ્ત્રીઓ વાળની સાત સેરો ગૂંથે છે અને 'ચૂંઢો' પહેરે છે. ચૂંઢો એ ફૂમતાંવાળી સેરોની લાકડી હોય છે. (સ્કેચ ૬) ચૂંઢાના ગોટા પર અંબોડો લે છે અને લાકડી ઉપરથી માથે ઓઢે છે. ચૂંઢાની ફૂમતાંવાળી ત્રણ સેરોની વચ્ચેની સેર પર ભરત કરેલો બટવો બાંધે છે.



કેચ ૧૦: ભોજપત્ર, મૂંગા, હસ્લો હમેલ અને તાગલી (છોકરીઓની)

[1] સોલું કે પટોળું. [2] પાલવમાં.




સ્કેચ ૧૧: વાંકડી, હાથ-પગનાં કડાં, કસ અને ઝાંઝર

બટવા પર બન્નૂરી, મઝા અને આંકડાનું ભરત હોય છે અને ઊનનાં રંગીન ફૂમતાં હોય છે (સ્કેચ ૭). ચૂંઢો હવે રોજના વપરાશમાંથી નીકળી ગયો છે, પણ લગ્નમાં અને મોટા ઉત્સવોમાં પહેરાય છે.

બનઝારી સ્ત્રીઓનાં ઘરેણાં ચાંદીનાં હોય છે. કાન પાસેની બે સેરોને તે લાખ ભરેલી, ઘૂઘરીઓ જડેલી 'ટોપલીઓ' બાંધે છે. સૌભાગ્યવતી સ્ત્રીઓ ટોપલીઓ સાથે 'લડી' પણ નાંખે છે (સ્કેચ ૮). કોઈ વાર ટોપલીઓ ઉપરથી માથા પર ચાંદીની સેર બાંધે છે. કાનમાં તે ટટોરી પહેરે છે (સ્કેચ ૯). ગળામાં લાલ મોતીની ચપોચપ




સ્કેચ ૧૪: સરી, મુરકી, બાલીઓ, કરણફૂલ, છલ્લે અને પોતીનું લટકણિયું




સ્કેચ ૧૨: ટીમકી અને બાંસરી

સ્કેચ ૧૩




છીંટની ભાત

સેર પહેરે છે અને નીચે ઘૂઘરીઓ જડેલ લટકણિયાંવાળી લાલ મોતીની સેર પહેરે છે જેને મૂંગા કહે છે. અગિયાર કે તેર રૂપિયાનો હાર પણ પહેરે છે, જેમાં કોઈ વાર મધ્યમાં ભોજપત્ર હોય છે. ભોજપત્ર હૃદયના આકારનું ડબ્બી જેવું લટકણિયું હોય છે. લગ્નમાં એ ખાસ જરૂરી હોય છે. હસ્લો હમેલ પણ ગળામાં પહેરે છે. તેનાં ઘૂઘરીઓ જડેલાં લટકણિયાંને આલી કહે છે. નાની બાળકીઓ ગળામાં ચાંદી-



સ્કેચ ૧૫ કાંકણ, મારી, બાંકડા અને આંકડો





સ્કેચ ૧૬: પગની કરલી ... અને પગનો તોડો



સ્કેચ ૧૭: 'નથ'

ની તાગલી પહેરે છે (સ્કેચ ૧૦). હાથમાં કોણીની ઉપર ચાંદીના નક્કર પાટલા, તથા બેત્રણ હાથીદાંત કે કપૂરની બંગડીઓ, અને કોણી નીચે ત્રણથી બાર, હાથીદાંત કે કપૂરની બંગડીઓ પહેરે છે. વચલી આંગળી છોડી ત્રણ આંગળીઓમાં અંગૂઠી પહેરે છે. પગમાં પિત્તળની વાંકડી કે કસ અને ચાંદીનાં પોલાં કડાં પહેરે છે. ઝાંઝર પણ પહેરે છે. પાંચે આંગળીઓમાં ચટકીઓ અને મચ્છી પહેરે છે. (સ્કેચ ૧૧)

ગોંડ લોકોનો મોટામાં મોટો તહેવાર હોળી છે. તેઓ દશેરા, દિવાળી, નાગપંચમી, પોળા વગેરે પણ ઊજવે છે.

ગોંડ ભાષામાં હોળીને ફાગૂન કહે છે. હોળીની રાતે હોળા પ્રગટાવીને સ્ત્રીપુરુષો તે ફરતાં બેવડાં કુંડાળાંમાં નાચે છે: અંદરનું કુંડાળું પુરુષોનું ને બહારનું સ્ત્રીઓનું. હોળીના નાચ ફગવા નામે ઓળખાય છે. હોળીનાં ગીત ટૂંકાં હોય છે અને નજીવા શબ્દફેર સાથે એકની એક કડી ફરીફરીને ગવાય છે. આ રહ્યું એવું એક વાંસફોડા કઠિયારાનું ગીત:

કૌને જંગલે કરે બાંસ એ મોતી જેરોલે, એ મોતી જેરોલે;
કાયલે કાટૂ જે બાંસ એ મોતી જેરોલે, એ મોતી જેરોલે.
કુલાડીને કાટૂ જે બાંસ એ મોતી જેરોલે, એ મોતી જેરોલે;
બસોલાને છાટૂ જે બાંસ એ મોતી જેરોલે, એ મોતી જેરોલે.

આ ગીતના ધ્રુવપદના શબ્દો સમજી શકાયા નથી.

શ્રાવણ મહિનામાં પોળાનો તહેવાર ઊજવાય છે. એમાં બળદોને શીંગડાં રંગીને તથા કોડીઓ ભરેલી સુંદર ઝૂલ પહેરાવીને પટ (રેઈસ) ખેલાવે છે. નાગપંચમીને દિવસે નાગોબાની પૂજા કરે છે.

ગોંડમાં કન્યા કે વર બેમાંથી હરકોઈને ઘરે લગ્ન થાય છે અને ઘરજમાઈની પ્રથા વ્યાપક છે. જોકે લગ્નમાં હવે જૂના લોકાચાર વિશેષ રહ્યા નથી. લગ્નમાં ગીત અને નાચ બંનેનું ખૂબ મહત્ત્વ છે. લગ્નનાં ગીત ઘણાં સુંદર હોય છે:

કારી કાજે રે વાલે કૂવા પરે. (૨)
હીમા કેસી આના વાસી કૂવા પરે. (૨)

એનો અર્થ કંઈક એવો થાય છે કે કાળી કાજળવાળી(સ્ત્રી)એ કૂવા પર બોલાવ્યો અને હું કૂવા પર આવ્યો. આ ફરીફરીને ગાય છે.

ગોંડ લોકો નાચ અને ગીત સાથે વાજિંત્રો રાખે છે, જેમાં મુખ્ય વાજિંત્રો ત્રણ છે: ઢોલક, ટીમકી અને બાંસરી. ઢોલકનું જ્ઞાન વૃદ્ધો નાનેરાને આપે છે. ટીમકી નાના અવાજવાળી ઢોલકી છે. એ માટલા ઉપર ઢોરનું ચામડું ચોડીને બનાવાય છે (સ્કેચ ૧૨). સામાન્ય રીતે તે 'ધાગ ધી, ના ધિન્; ધાગ ધી, ના ધિન્' જેવા એક જ તાલ પર વગાડવામાં આવે છે. બાંસરી ચાર કાણાંવાળી હોય છે અને વાંસમાંથી બનાવે છે. એને ફૂમતાંથી શણગારે છે (સ્કેચ ૧૨). આ બધાં જ વાજિંત્રો નાચ કરતી વખતે વગાડે છે અને સ્ત્રીપુરુષો બધાં એક જ તાલ પર નાચે છે.

ગોંડ પુરુષોનો પણ પહેરવેશ સાદો છે: બનઝારી પુરુષોના જેવો જ. ગોંડ સ્ત્રીઓ નવ વારની દીકડી (સાડી) પહેરે છે. છેડો ગુજરાતીની જેમ રાખે છે અને આગળપાછળથી ખોસીને ઘણી બધી પાટલી લે છે. કોઈક વાર માથે ઓઢે છે. હવેની સ્ત્રીઓ હાંગી (બ્લાઉઝ) પહેરે છે, ને ઉપરથી છીંટ ઓઢે છે. છીંટની ભાત સફેદ કપડા પર લાલ અને કાળા રંગથી કરેલી અને આગવી હોય છે (સ્કેચ ૧૩).

સૌભાગ્યવતી સ્ત્રીઓ કંકુનો ચાંદલો કરે છે. સ્ત્રીઓ આખે હાથેપગે છૂંદણાં (સીંગાર) કઢાવે છે. તે મોઢા પર કપાળની વચ્ચે અને બે બાજુએ, તથા ગાલ પર અને ચિબુક પર કઢાવે છે.

ગોંડ પુરુષો કાનમાં ચાંદીની મુરકી પહેરે છે. સ્ત્રીઓ ઘણા દાગીના પહેરે છે. મોટે ભાગે દાગીના ઍલ્યુમીનિયમ જેવી હલકી ધાતુના હોય છે. ગળામાં બંધબેસતી કીડિયાંની સેરો (મુટ્ટા), તાંબાનાં લટકણિયાંવાળી કીડિયાંની લટકતી સેરો (પોતી), ચાંદીની કે હલકી ધાતુની સરી અને રૂપિયાનો હાર (હમ્મેલ) પહેરે છે. વાંસા પર કીડિયાંનાં ત્રણત્રણ ઈંચ લાંબાં ફૂંદાં (ફૂમતાં) રાખે છે. કાનમાં ચાંદી કે ધાતુનું કર્ણફૂલ અને ધાતુની કે પિત્તળની બાલીઓ પહેરે છે. વચલી આંગળી છોડીને ત્રણે આંગળીઓમાં મોટી છલ્લે (વીંટીઓ) પહેરે છે (બધાં સ્કેચ ૧૪માં). હાથમાં કાંકણ (કંકણ) અને માટી (વળિયાં; બહુવચન માઠચા) પહેરે છે (સ્કેચ ૧૫). કોણીની ઉપર બાંકડા (સ્કેચ ૧૫) અને તડિયા (બનઝારીનાં કડાં જેવા: સ્કેચ ૧૧-૩) પહેરે છે. ચાવીનો ૫-૭ ઇંચ લાંબો ઝૂમખો (આંકડો) રાખે છે (સ્કેચ ૧૫). પગમાં તોડા, કરલી (સ્કેચ ૧૬) અને ઝાંઝર પહેરે છે. પાંચે આંગળીમાં જોડવા પહેરે છે.

અંબોડાની અંદર રેશમનો ગોટો નાખે છે જેને કુંજાન કહે છે. અંબોડાની ઉપર કોડી, કાચના ટુકડા કે મોટા મણકાનો ઝૂમખો (ગૂંડી) નાંખે છે.

કોરકૂ લોકોના તહેવારો ગોંડ જેવા જ હોય છે. હોળીનો તહેવાર મોટામાં મોટો છે. તે મહારાષ્ટ્ર કે બીજા પ્રાંત જેમ એક જ દિવસે નથી ઉજવાતો, પરંતુ જુદાંજુદાં ગામના પટેલોના ઠરાવ્યા પ્રમાણે હોળીની આસપાસના કોઇ દિવસે ઊજવાય છે. હોળી સવાર-સાંજે બે વાર પ્રકટાવવામાં આવે છે: સવારે ભીવજી (અર્જુન)ને અને સાંજે રાવણને પ્રગટાવે છે. હોળીમાં દરેક નાચ પછી જુદાંજુદાં પ્રાણીઓની બોલી કરે છે. છેલ્લે ગલીગલીમાં નાચતાં જાય છે. બીજે દિવસે ધૂળેટી રમે છે. પોળા ને નાગપંચમી પણ ગોંડની જેમ જ તેઓ ઊજવે છે. લગ્નમાં ગોંડની જેમ જ નાચ ને ગીતોનું મહત્ત્વ ખૂબ છે. ઘરજમાઇની પ્રથા છે, એટલે લગ્ન કન્યા કે વર બેમાંથી હરકોઇને ઘરે થાય છે.

નૃત્યના તાલ, ગીત, વાજિંત્રો વગેરે પણ ગોંડ જેવાં જ હોય છે. આમાં પણ પુરુષોનો પહેરવેશ બનઝારી ને ગોંડ જેવો જ. સ્ત્રીઓ પાંચ વારની સાડી પહેરે છે. છેડો ગુજરાતી જેવો, આગળપાછળથી ખોસેલો અને બેત્રણ પાટલીઓ. દાગીના પણ ગોંડ સ્ત્રીઓ જેવા જ, પણ નામોમાં ક્યાંક ક્યાંક ભિન્નતા હોય છે. ગળામાં સરી ને રૂપિયાનો હાર, કાનમાં કુઠચા (કર્ણફૂલ, બુટ્ટી) ને બાલી, આંગળીઓમાં (વચલી આંગળી છોડીને ત્રણ આંગળીમાં) આંગઠી (બુટ્ટી) ને નાકમાં હોઠ સુધી આવે એટલી લાંબી નથ પહેરે છે (સ્કેચ ૧૭) જે ગોંડ નથી પહેરતા. હાથમાં કડવા (કડાં) પહેરે છે અને પગમાં બે-ત્રણ પિત્તળના અને એક ચાંદીનુ એમ ત્રણ તોડા પહેરે છે. લગ્ન પછી ગળામાં કાળાં કીડિયાં પહેરે છે ને માથામાં કોડી તથા પીછાં નાખે છે.

બનઝારીઓમાં સ્ત્રી-પુરુષોનાં નામ આપણા લોકો જેવાં એટલે કે સોનલ, રૂપલ, જમના, પાલસિંઘ, હનુમંતસિંઘ, એવાં ઓછાંવત્તાં સંસ્કારી હોય છે, જ્યારે ગોંડ-કોરકૂમાં દગડયા-ધોંડયાની જેમ જંગલા, મંગલા, જંગલી, કૂંજીલીક એવાં વધુ પ્રમાણમાં હોય છે.

બનઝારીઓ પોતાને સૌથી ચડિયાતા માને છે જ્યારે ગોંડ પોતાને બધાના રાજા તરીકે ઓળખાવે છે. કોરકૂ વળી પોતાને ગોંડથી પણ ચડિયાતા માને છે. આમ આ સાતપૂડાના વાસીઓ પોતાની મસ્તીમાં આનંદથી જીવન વીતાવે છે.

સાહિત્યસંપર્ક

સામાન્યજ્ઞાનની માહિતી પૂરી પાડતી પુસ્તિકાઓની ત્રણ માળા

પરિચય પુસ્તિકાઓ

સાત વર્ષ પહેલાં ડગુમગુ પગલે આરંભાએલી આ શ્રેણી હવે સુસ્થિર થઈ ચૂકી છે. વિદ્યાર્થીથી માંડીને સામાન્ય માણસ પણ સમજી શકે એવી સરળ રીતે લખાતી આ પરિચય પુસ્તિકાઓ ૧૫૭ની સંખ્યાએ પહોંચી ગઈ છે તે એની લોકપ્રિયતા ને ઉપયોગિતા સૂચવે છે. જે તે વિષયના અધિકારી લેખકો પાસે ૩૨ પાનાંની મર્યાદામાં લખાવીને માત્ર ૫૦ પૈસામાં એ વિષયનું ખરું ને પ્રાથમિક જ્ઞાન આપતી એની આગળ નવી પુસ્તિકાઓની નોંધ આ નીચે આપી છે:

ભારતનાં નૃત્યો: વિખ્યાત નૃત્યકાર શ્રીમતી મૃણાલિની સારાભાઇએ લખેલો, ભરત નાટયમ્, કથકલી, મણિપુરી, કુચિપુડી, કથક, ઓરિસ્સી વગેરે શાસ્ત્રીય નૃત્ય પ્રકારોનો પરિચય. **હિસ્ટીરિયા:** એક હઠીલા રોગ તરીકે ઘર કરી ગએલી આ માનસિક રોગાવસ્થાની સમજણ, કારણો અને ઉપાયનો ખયાલ આપતી ડૉ. વિનુભાઈ શાહની પુસ્તિકા. **પર્વતારોહણ**ના વિકસતા જતા વ્યાસંગની સમજણ આપતી પુસ્તિકા, લેખક: જગદીશ નાણાવટી. **બર્મા:** ત્યાં જ જન્મેલા અને રાજ્યશાસ્ત્રનું અધ્યાપન કરતા નગીનદાસ સંઘવીએ કરાવેલો પડોશી દેશ બ્રહ્મદેશનો પરિચય. **મુસ્લિમોનો ધર્મ:** એ વિષેની કેટલીક અપરિચિતતા દૂર કરી એનો ખરો ખયાલ આપતી ઇસ્માઈલભાઈ નાગોરીની પુસ્તિકા. **ગીરના સિંહ:** એમનો વસવાટ, જીવન, શિકાર અને માત્ર શોખ ખાતર એને જોવા જવા હોય તો એ વિષેની વિગતવાર માહિતી; લેખક: બી. જે. કાપડી. **કૅલેન્ડરની કથા:** મુખ્યત્વે પાશ્ચાત્ય કૅલેન્ડરનો ઇતિહાસ અને ભારતીય કૅલેન્ડરની સાદી સમજ; લેખક: રજનીકાન્ત મોદી. **ઍનીમીઆ,** એનાં કારણો, ચિહ્નો, અસરો અને ઉપાયનો પરિચય; લે૦ ડૉ. ડી. ડી. વૉરા. **જવાહરલાલ નેહરુ:** સંક્ષિપ્ત ચરિત્ર; લેખક: દિનકર મહાત્મે. **બોલતા તારા:** મનુભાઈ મહેતા લિખિત તારાઓ, આકાશગંગા, સૂર્યમાળા વગેરેનો આછો પરિચય. **સિનેમાની સૃષ્ટિ:** નિર્માણથી માંડીને વિતરણ-પ્રદર્શન સુધીના તબક્કાઓની સમજણ; લે૦ ચન્દ્રકાન્ત શાહ. **બાળકો તોફાન કેમ કરે છે?** જાણીતા બાળકેળવણીકાર મૂળશંકર ભટ્ટે આપેલી, ઘણાને મૂંઝવતા પ્રશ્નની છણાવટ. **પથરી**ના રોગ વિષેની વિગતવાર માહિતી આપતું ડૉ. ભાનુભાઈ શાહનું માર્ગદર્શન. **ઑલિમ્પિક:** એ ચતુર્વર્ષીય આંતરરાષ્ટ્રીય રમતસ્પર્ધાનો ઇતિહાસ અને ભારત એમાં શો ભાગ ભજવી શકે એનો ખયાલ આપતી સી. એસ. એ. સ્વામીની પુસ્તિકા. **મહારાષ્ટ્ર:** છેક મરાઠા કાળથી માંડી હમણાં પાંચેક વર્ષ પહેલાં અલગ રાજ્ય તરીકે અસ્તિત્વમાં આવેલા એ પ્રદેશનો પરિચય; લેખક: એમ. આર. પાળન્દે. **હૂંડિયામણની સમસ્યા:** આજકાલ ડગલે ને પગલે સાંભળવા મળતા અર્થવ્યવહારના એ શબ્દો પાછળની હકીકતોની સમજ. લેખક આર. કે. અમીન. **અરબ દેશોની ઊથલપાથલ:** ચન્દ્રવદન શુક્લએ આપેલી મધ્યપૂર્વ એશિયાની રાજકારણીય સમજ. **કાપડઉદ્યોગની કથા:** કસ્તૂરભાઈ લાલભાઈ જેવા પીઢ ઉદ્યોગપતિને હાથે લખાએલી ભારતના આ એક મહત્ત્વના ઉદ્યોગની માહિતી. **બહેરાં-મૂગાંની સમસ્યા:** સમાજના આ એક મહત્ત્વના પ્રશ્નની છણાવટ; લેખક: બંસીધર ગાંધી. **ગ્રામોદ્યોગથી શો ફાયદો?** યંત્રવાદના યુગમાં ભારત-જાપાન જેવા દેશો માટે ગ્રામોદ્યોગનાં મહત્ત્વ સમજાવતી પુસ્તિકા; લેખક: ઉછરંગરાય ઢેબર. **પરદેશી મદદ શા માટે?** ભારત માટે અનિવાર્ય થઈ પડેલી આ પરિસ્થિતિની સમજણ; લેખક: જે. ડી. સુંદરમ્. **શેક્સ્પીઅર:** અંગ્રેજી સાહિત્યથી અલ્પપરિચિત લોકોને ઉમાશંકર જોષીએ કરાવેલો એ વિશ્વકવિનો પરિચય. **પારસીઓનો ધર્મ:** પ્રો. ફિરોઝ કા. દાવરે આપેલી બહુ પરિચિત છતાં અલ્પપરિચિત એવી આપણી વચ્ચે જ વસતી એ કોમના ધર્મની માહિતી. **યુનિટ ટ્રસ્ટ શું છે?** તેના ચૅરમૅન આર. એસ. ભટ્ટે આપેલી વિગતવાર સમજણ. **વિશ્વબૅંક શું છે?** અર્ધ કે અલ્પ વિકસિત દેશોને સહાય આપતી એ વિશ્વસંસ્થાનો પી. બી. મેઢોરાએ કરાવેલો પરિચય. **ગુજરાતના આદિવાસીઓ**ની વચ્ચે વર્ષોથી કાર્ય કરતા અનુભવી લક્ષ્મીકાન્ત શ્રીકાન્તે આપેલો ભીલ, દૂબળા, ચોધરા, નાયક, વાઘરી, વગેરે કોમોનો પરિચય. **પત્રલેખનની કળા:** હાલ કંઇક ભુલાઈ ગએલી પણ એક અગત્યની કળાની મહેન્દ્ર મેઘાણીએ આપેલી સમજણ. **હૉકી:** ભારતના ગૌરવરૂપ રમતનો સી. એસ. એ. સ્વામીએ કરાવેલો પરિચય. **વંધ્યત્વની સમસ્યા:** સંસારના લગભગ દસ ટકા લોકોને મૂંઝવતા આ પ્રશ્નના ઉકેલના યોગ્ય માર્ગ પ્રત્યેનો અંગુલિનિર્દેશ. લેખક: ડૉ. ભાનુ ર. શાહ. **ભારતની શિલ્પસમૃદ્ધિ:** આપણા એ અતિ સમૃદ્ધ પણ અલ્પપરિચિત કલાક્ષેત્રનો પુરાવિદ્ ઉમાકાન્ત પ્રે. શાહે કરાવેલો પરિચય, **કોલસાની કથા:** આજની પ્રગતિના એ એક અતિ

શબ્દકથા: આશકા · શેષ · રક્ષા · ભભૂત

દેવની આરતીને, કે તેમને ચડાવેલાં ફૂલ સિંદૂરને, કે હવનની ભસ્મ વગેરેને સ્પર્શેલો હાથ પૂજ્યભાવે આંખે અડાડવો તે 'આકાશ લીધી' કહેવાય છે. પંદરમી શતાબ્દીના અંતમાં રચાએલા ભીમકૃત 'પ્રબોધપ્રકાશ' કાવ્યમાં 'આશિખા' (=આશીર્વાદ) રૂપ વપરાયું છે. સંસ્કૃત 'આશિષા', જૂની ગુજરાતી 'આશિખા,' અને પછી 'આશિકા', 'આશકા'.

દેવની પૂજાસામગ્રી આદિનો સ્પર્શ પાવનકારી—આશીર્દાયક ગણાય. 'ઠાર્યાં એવાં ઠરજો ને બાળ્યાં એવાં બળજો, સાસૂડીએ આશખ દીધી રે'—એ 'રઢિયાળી રાત'માં આપેલી પંક્તિઓમાં 'આશિષ'નું 'આશખ' રૂપે સચવાયું છે.

'મીનમેખ' (મેષ), 'વખડાં' (વિષ), 'મનખાદેહ' (મનુષ્ય), અમરખ ('અમર્ષ'), 'સંતોક' (સંતોષ) વગેરે મધ્યકાળમાં પ્રાપ્ત સંસ્કૃત શબ્દોમાં 'ષ'નો 'ખ' (કે અંતે કદીક 'ક') થયો છે. તે જ પ્રમાણે 'આશકા'માં.

આ જ જૂથના બીજા સંસ્કૃત શબ્દો તે 'શેષ, (સંસ્કૃત 'શેષા'—દેવને ચડાવેલ પુષ્પ વગેરેનો કે નૈવેદ્ય વગેરેનો શેષભાગ), 'પ્રસાદ' (ધરેલા નૈવેદ્યનો ભાગ— મૂળ અર્થ 'કૃપા') અને 'રક્ષા' (દેવને ચડાવેલ સિંદૂર કે હવન આદિની પવિત્ર ભસ્મ-વિભૂતિ-નું લમણા પર કે કાન નીચે કરાતું ચિહ્ન).

ઉપર્યુક્ત અર્થ ધરાવતા 'રક્ષા'માંથી આપણને 'રાખ' શબ્દ મળ્યો (મૂળ અર્થ તો 'રક્ષણ'). અને 'સમૃદ્ધિ', 'સંપત્તિ'ના વાચક 'વિભૂતિ' શિવભક્તોની પવિત્ર ભસ્મ માટે વપરાતો થતાં તેમાંથી 'ભભૂત' મળ્યો.

હરિવલ્લભ ભાયાણી

અગત્યના ખનિજનો પરિચય, એની માહિતી, એની આડ પેદાશો વગેરે મહત્વનો ડૉ. મધુકર શાહે આપેલો પરિચય. **કચ્છનું રણ**: ભારતના એ એક વિશિષ્ટ વિસ્તારનો ભૌગોલિક ને ઐતિહાસિક પરિચય આપી ભારત-પાકિસ્તાનના આજના રાજકારણમાં એના સ્થાનનું મહત્વ સમજાવતી વિજયગુપ્ત મૌર્યની અભ્યાસનીય પુસ્તિકા. **પ્રેમચંદ**: હિંદી ભાષાના એ અગ્રિમ સાહિત્યકારનો જયેન્દ્ર ત્રિવેદીએ લખેલો પરિચય. **મીઠાનો ઉદ્યોગ**: એની પેદાશના પરિચયથી માંડી એના ઉદ્યોગ વિષેની માહિતી આપતી પુસ્તિકા. લે. આર. જે. શાહ.

જ્ઞાનકૌશલ્ય પ્રકાશન શ્રેણી

(૧૩ સ્નેહકુંજ, એકસાઈઝ ચોકી, આંબાવાડી, અમદાવાદ-૬)

પરિચય ટ્રસ્ટની પેઠે અને લગભગ એ જ કાળે આરંભાએલી આ પ્રકાશન શ્રેણીની પુસ્તિકાઓ પણ એવી જ ઉપયોગી અને સંગ્રાહ્ય છે. એમાંનાં પાછલાં પ્રકાશનો: **આપણું ગુજરાત**: (લેખક: પ્રહ્લાદ પટેલ) ગુજરાત વિષે સામાન્ય માનવીએ જાણવી જરૂરી એવી માહિતીનું સંપાદન. એક ઉપયોગી સંદર્ભ સમી પુસ્તિકા. કિં. ૦-૪૦ પૈસા. **માનવ સેવામાં રસાયણ**: રોજિંદા વપરાશની કેટલીક ચીજ-વસ્તુઓમાં રસાયણ વિજ્ઞાને આપેલા ફાળાનો ટૂંકો પરિચય. કિં. ૦-૩૭ પૈસા. **આકાશવાણી – એક પરિચય**: 'ઑલ ઈંડિયા રેડિયો'નો એના અમદાવાદ કેન્દ્રના ડિરેક્ટર દેવેન્દ્ર દીક્ષિતને હાથે લખાએલો ઇતિહાસ અને પરિચય. ૦-૪૦ પૈસા, **પરમાણુ અને તેની શક્તિ**-નો પરિચય કરાવતી ડૉ. બળવન્ત નાયકની પુસ્તિકા. ૦-૬૦ પૈસા. **બ્રહ્માંડ અને જીવસૃષ્ટિ**: ગુજરાતના જાણીતા ખગોળ-વ્યાસંગી છોટુભાઈ સુથારે લખેલો ખગોળનો પ્રાથમિક પરિચય. ૦-૪૦ પૈસા. **ઘરનું અર્થતંત્ર**: જીવનખર્ચ અને જીવનધોરણ એ બંનેનો સમન્વય સાધવામાં ઉપયોગી સૂચનો આપતી પુસ્તિકા; લેખક: શંકરલાલ વ્યાસ. ૦-૪૦ પૈસા **જાપાન–એક દૃષ્ટિપાત**: જાપાનનો પરિચય આપવા સાથે ત્યાં જવા ઇચ્છનારાઓને અનેક રીતે ઉપયોગી એવા માર્ગદર્શક સૂચનોની પુસ્તિકા; લે. દિનકર જે. વ્યાસ. ૦-૪૦ પૈસા **પંચાયત રાજ**: એની વ્યાખ્યા, એનો ઇતિહાસ, મહત્ત્વ અને બંધારણની સમજ. લેખક: હીરાલાલ શાહ. ૦-૫૦ પૈસા. **રમ્યભૂમિ ગુજરાત**: ગુજરાતનો ઐતિહાસિક, ભૌગોલિક પરિચય આપી તેનાં જોવા લાયક સ્થળોની માહિતી આપતી રતિલાલ સાં. નાયકની પુસ્તિકા. ૦-૫૦ પૈસા. **લડાઈ અને લડવૈયા**: દુનિયાના અન્ય દેશોનાં લશ્કરોની સરખામણીમાં ભારતીય લશ્કર ક્યાં છે તે બતાવવાનો પ્રયાસ. લેખક: હરિનભાઈ શાહ. ૦-૫૦ પૈસા. **આપણા પારસીબંધુઓ**: જરથોસ્ત ધર્મના પરિચય સાથે પારસી કોમની કેટલીક વિશિષ્ટતાઓ વગેરેનો પરિચય આપતી પુસ્તિકા. લે.: પ્રો. ફીરોઝ દાવર. ૦-૪૦ પૈસા. **છબિકલા**: અગાઉ 'કુમાર'માં ફોટોગ્રાફી વિષે લેખમાળા લખનાર ડૉ. ગોવિન્દ મેવાડાએ લખેલી આ વિષયનું જ્ઞાન આપતી પુસ્તિકા. ૦-૪૦ પૈસા. **રેલવેની કામગીરી**-ની ઉપયોગી માહિતી આપતી પુસ્તકા. લે.: ચિમનલાલ આચાર્ય. ૦-૬૦ પૈસા. **કાવ્ય વિષે કંઈક**: કાવ્યસ્વાદન માટેની અભિરુચિ કેળવવાની દૃષ્ટિએ લખાએલી પુસ્તિકા. લે: સોમાભાઈ પટેલ. ૦-૪૦ પૈસા. **નેહરુનું ઇતિહાસ-દર્શન**: પં. નેહરુના જીવનના એક વિશિષ્ટ પાસાને કેન્દ્રમાં રાખી એમનો ઇતિહાસ વિષેનો વિચારવિમર્શ આપતી પુસ્તિકા. લે.: ચન્દ્રભાઈ ભટ્ટ. ૦-૬૦ પૈસા. **ધંધાકીય માર્ગદર્શન**: વિદ્યાર્થીઓને ઉપયોગી માર્ગદર્શક પુસ્તિકા. લે. મનુભાઈ ત્રિવેદી. ૦-૪૦ પૈસા. **રોગ અને ઉપચાર**: કુમારના પરિચિત વૈદ્ય લેખક લાભશંકર ઠાકરની સાર્થનામ સંગ્રાહ્ય પુસ્તિકા. ૦-૫૦ પૈસા. **લોકશાહીનું સ્વરૂપ**: પુરુષોત્તમ ગણેશ માવળંકરે લખેલો લોકશાહીનો ખરો પરિચય સમજાવતી પુસ્તિકા. ૦-૮૦ પૈસા. **જ્ઞાનજ્યોત**: સામાન્ય જ્ઞાન અને માહિતીઓના એક ઉપયોગી સંપાદનની સુધારેલી વધારેલી આઠમી આવૃત્તિ. સંપાદકો: પ્રહ્લાદ ભાઈ પટેલ અને સોમાભાઈ વી. પટેલ. કિં. રૂ. ૨-૦૦ રૂપિયા. **બુદ્ધિ કસો**: બુદ્ધિગમ્ય કોયડાઓ. સંપાદક પ્રહ્લાદ પટેલ. ૦-૫૦ પૈસા. છેલ્લી બન્ને પુસ્તિકાઓ જ્ઞાન વિજ્ઞાન પ્રકાશનની છે.


સંસ્કૃત સાહિત્યની કથાઓ

એક યા બીજા પ્રકારે અભ્યાસક્રમમાં રહેતા સંસ્કૃત કાવ્યનાટકોની ર. સાં. નાયકની આ વાર્તાતરમાળામાં આઠ પુસ્તિકાઓ પ્રગટ થઈ છે જેમાં ભાસના 'સ્વપ્ન વાસવદત્તા અને પ્રતિમા'; અશ્વઘોષનું 'બુદ્ધિ ચરિત'; કાલિદાસના 'માલવિકાગ્નિમિત્ર', 'વિક્રમોર્વશી', 'શાકુન્તલ', 'મેઘદૂત', 'કુમારસંભવ', 'રઘુવંશ'; શૂદ્રકનું 'મૃચ્છકટિક'; દણ્ડિનનું 'દશકુમારચરિત'; બાણનું 'હર્ષચરિત' અને 'કાદંબરી'; હર્ષવર્ધનના 'નાગાનંદ', 'રત્નાવલી' ને 'પ્રિયાદર્શિકા'; ભારવીનું 'કિરાતાર્જુનીય', માઘનું 'શિશુપાલવધ', ભવભૂતિનું 'માલતીમાધવ', 'મહાવીરચરિત' અને 'ઉત્તરરામચરિત'; વિશાખદત્તનું 'મુદ્રારાક્ષસ' અને ભટ્ટ નારાયણનું 'વેણીસંહાર'—આટલા ગ્રંથોની કિશોરભોગ્ય કથાઓ આપવામાં આવી છે. પ્રકાશક: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીરસ્તો, અમદાવાદ–૧. દરેકનો રૂ. ૧

(ગયા અંકમાં આવેલા 'કેટલાક ષષ્ટિપૂર્તિ અને અભિનંદન ગ્રંથો'ના અવલોકન લેખના લેખક બહાદુરશાહ પંડિત)

શતરંજનો કોયડો

G. BOGDASSARJANZ



White to play and draw

સ્થિતિ: 3n1kBR/3Kp2p/7p/24/3RP3/q4n2

કોયડો: સફેદે રમવાનું ને ડ્રૉ મેળવવાનું.

આ સ્થિતિમાં કાળા પાસે વધુ મહોરાં છે અને તે જીતવા માટે પૂરતાં છે. વળી, સફેદના બંને હાથી ઉપર તેનો હુમલો છે એ જોતાં સફેદને માટે ડ્રૉ મેળવવાનો એક જ રસ્તો, પોતાનાં બધાં મહોરાંઓના ભોગ આપીને Stalemate લાવવાનો – હોય એમ લાગે છે, પણ નીચેનો ઉકેલ જોતાં આશ્ચર્ય થશે.

ઉકેલ: 1R–Q1, Q×R (R1)

જો કાળો સફેદનો બીજો હાથી મારે તો મ્હાત જ થઇ જાય. 1…, Q×R (Q8)ch; 2B–Q5 mate. 2R×N ch, K×B; 3K–K8, હવે સફેદ 4R–B8 mateની ધમકી આપે છે.

3…, N–K3; 4R–N1ch, N–N2; 5 K×P! Stalemate.

ધાર્યા પ્રમાણે રમતનો અંત Stalemate-માં જ આવ્યો. પણ આશ્ચર્યની વાત એ છે કે Stalemate સફેદ નહિ, પણ કાળો થઇ ગયો, તેની પાસે રાજા ઉપરાંત વજીર, ઘોડા અને પ્યાદું હોવા છતાં. **સુરેશ મોદી**

★ F ફેડરલ
★ B બ્યૂરો ઑવ
★ I ઇન્વેસ્ટિગેશન
★ લેખક • પુષ્કરભાઈ ગોકાણી

ફાઇટર જેટ વિમાનો હજી પ્રાયોગિક દશામાં હતાં ત્યારે અજમાયશ માટે એવું એક વિમાન ઉડાડવામાં આવ્યું. હવાનું દબાણ, ગતિ, ઉષ્ણતા વગેરેની આપમેળે નોંધ કરવાનાં યંત્રો સાથે એમાં એક ટેઈપરેકૉર્ડર પણ હતું. જમીન પરના મથક સાથેની વિમાનના પાયલટની બધી વાતચીત તેના પર નોંધાતી જતી હતી. અવાજની ગતિ જેટલી વિમાનની ઝડપ થઈ ત્યારે એ કંઈક અટવાઇ ગયું. નીચે મથક પર પાયલૉટનો અવાજ સંભાળાયો: '...હવે મારે વિમાનમાંથી કૂદી પડવું જોઈએ...' એ પછી બીજા ભયાનક ઘોંઘાટમાં એનો અવાજ ડૂબી ગયો, ને પછી તદ્દન શાંતિ છવાઈ ગઈ.

સંભવ હતો કે વિમાન ભાંગી પડયું હોવું જોઇએ. તપાસ ચાલી. ભંગાર હાથ કર્યો. પાયલટ પણ ખલાસ થઈ ગયો હતો. છેલ્લે છેલ્લે એ શું બોલ્યો હતો અને કયા કારણે એ વિમાન છોડીને કૂદી ન શક્યો એ જાણવું અત્યંત અગત્યનું હતું. પાયલટની કંઈ ભૂલ થઈ હતી કે વિમાનની કંઈ ખામી હતી તેની તપાસ ચાલી. ભંગારમાંથી મળી આવેલી ટેઈપરેકૉર્ડરની ટેઈપ એફ. બી. આઈ.ની લૅબોરેટરીમાં મોકલાઈ.

પ્રથમ તો એ અસલ ટેઈપ પરથી એક બીજી વધારાની ટેઈપ તૈયાર કરી લીધી કે જેથી મૂળ ટેઈપ સચવાઈ રહે. પછી ટેઈપરેકૉર્ડરે લીધેલી ધ્વનિનોંધનું પરીક્ષણ ચાલ્યું. એમાં જણાયું કે પાયલટના અવાજને એક બીજો મોટો ગરબડિયો અવાજ ઢાંકી દેતો હતો. વિમાન તૂટી પડયું ત્યારે તેના પડવાનો તે અવાજ હોઈ શકે.

અનેક અજમાયેશો કરી કરીને એ ગરબડાટને પાયલટના અવાજથી છૂટો પાડવામાં આવ્યો. આપણે જાણીએ છીએ કે ગતિની વધઘટ થતાં ગ્રામોફોનની રેકૉર્ડના અવાજમાં પણ ફેર પડે છે, જેમાં કયારેક ગાનારનો તો કયારેક વાજિંત્રોનો અવાજ દબાઈ જઈ બાકીનો અવાજ સ્પષ્ટ કે આછો સંભળાય છે. આ જ સિદ્ધાંત પર કામ કરતા 'સોના–સ્ફેચર' નામક એક સાધન વગેરેનો ઉપયોગ કરી ઘોંઘાટના અવાજ વચ્ચેથી એફ. બી. આઈ.ની પ્રયોગશાળાએ પાયલટનો અવાજ જુદો પાડચો. ટેઈપની ધ્વનિનોંધમાં સંભાળાયું કે '...હવે મારે વિમાનમાંથી કૂદી પડવું જોઇએ...પણ, ઓહ! નથી કૂદી શકાતું...નથી કૂદી શકાતું...'

એ દયાજનક ધ્વનિનોંધને આધારે જેટ-ફાઇટરના કંટ્રોલ, સીટ, બારણાં અને ઉષ્ણતાના કાબૂમાં નવા સુધારા થયા. તે પછીના ઘણા માણસોની જિંદગી એથી બચી. આ જેટ-ફાઇટરોમાંથી આગળ જતાં પ્રવાસી જેટ-વિમાનો વિકસ્યાં. આવી ગુના સાથે નહિ સંકળાએલી બાબતોમાં પણ એફ. બી. આઈ.નો ફાળો નોંધપાત્ર છે.

એક બીજો દાખલો જોઇએ: મિસિસ રૉબર્ટ પાર્ક્સ એકાએક ઘર બહાર દોડી આવી બૂમો મારવા લાગી કે એના પતિને કોઇએ ગોળીથી વીંધી નાખ્યો છે.

ગોળી પડખામાં વાગીને હૃદયમાં થઈ સોંસરી બહાર નીકળી ગઈ હતી. જમવાના ખંડમાં મિ. રૉબર્ટની પાછળ પિસ્તોલ પડી હતી ને તેમાંથી એક ગોળી છૂટી હતી. બીજા કારતૂસો પિસ્તોલમાં સલવાએલા હતા. આપઘાતનો બનાવ લાગતો નહોતો; કેમ કે અત્યંત નજીકથી ફૂટેલી પિસ્તોલને લીધે એની ચામડી દાઝી જવી જોઇએ એમ દાઝી નહોતી. વળી, ગોળી પડખામાંથી જે રીતે આરપાર ગઈ હતી, તે રીતે આપઘાતમાં બની શકે તેમ નહોતું.

મિસિસ રૉબર્ટે કહ્યું કે પિસ્તોલનો અવાજ સાંભળી તે રસોડામાંથી દોડી આવી ત્યારે તેના પતિ માત્ર આટલું જ કહી શકયા કે ગોળી અકસ્માત ફૂટેલી; ને પછી તે તુરત પડી ગયા હતા. પતિ-પત્નીને બનતું નહોતું. પિસ્તોલ પર પત્નીના આંગળાની છાપ પણ હતી.

આંગળાંની છાપ પરત્વે પત્નીનો બચાવ એવો હતો કે પિસ્તોલમાં કારતૂસો સલવાઈ ગયા હતા તે સરખા કરવામાં તેણે પોતાના પતિને મદદ કરવા પિસ્તોલ હાથમાં લીધેલી ત્યારની હતી. પછી અંતે કારતૂસ સરખા ન થતાં એ કંટાળીને રસોડામાં જઈ કામે વળગી અને થોડી વારે એકાએક પિસ્તોલનો અવાજ સંભળાયો.

સાંયોગિક પુરાવા પરથી મિસિસ રૉબર્ટ પર જ ખૂનનો આરોપ મુકાયો. પણ હજી તપાસ ચાલુ રહી. જયાંથી પિસ્તોલ મળી આવેલી તે બારણાની જાળી પર એક જગ્યાએ થોડો રંગ ઊખડી ગયો હતો. પિસ્તોલના કુંદા પર પણ એવો જ થોડો રંગ દેખાતો હતો.

જાળી, પિસ્તોલ, કારતૂસ વગેરે એફ. બી. આઈ.ની પ્રયોગશાળામાં આવ્યાં. મોતનું કારણ આ પિસ્તોલની જ ગોળી હોવાનું નક્કી થયું. જાળી પરનો રંગ અને પિસ્તોલ પર લાગેલો રંગ એક જ હતો. તપાસ આગળ ચાલી. જાળીમાંનો રંગ જે જગ્યાએથી ઊખડી ગએલો એ જ જગ્યાએ પિસ્તોલને ચોંટેલો રંગવાળો ભાગ ગોઠવાય તો તેનું નાળચું મરનારના પડખા તરફ જ મંડાય એમ નક્કી થયું. અને આખરે સાબિત થયું કે ખરેખર અકસ્માત જ પિસ્તોલ ફૂટેલી. કારતૂસ બરાબર નહિ ગોઠવાતાં આખરે કંટાળીને મિ. રૉબર્ટે પિસ્તોલ ફેંકી હશે અને જાળી સાથે અથડાઇને એમાંથી ગોળી છૂટી હશે, જે મરનારના પડખામાં ઘૂસી ગઈ.

મિસિસ રૉબર્ટ નિર્દોષ સાબિત થઈ ને એને અન્યાય થતો રહી ગયો. એફ. બી. આઈ.ની ચીવટથી એ બચી ગઈ.

ઈ. ૧૯૪૧માં જાપાનીઓએ પર્લ હાર્બર પર હુમલો કરી અમેરિકાને પણ વિશ્વયુદ્ધમાં ઉતાર્યું. એ વેળા એફ. બી. આઈ. આવી કટોકટી માટે પણ તૈયાર હતું. યુદ્ધના ખબર મળ્યા કે તુરત પ્રેસિડેન્ટ રૂઝવેલ્ટ અને ઍટર્ની જનરલ બિડલની પરવાનગી મેળવી અમેરિકામાં વસતા શંકાસ્પદ પરદેશીઓની અગાઉથી તૈયાર કરી રાખેલી નોંધોના આધારે એફ. બી. આઈ.એ બોંતેર કલાકમાં

લગભગ પોણા ચાર હજારથી યે વધુ વિદેશીઓને પકડી લીધા. દરેક એજન્ટ રાતદિવસની લાગટ કામગીરી પર ચડી ગયો. રજાઓ રદ થઈ ગઈ. હવાઈ ટાપુઓના મુખ્ય શહેર હોનોલુલુમાંની જાપાની એલચી કચેરીનાં બળી રહેલાં રેકૉર્ડ હાથ કર્યાં ને તેના આધારે જાપાન અને જર્મની સાથે મળી અમેરિકામાં ભાંગફોડ કરવા માટે ઘડેલી ગુપ્ત યોજનાની માહિતી મેળવી તેની સાથે સંકળાએલી અનેક ટોળીઓને પકડી લીધી. એફ. બી. આઈ. વતી જર્મન જાસુસખાતામાં ભળેલા એક એજન્ટ (ડબલ એજન્ટ) મારફત ટાંકણીના માથા જેટલા વિસ્તારમાં લાંબા સંદેશાઓને ઉતારવાની જર્મનોની 'માઇક્રો-ડૉટ' પદ્ધતિનો પણ પત્તો લાગ્યો.

કોઈ પણ સંભવિત પરિસ્થિતિ માટે અગાઉથી તૈયાર એફ. બી. આઈ.એ એવી તો છાપ પાડી હતી કે અનેક ભાંગફોડિયા અમેરિકાથી છૂપું કંઈ નથી એવા ભયથી કેટલીક નવતર માહિતીઓ પણ બોલી દેતા. એ વખતમાં વિદેશી જાસુસી સાથે સંડોવાએલા અનેક અમેરિકનોને પણ એફ. બી. આઈ.એ પકડયા. એની અગમ-ચેતીને લીધે દેશને જાનમાલની અનેક મોટી હાનિઓ થતી રહી ગઈ. લાખોની યુદ્ધસામગ્રી શત્રુઓને હાથ જતી બચી ગઈ.

પણ આમ માત્ર તપાસ જ કરવામાં રોકાઈ ન રહેતાં એ ખાતાએ યુદ્ધકાળમાં ઘણી બુદ્ધિભરી યોજનાઓ પણ કરી. એન. ડી. ૯૮ (ND 98) સંજ્ઞાથી ઓળખાતા એક જર્મન જાસુસને ડબલ એજન્ટ બનાવી, કેટલાક ખોટા સંદેશા મોકલી, એમણે શત્રુઓને માર્શલ ટાપુઓ પરથી કુરાઈલ ટાપુઓ પ્રતિ દોરી જઈ, પાછળથી પેલા ટાપુઓ કબજે કરવામાં લશ્કરને સહાય કરી. એ એન. ડી. ૯૮એ છેક ૧૯૪૫ સુધી છૂપું રેડિયો સ્ટેશન ચલાવી જર્મનોને ખોટી માહિતી આપીને બદલામાં ખાતા પાસેથી ૫૪૦૦૦ ડૉલર મેળવેલા. એ બધી રકમ એણે 'એલીઅન પ્રૉપર્ટી કસ્ટોડિયન'ને સોંપી દીધી. એ જાસુસ પાછળ પગાર અને અન્ય ખર્ચ મળી કુલ ૩૨૦૦૦ ડૉલર વાપરેલા. યુદ્ધ દરમિયાન એફ. બી. આઈ.એ ૧૯૬૪ જેટલા કેસમાં તપાસ કરી ભાંગફોડ ને વિનાશ અટકાવેલો.

યુદ્ધકાળમાં દક્ષિણ અમેરિકાનાં રાજ્યોમાં કામ કરવા એફ. બી. આઈ.એ 'એસ. આઈ. એસ.' (સ્પેશિયલ ઈન્ટેલિજન્ટ સર્વિસ)ની સ્થાપના કરેલી. તેના એજન્ટોએ એ રાજ્યોની રક્ષામાં અને શત્રુદેશમાં ઊપડી જતા કિંમતી માલની દાણચોરી અટકાવવામાં બહુ મોટો ફાળો આપ્યો. જર્મનીને એ વખતે પ્લૅટિનમની અત્યંત જરૂર હતી. કોલંબિયા, કૅનેડા, રશિયા, અમેરિકા ને દક્ષિણ આફ્રિકામાંથી જ એ મળી શકતું. અને એમાં જર્મની માટે તો એકમાત્ર કોલંબિયામાંથી જ એ પ્રાપ્ય હતું. મૂળ ૧,૩૭,૫૦૦ ઔંસ પ્લેટિનમ જર્મની જવાનું હતું, પણ એસ. આઈ.એ બજાવેલી ચપળ કામગીરીને કારણે માત્ર ૨૫૦૭ ઔંસથી વધુ પ્લૅટિનમ કોલંબિયાની બહાર જઈ શકયું નહિ. પરિણામે જર્મનીના યુદ્ધ-સામગ્રીના ઉત્પાદનને મોટી ખોટ પડી, જે એ વિશ્વયુદ્ધને વધુ જલદી પૂરું કરવા પ્રત્યે દોરી ગઈ. પણ ૬૦ અમેરિકામાં આ બંને સંસ્થા સીધું કામ કરી ન શકતી. એમણે મેળવેલી માહિતી ત્યાંના અમેરિકન એલચીખાતાને અપાતી ને તે ત્યાંની સરકારને ખબર આપતી, ને એ પરથી ત્યાં પગલાં લેવાતાં. આ રીતે ત્યાંથી ૮૬ જર્મન જાસુસો પણ પકડાએલા. આર્જેન્ટિનામાં પણ આ સંસ્થાઓએ આવું જ ઉજ્જવળ કામ કરી બતાવેલું.

એસ. આઈ. એસ.માં ૩૬૦ એજન્ટો હતા. એમની કામગીરી અજોડ હતી. યુદ્ધ પૂરું થતાં એ સંસ્થા સમેટી લેવાઈ.

જર્મન નાઝીઓ અને સામ્યવાદીઓ અમેરિકાના દુશ્મન ગણાતા હતા. કરોડો ડૉલરનું નુકસાન કરતા સામ્યવાદી પક્ષને અમેરિકાએ ગેરકાયદે ઠરાવ્યો. અમેરિકન સરકારને ઉથલાવી પાડવાના સામ્યવાદી કાવતરાને ખુલ્લું પાડતો ૧૩૫૦ પાનાંનો ૫૪૬ પુરાવાઓવાળો અહેવાલ એફ. બી. આઈ.એ આપેલો. એના પરથી એમના કામના વિસ્તારનો ખયાલ આવશે. પછી પણ જ્યારે એ કાવતરા વિષે કોર્ટમાં તપાસ ચાલી ત્યારે ૩૦૦ પુરાવા સાથે ૫૦૦ પાનાંનો એક વધુ અહેવાલ પણ એજન્ટોએ આપ્યો. એના આધારે સામ્યવાદીઓને સજા ફરમાવવા સાથે એમનો બચાવ કરનાર વકીલોને પણ ઓછીવત્તી સજા ન્યાયાધીશે ફરમાવેલી.

૧૯૪૯માં પ્રેસિ. ટ્રુમૅને જાહેર કર્યું કે રશિયાએ પણ ઍટમ-બૉંબનો ધડાકો કર્યો હોઈ એનું રહસ્ય હવે અમેરિકાની બહાર પણ પહોંચ્યું છે.

એફ. બી. આઈ.નાં ચક્રો ગતિમાન થઈ ગયાં. રશિયા સુધી એ રહસ્યો કઈ રીતે પહોંચ્યાં? ઍટમ બૉંબના સર્જન સાથે સંકળાએલા બધા વિજ્ઞાનીઓની તપાસ ચાલી, કેમ કે એમના સિવાય તો અન્ય કોઇને એ રહસ્યોની જાણ નહોતી જ.

પણ ૧૯૪૩માં કેટલાક બ્રિટિશ વિજ્ઞાનીઓ અરસપરસ વૈજ્ઞાનિક માહિતીઓની આપલે માટે અમેરિકા આવેલા. એ વિજ્ઞાનીઓનો નાયક ક્લાઉસ ફુશ હતો. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન હાથ લાગેલી નાઝી ફાઇલો તપાસતાં એક માહિતી મળી. એમાં ગેસ્ટાપો ફીલ્ડ ઑફિસ કેસની ફાઈલમાં ક્લાઉસને સામ્યવાદી ગણવામાં આવ્યો હતો. એમાં લખેલી જન્મ તારીખ અને જન્મ સ્થળ વગેરેની વિગતો પણ બરાબર મળતી હતી. પણ ક્લાઉસ તો બ્રિટનના અણુશક્તિ વિભાગનો વડો અને પ્રતિષ્ઠિત નાગરિક હતો. વળી, નાઝીઓએ તો અનેક નિર્દોષોને પણ સામ્યવાદી ઠેરવીને દંડ આપ્યો હતો. પણ છતાં એ મળેલી વિગતોનું મહત્ત્વ ઓછું નહોતું.

પણ આ કેસમાં તપાસ કરતાં એક એજન્ટને ૧૯૪૬ના એક કૅનેડિયન કેસની ફાઇલ હાથ ચડી. રશિયન એલચીમંડળમાંથી ઓટાવા (કૅનેડા) નાસી આવેલા એક ક્લાર્ક સાથે એ ફાઈલ આવેલી. તેમાં કેટલાંક નામ-સરનામાં હતાં, જેમાં 'ક્લાઉસ ફુશ, એડિનબરો યુનિ., સ્કૉટલૅન્ડ' એવું એક સરનામું પણ હતું.

હવે તે માહિતી બ્રિટિશ જાસુસી ખાતા એમ. આઈ. એસ. ને પહોંચાડી ને ફુશ વિષે વધુ વિગત મંગાવી. ત્યાંથી ખબર પડી કે હિટલર સત્તા પર આવ્યો તે પહેલાં ૧૯૩૩માં ફુશ ઇંગ્લંડ આવેલો અને જ્યારે જર્મની અને બ્રિટન યુદ્ધે ચડયાં ત્યારે તેણે બ્રિટનમાં અણુસંશોધનનું કામ શરૂ કરેલું. હવે તે બ્રિટિશ (અનુ. પૃ. ૫૩૭)

નવતર નાટકશાળા

લેખક : ચન્દ્રવદન મહેતા

પણ લાંબી વાત છોડીને લગભગ બંધાઇ રહેવા આવેલા અમારી હોટેલની બાજુમાંના થીએટરમાં જરા જઈએ તો?

બહુ મોટું મકાન. સફેદ પથ્થર, મોટે ભાગે આરસ. વિક્રમભાઇએ મારું ધ્યાન ખેંચ્યું અને હું પોલિશ સાથીદાર સાથે ત્યાં ગયો. નાટક તો ત્યાં જોયું 'ઈલેક્ટ્રા'નું, પૂરા ગ્રીક અસલી રૂઆબમાં; પણ નાટકશાળા જોતાં જ કલ્પના ફડફડી ઊઠી.

મારી સાથે ઈન્ડો-પોલિશ ફ્રેન્ડશિપ સંસ્થાના બેત્રણ સભ્યો હતા. એમાં એક શીખ યુવાન પણ હતા. એ સંસ્થા આ નાટકશાળાની નજીકમાં જ, એટલે એ લોકો મને પાંચ વર્ષથી બંધાતી આ નાટકશાળાનું કલેવર બતાવવા આવ્યા.

એનો નકશો સમજવા આપણે એક કાગળ લઈ એની ઉપર વચમાં એક ચોરસ દોરો. દોર્યો? હવે એની ચાર લીટી બહાર ચારેકોર ચાર ચોરસ દોરો, એટલે વચમાંના ચોરસની સાથે પાંચ ચોરસ થશે. હવે બહારના ચાર ચોરસમાંથી ત્રણ ચોરસની સૌથી બહારની લીટીમાં બબ્બે જુદાંજુદાં આવનજાવનનાં બારણાં મૂકો. હાં, તમે ચોરસનાં માપ માટે પૂછો છો? ના, હમણાં પૂછો મા. આપોઆપ એનો અંદાજ નીકળશે. હવે આપણે એક જ ચોરસ સાથે મથામણ કરીશું: જમણા હાથનો નાકા પરનો. એમાં બે મોટાં બારણાં. એ બારણાંની બહાર ટિકિટ-બારીઓ છે. ત્યાં મોટરોની ત્રણ હાર એકીસાથે દાખલ થાય એવો પોર્ટિકો છે. પોર્ટિકોની ઉપર મકાનનો ભાગ છે. એટલે આપણે મોટરમાંથી પોર્ટિકોમાં ઊતરી, બહારથી ટિકિટ લઈ જમણા હાથના ચોરસમાં દાખલ થયા. ત્યાં ચિત્રો છે, બેસવાના મુલાયમ સોફા છે, દીવા-રોશનીનાં ઝુમ્મરો છે. ત્યાં પ્રેક્ષકો હરેફરે છે, મળે છે.

હવે જે દરવાજામાંથી દાખલ થયા એની સામે જ બીજા બે દરવાજા છે એમાં પ્રવેશો, એટલે જમણા ચોરસમાંથી વચલા ચોરસની જમણી દીવાલમાંથી અંદર દાખલ થયા. તો ત્યાં વચ્ચેથી ઉપર જતો મખમલના ગાલીચા-પાથર્યો આરસના પથ્થરનો દાદર છે: એક હારમાં ચાર જણ ગાલીચા ઉપર અને બાજુમાં બબ્બે, એમ એકસામટા આઠ જણ હારબંધ ઉપર જઈ શકે એટલો પહોળો, અર્ધે દાદરથી જમણી અને ડાબી બાજુ ફંટાતી સીડીઓ છે. ત્યાંથી ઉપર ગયા કે એ જમણા હાથના ચોરસ ઉપરના માળમાં તમે ટિકિટ બતાવી દાખલ થઈ જાઓ તો ત્યાં નીચેના પોર્ટિકો ઉપરની રંગભૂમિ તમારી સામે, અને તમે પહેલા ચોરસની ઉપર પ્રેક્ષાગૃહમાં, આઠસોમાંની એક બેઠક ઉપર. આ છે સીધાં નાટક કરવાની રંગભૂમિ.

એ જ પ્રમાણે નીચેના બીજા ચોરસ ઉપર સંગીત-ઘર અને ડાબા હાથના ચોરસ ઉપર ઓપેરા કરવાની રંગભૂમિ. આમ એકીવખતે ત્રણ હજાર પ્રેક્ષકો ત્રણ જુદાંજુદાં પ્રેક્ષાગૃહોમાં બેસી, નાટક–ઓપેરા જોઈ શકે અને સંગીતનો જલસો સાંભળી શકે. ના જી, અહીં એક ચોકઠામાં શું થાય છે, એનો જરા સરખો પણ અવાજ બીજા કે ત્રીજા ચોકઠામાં ખલેલ ન કરી શકે. હવે રહ્યુ ચોથું ચોકઠું. એમાં દાખલ થવાનું બે બાજુથી, અને ત્રણમાં આપણે દાખલ થયા એ દિશામાંથી, સિંહ–હાથી–વાઘ–બકરાં–કૂતરાં–રીંછ–ભૂંડ, જેવાં જેનાં ઝૂંડ, તેવાં સરકસનાં જાનવરો, ખેલ કરવા નીચે ભોંયતળિયે સરકસ ચાલે ત્યાં આવી શકે. એની અંદરની બેસવાની બાંધણી ગોળાકારમાં.

હવે રહી વાત વચલા ચોરસની. એમાં અંક પડતાં હજાર માણસ ખાણીપીણી કરી શકે એવી વ્યવસ્થાવાળું રેસ્ટોરાં: ખૂણામાં બે અલાયદા 'બાર' સાથે. અને થાકી ન ગયા હો તો આ ઉપરની ત્રણે રંગભૂમિમાં કામ કરનારાઓ માટેના મેઈક-અપ રૂમની હારમાળા જોવી હોય તો ચાલો. અને હજી થાક્યા ન હો તો આ આલીશાં જગ્યામાં કામ કરનારા દફતરદારો માટેના ઓરડા જોવા હોય તો હજી ઉપર ચાલો.

એકીવખતે ચાર ખેલ ચાલે એવો ચોતરો; આસપાસ જેટલી જ— ત્રણથી ચાર હજાર–મોટરોને ખડકાવી દેવાની પાર્કિંગની જગ્યા; આખી ઇમારતમાં સફેદ ચકચકતો લીસો આરસ! હજી બધું સંપૂર્ણ પૂરું તો બે-અઢી વર્ષે થશે, પણ એક ચોરસ ઉપર એક રંગભૂમિ (નાટક ભજવણી) શરૂ પણ થઈ ગઈ છે, ત્યાં બેસી બંદાએ 'ઍગમેમ્નૉન' જોયું એ સાચું!

યાદ છે ને વીએના? ને યાદ છે ને સ્કાલા? એ બંને સ્થળો પર બૉંબ પડ્યા હતા! પણ અહીં તો આખું શહેર ભસ્મીભૂત! હજુ રહેવાને પૂરતાં મકાનો નથી, ત્યાં વીએના–સ્કાલાને પણ ભુલાવે એવી આ નાટકશાળા બંધાઈ રહી છે એ જાણીને, 'આપણી પાસે પૈસો નથી, આપણે ગરીબ છીએ, આપણે ક્યાં અને એ લોકો ક્યાં' એવી પામર વાતો આપણે હવે કરતા અટકીએ તો સારુ. હા, એને બદલે 'નાટકશાળાઓ બાંધવામાં આપણને રસ નથી, એનો શૉખ નથી, એ માટે હોવો જોઇએ એટલો પ્રેમ નથી, દિલમાંથી ઊંડે ઊંડે એ પ્રત્યેની રહીસહી સૂગ હજી પૂરેપૂરી ગઈ નથી' એમ આપણે કહી શકીએ. એ નાટકશાળા બંધાઈ રહે ત્યારે એને જોવા જવા ઈશ્વર મને આંખ, જિંદગી ને શક્તિ આપે એટલી મારે માટે પ્રાર્થના કરવા હું આપ સૌને વીનવું છું.

અહીં, એ નવી બંધાઈ રહેલી નાટકશાળાના, ચતુર્થ ભાગમાંની રંગભૂમિમાં ફરી વાર યુરિપેડિસની કૃતિ 'મીડીઆ' જોઈ. હેલસિંકી, લંડન, પેરી(સ), ખુદ ઍથેન્સની મીડીઆ કરતાં આ વૉરસૉની મીડીઆ અનોખી હતી. એમાં મદીલી મનોરમ, છાક છટપટાટે ઊછળતી, પણ ઝેરીલી ડંખીલી ઉન્માદિની, વૈરિણી, ખૂનખાર કામો કરનારી, પણ ઘર-ઘર પ્રેક્ષકોનો સમભાવ જીતી લેનારી, દિલને અને બુદ્ધિને તંગ કરનારી, ભારેની નટી હતી. એ દિવસ છેલ્લો હતો ..


આખરે વૉરસૉથી નીકળી લંડન જવાનું ઠર્યું. રસ્તે પ્રો. હંટ અને બીજા બેત્રણ મિત્રોનો સથવારો હતો. શહેરમાંથી ભંગાર ખૂંદતા, ગઈ રાતે જોએલી ટ્રૅજેડીનો વિચાર કરતા વહેલી સવારની સુરખી માણવા પ્રયત્ન કરતા અમે જતા હતા. અમારી નાનકડી ટોળીમાં જ્યૉર્જ સ્ટાઈનરના એક મિત્ર હતા. એણે 'ડેથ ઑવ ટ્રૅજેડી'નું પુસ્તક વાંચેલું, પચાવેલું.—આખું મોઢે! ટ્રૅજેડી ખરેખર ખતમ થઈ ગઈ? શહેરમાંથી નીકળતા રસ્તે, અહીં પોલૅંડમાં આટલામાં જ, બીજી લડાઇમાં જે બિના બની તે એણે કહી. ચાલુ દાયકાની જ વાત. વૉરસૉની દક્ષિણે જતાં આ જ રસ્તા ઉપરનો સાચો બનેલો કિસ્સો.

ત્યાં એક મઠ હતો–મૅનેસ્ટરી. એનો ઉપયોગ જર્મનોએ એમાં રશિયન સૈનિકોને કેદમાં રાખવામાં કર્યો હતો. લડાઇના આખરી તબક્કામાં જર્મન લશ્કરને પાછા હઠવું પડ્યું, ત્યારે અહીં જરા પણ ખોરાક પહોંચી શક્યો નહોતો. આસપાસ જે કંઈ હતું તે રખેવાળ સૈનિકો લૂટી પૂરું કરી ગયા હતા. એમની પાસે ચોકિયાત કૂતરા હતા. તે ભૂખમરે ઉશ્કેરાવા લાગ્યા. જર્મનોએ કૂતરા બચાવવા, એમને રશિયન કેદીઓને પીંખી ખાવા એમના ઉપર (અનુસંધાન પૃ. ૫૩૧)

કલાવાર્તા

રાણી ઇલિઝાબેથનો કલાકોષ

બ્રિટિશ રાજવીઓને વારસાગત મળતો રહેતો કળાના મૂલ્યવાન નમૂના ધરાવતો જે કલાકોષ હાલ રાણી ઇલિઝાબેથ (બીજાં)ને હવાલે છે તેમાંની કેટલીક કૃતિઓ નોંધપાત્ર છે. બકિંગહામ પૅલેસ, વિન્ડસર કૅસલ, હૅમ્પ્ટન કોર્ટ વગેરે સ્થળે તે રાખવામાં આવ્યો છે અને ચાર્લ્સ પહેલો, જ્યૉર્જ ત્રીજો આદિ રાજવીઓના શૉખની પ્રતીતિ કરાવે છે. સાધારણ-રીતે જોવા ન મળતાં આ સુંદર નમૂનાઓનો આસ્વાદ જાહેર પ્રજા લઈ શકે તે માટે રાણીએ તાજેતરમાં એક નાની ગૅલેરી બંધાવી છે.





ઉપર: 'ધ વાઝ બેરર્સ'. રાણી એલિઝાબેથ બીજાના હૅમ્પ્ટન કોર્ટ મહેલમાંનું કલાકાર મૅન્ટેનાનું ચિત્ર ડાબી બાજુ ઉપર: 'આદમ ઍન્ડ ઇવ', કલાકાર મેબુસે. નીચે: ચાર્લ્સ પહેલાએ કલાકાર વાન ડાઈક પાસે કરાવેલી ત્રણ જુદીજુદી સ્થિતિ પોતાની એક તસવીર.

ચાર્લ્સ પહેલો શિષ્ટ કળાનો મોટો ચાહક હતો અને ગાદીએ આવ્યા પછી તેણે યુરોપના જુદાજુદા દેશોમાંથી ઘણાં ચુનંદાં ચિત્રો ભેગાં કર્યાં હતાં. હૅમ્પ્ટન કોર્ટ મહેલમાંનાં આ ચિત્રો પૈકી 'ધ વાઝ બેરર્સ'નું ચિત્ર, વરસોના વહેવા છતાં સારી હાલતમાં રહી ગયું છે.

ચાર્લ્સ પહેલાએ પોતાની પ્રતિમા ઘડાવવા માટે પોતાની જુદીજુદી સ્થિતિની ત્રણ તસવીરો એકસાથે ચીતરાવીને પોતાના માનીતા શિલ્પી ઍન્થની વાન ડાઈક ઉપર મોકલેલી. તે 'કિંગ ચાર્લ્સ ઈન થ્રી પોઝિશન્સ' હાલ વિંડસર કૅસલમાં જોઈ શકાય છે. ત્યાં પૂરા કદની ભવ્ય તસવીરો ઉપરાંત જે કેટલાંક મનોહર નાનાં ચિત્રો છે તેમાં ચાર્લ્સની ફ્રેન્ચ મહોરદાર ક્વીન હેનરીએટા મારિયાના ઠંડા નિર્દોષ ચહેરાની એક આકર્ષક તસવીર છે.



કેટલાક નામી પ્રતિભાશાળી કલાકારોનાં ચિત્રો પણ એમાં છે, જેમાં લીઓનાર્દો દા વિન્ચીનાં ૮, રાફેલનાં ૭, આનીબેલ કારાસીનાં ૧૦, કાનાલેટીનાં ૭ અને બર્નિનીનાં ૯ ચિત્રો છે. દા વિન્ચી અને રાફેલનાં બે સમર્થ રેખાંકનોના નમૂના આ સાથે છે.

આ ઉપરાંત હૉલબેઈનનું 'નૉલી મી ટંગેરે', મેબુસેનું 'આદમ અને ઈવ', ફ્રા એન્જેલિકોનું 'સેન્ટ પીટર ધ માર્ટીર', દા ફાબ્રિયાનોનું 'મૅડોના ઍન્ડ ચાઈલ્ડ' તથા બર્નાર્ડ પૅરેન્ટિનોનું 'સેન્ટ સૅબેસ્ટાઈન' જેવાં ચિત્રરત્નો રાણી વિક્ટોરિયાના પતિ પ્રિન્સ આલ્બર્ટે ખરીદ્યાં. વિંડસર કૅસલ તો સર પીટર લેલી, રેનૉલ્ડ્ઝ, લૉરેન્સ, ગેઈન્સબરો વગેરે સમર્થ કલ કારોની કૃતિઓ પણ ધરાવે છે. ઉપરાંત નાનકડા કેન્સિંગ્ટન પૅલેસમાં પણ સર ગૉડફ્રે નેલરનાં "પીટર ધી ગ્રેટ ઑવ રશિયા' અને 'એ ચાઇનિઝ કૉન્વર્ટ' જેવી ઉત્તમ કલાકૃતિઓ સંઘરવામાં આવી છે.



પચ્ચીસ વર્ષ પહેલાં

ફરી એક વાર, પચ્ચીસ વર્ષ પહેલાંના અંક ૨૦૩માં શ્રી અશોક હર્ષની કલમે આપણને એક નવા જ ક્ષેત્રના નરરત્નનું ચરિત્ર મળે છે:

"ડહાપણના ટુકડા સમી સાદી વાર્તાઓ-માં વહેવારુ ફિલસૂફી વણી જનાર ગુલામ મહાનુભાવ ઈસપનું જીવન અને કાર્ય બંને આજના વિદ્વાનોમાં ચર્ચાનો વિષય થઈ પડયાં છે. પરંતુ એની મહત્તા છાવરી શકાય તેમ નથી. આથેન્સવાસીઓએ ગ્રીસના સાત શાણા પુરુષોમાં એની કરેલી ગણના આજ પણ જેમની તેમ કાયમ રહે છે.

ગ્રીક સંસ્કૃતિએ જે એક જબરું કલંક નભાવી રાખેલું એ 'ગુલામ' વર્ગમાં, આજથી અઢી હજાર વરસ પહેલાં, અત્યારના તુર્કીના મધ્ય ભાગે આવેલા ફ્રીજિયા મુકામે ઈસપ જન્મેલો. દેખાવે ખૂંધા ને બેડોળ એ અદના આદમીમાં શારીરિક શક્તિ કે શ્રમસહતા પણ પૂરતા પ્રમાણમાં ન હતાં. અને એની બેડોળ-તાની સાખ તો, હજુ કાયમ રહેલું તેનું આરસનું એક બાવલું પૂરી રહે છે.

એની તરુણાવસ્થાનો પહેલો પ્રસંગ મળી આવે છે તે બીજા ગુલામો સાથે એફેસસ-ની બજારમાં વેચાવા માટેની એની મુસાફરી-નો. મુસાફરીએ ઊપડતાં પહેલાં દરેકે દરેક સ્ત્રી-પુરુષ ને બાળકને તેમની શક્તિ અનુસાર બોજો વહેંચી લેવાનું કહેવામાં આવ્યું. ઈસપે બધો સામાન તપાસી જઈ એક કરંડિયો પસંદ કર્યો, જે સૌથી ભારે હતો. એટલે બધાએ તેને મોટામાં મોટો મૂરખ ગણી લીધો.



મુસાફરીના ત્રણ ગાળામાંથી એક ગાળો પૂરો થયો એટલે સઘળા આરામ લેવા રોકાયા. પેલા કરંડિયામાંથી સૌને ખાધાખોરાકી વહેંચવામાં આવી. ખાઇપીને સૌ ઊપડવા તૈયાર થયા ત્યારે કરંડિયાનું વજન અરધું ઘટી ગયું હતું, ને મુસાફરીનો બીજો ગાળો પૂરો થયો ત્યારે તો ઈસપ પાસે માત્ર ખાલી કરંડિયો જ રહ્યો હતો! સૌને હવે કબૂલ કરવું પડયુ કે ઈસપની બુદ્ધિ એ તમામની બુદ્ધિના સરવાળાથી યે કંઈક વિશેષ હતી!

ઈસપના જીવનની જે થોડીઘણી વાતો મળે છે તેમાંથી એકએક જોઇએ. સામોસના પ્રખ્યાત ફિલસૂફ ઝાન્થુસે એને ખરીદેલો. અને પોતાના બુદ્ધિકૌશલથી એના મિત્ર જેવો એ બની ગએલો. એ ઝાન્થુસની પત્ની ખૂબસૂરત હોવા સાથે તવંગર કુટુંબનુ ફરઝંદ હોઈ સ્વભાવે ખૂબ ઉગ્ર અને બીજાઓ પર આધિપત્ય જમાવવાની શોખીન હતી. બંનેને એકબીજા પર અત્યંત પ્રેમ હતો, પરંતુ બંને વચ્ચે સ્વભાવગત અંતર એટલું બધું હતું કે બંનેનો મેળ મુશ્કેલ હતો. એક બાબત પર એ બંને વચ્ચે એવો ઝગડો થયો કે જેને પરિણામે તેની પત્ની તેને છોડી પોતાને પિયર ચાલી ગઈ. થોડો વખત તો ઝાન્થુસ પોતાની ખુમારી ટકાવીરહ્યો પણ પછી ધીમેધીમે તે ઉદ્વિગ્ન રહેવા લાગ્યો.

ઈસપે પોતાના મિત્રની મનોવ્યથા પિછાણી ને તેના નીવેડા માટે મગજ કસવા લાગ્યો. આખરે તેણે એક તરકીબ લડાવી. તેણે ઝાન્થુસને કહ્યું કે 'આ રહસ્યની કોઇને વાત ન કરવી. તમે માત્ર બજારમાં જઈને સારામાં સારા ખાનપાનની ચીજો અમુક ચોક્કસ દિવસે તમારે ઘેર પહોંચતી કરવાનો વેપારીઓને હુકમ આપી આવો એટલે પત્યું. બાકીનું મારા પર છોડી દો.' એ વખતે રોડોફિસ (ગુલાબ જેવા ગાલવાળી=ગુલરૂખ) કહેવાતી રૂપરાણી ડૉરિકા પ્રખ્યાત હતી. એ પણ જન્મે ગુલામ હતી અને એક વખત ઈસપની સાથે એક માલેકને ત્યાં હતી એટલે તેની મિત્ર હતી.

ઈસપ હવે બધાને કહેતો ફરવા લાગ્યો કે તેનો માલેક બીજી બૈરી પરણવાનો છે ને એ માટે એણે દુનિયાની સુંદરમાં સુંદર સ્ત્રી પસંદ કરી છે. ઝાન્થુસનો પરમ વિશ્વાસુ મિત્ર તો એ ગણાતો હતો, ને પાછી જનતાની ચુગલખોરીમાં પણ એને વિશ્વાસ હતો, એટલે કોઈ પણ રીતે એ અફવા ઝાન્થુસની પત્નીને કાને પહોંચશે એવી એને ખાતરી હતી.

મુકરર કરેલે દિવસે ખાનપાનની સઘળી ચીજો આવી ગઈ. ઘર શણગારવામાં આવ્યું ને જબરી ધમાલ થઇ રહી. ત્યાં તો ઓચિંતો ઘોડાના દાબડાનો અવાજ સંભળાયો. થોડી વારમાં તો કડબડાટ કરતા ઘોડા ઝાન્થુસના ઘર સામે આવી ઊભા ને રથમાંથી રૂઆબભેર ઝાન્થુસની પત્ની ઊતરી! તે સીધી ઝાન્થુસ સામે જઇ ઊભી ને ક્રોધાવિષ્ટ ચહેરે બોલી ઊઠી: 'હું જીવતી છું ત્યાં સુધી બીજી સ્ત્રીઓનું તમારું સ્વપ્નું સુદ્ધાં સફળ નહિ થાય, સમજ્યા?' થોડી વારમાં બધું ધુમ્મસ દૂર થઈ ગયું અને પુનર્વિવાહને બદલે પુનરાગમનની ખુશી પ્રવર્તી રહી.

ઈસપનો આત્મા હવે મુક્તિ માટે ઝંખવા લાગ્યો. એક સમાધિ પરનું લખાણ તે ઉકેલી આપે તો તેને છૂટો કરવાનું ઝાન્થુસે વચન આપ્યું. ઈસપે આસાનીથી તે ઉકેલી આપ્યું એટલું જ નહિ પણ તેમાં નિર્દિષ્ટ સુવર્ણભંડાર પણ તેને બતાવી આપ્યો. પરંતુ ઝાન્થુસે પોતાનું વચન ન પાળ્યું! લાચાર ઈસપે એ વચનદ્રોહ વેઠી લીધો. તે પછી સામોસ મુકામે એક એવો બનાવ બનવા પામ્યો કે આખું ગામ ભયમગ્ન બની ગયું. એનું શું પરિણામ આવશે તે જાણવા ગામલોકોએ ઝાન્થુસને બોલાવ્યો. ઝાન્થુસનું મગજ કામ ન કરતાં એણે ઈસપને એ વાતથી વાકેફ કર્યો ને તેણે પોતાને મંત્રીસભા સમક્ષ હાજર કરવાનું કહ્યું.

મંત્રીસભા સમક્ષ ઈસપે પહેલી જ એ બાબત ઉપસ્થિત કરી કે એક ગુલામને ભવિષ્ય ભાખવાનો અધિકાર ન હોઈ કાયદાનો ભંગ થવા પામે તે પહેલાં તેને મુક્ત જાહેર કરી દેવો જોઈએ! ઝાન્થુસે જોયું કે આ દાવ અચૂક હતો. તેણે શાણા બની કશી જિદ્દ ન કરી, મંત્રીસભાએ ઈસપને સ્વતંત્ર જાહેર કર્યો. પછી ઈસપે પેલી ભયાસ્પદ બીનાનો ખુલાસો કર્યો કે ગામલોકોએ જોએલું ગરુડ શાહી પક્ષી હોઈ એ કોઈ સમ્રાટનું સૂચક છે; અને તેણે ગુલામ પર ફેંકેલી વીંટી બતાવે છે કે એ સમ્રાટને હાથે તમારી સ્વતંત્રતા ભયમાં છે.

ચિંતાતુર સામિયન લોકો કશો ઈલાજ યોજવા માંડે તે પહેલાં તો લીડિયાના રાજા ક્રીસસના એલચીઓ આવી પહોંચ્યા. સામિ-

ચન લોકો માટે હવે બે જ રસ્તા રહ્યા. કાં તો ખંડિયા બની લિડિયાનું આધિપત્ય સ્વીકારી લેવું, ને કાં તો યુદ્ધમાં ઊતરવું. પરંતુ ઈસપ તેમની વચ્ચે મોજૂદ હતો ને? તે સામોસના એલચી તરીકે ક્રીસસના દરબારમાં પહોંચ્યો. ત્યાં પોતાની લાક્ષણિક ઢબે તેણે શરૂઆત કરી: 'કોઈ એક છોકરાના હાથમાં એકદા એક તીડ આવી ગયું. એ એનો ઘાત કરવાની તૈયારીમાં હતો ત્યાં પેલું તીડ ચિત્કારી ઊઠયું: "અફસોસ, મેં આજીવન કોઈને જ કશી ઈજા નથી કરી, કે તેમ કરવાની મારી ઇચ્છા કે ગુંજાશ પણ નથી; મને નિસ્બત છે માત્ર મારા ગુંજનથી. છતાં મારો નાશ નીપજાવીને તારા હાથમાં શું આવશે?" આ સાંભળી પેલા છોકરાનું દિલ દ્રવ્યું ને તેને આઝાદ કરી દીધું. એ જ રીતે એક બેગુનાહ જિંદગી આપને હવાલે પડી છે. મારામાં કશી શક્તિ હોય તો તે મારી ઝબાન છે, જેનો ઉપયોગ મેં સદા માનવહિતાર્થે જ કર્યો છે. આપ નામદાર તે સાંભળવા જેટલી રહેમ દર્શાવશો?'

આ નમ્રતા ને વાક્પાટવ પર ક્રીસસ ખુશ થઇ ગયો, ને થોડી જ વારના સંભાષણ પછી એણે સુલેહની શરતો મંજૂર કરી. સામિયન લોકો માટે એ દિવસ એક મહોત્સવ સમાન થઈ પડયો ને એમણે ઈસપના માનમાં તેનું એક બાવલું ઊભું કર્યું. આઝાદ બનેલા ઈસપે પછી તો ખૂબ મુસાફરીઓ ખેડી. છેવટે બાબિલોનના દરબારમાં પણ એણે પ્રવેશ મેળવ્યો.

આમ કીર્તિપથે તે આગળ વધી રહ્યો છતાં એ બેચેન હતો. એણે જોયું કે હરેક મનુષ્યને યૌવનસુખના શિરોબિંદુ સમી જીવનસંગિની હતી; એને તેવું કોઈ ન હતું. જીવનનો કુદરતી આમોદ મેળવવામાં એની કુરૂપતા એને નડતરરૂપ નીવડી હતી. છેવટ રાજાની અનુમતિ લઇ એક ગરીબ તરુણને એણે દત્તક લીધો ને પોતાના સઘળા બુદ્ધિધનનો વારસો તેને આપવા તે મથવા લાગ્યો. પરંતુ પરિણામ ઊલટું જ આવ્યું. એ બેવફા ઈસસે પોતાના પાલક પિતા ઈસપ સામે આદરેલી બેવફાઈએ ઈસપ પર દેહાંતદંડ ઉતારેલો, જેમાંથી ખુદ જલ્લાદોએ જ એને ઉગારી લીધેલો.


ડેલફોસના એક પ્રજ્ઞ પુરુષની ખ્યાતિ સાંભળી તે ત્યાં ગયો, પણ ત્યાં તેને એવા મતાંધોનો ભેટો થયો કે એક વાર્તાના રૂપમાં પોતાનો અભિપ્રાય જણાવી તેણે તેમને ઉકરડાના ખાતર તરીકે સંબોધ્યા! આથી ખિજાઈ ઊઠી પેલી ઝનૂની ટોળીએ પણ વેર વાળવાનું નક્કી કર્યું. ટોળીમાંના એકે ત્યાંના મંદિરમાંનો સુવર્ણકળશ ચોરાવી લાવી ઈસપના સામાન ભેગો સંતાડી દીધો ને પછી તેની જાહેરાત કરી એને દોષિત ઠરાવ્યો. ઈસપે પોતાની જિંદગી, ને તેથી યે વિશેષ પોતાના ઊજળા નામને બચાવવા ઘણું કર્યું, પણ સઘળું વ્યર્થ ગયું. કિસ્મતની ખફા નજર એના પર ઊતરી ચૂકી હતી. એના જર્જરી ભૂત શરીરને એક કરાડ પર લઈ જઈ, નીચે ફેંકી તેના ફુરચેફુરચા ઉડાડી દેવામાં આવ્યા. આમ, એ કાળના બેહાલ ફિલસૂફ ઈસપના જીવનનો અંત આવ્યો.

શું ખરેખર એનો અંત આવ્યો? ના. એના જીવનનો તો એ અંતથી જ **આરંભ થયો.**

ટિકિટ-સંગ્રહ

ઇઝરાએલના પુરાવશેષો

આજના ઈઝરાએલમાં ઇસુ ખ્રિસ્તના જીવનની જે ગાથાઓ તથા ભૂતકાલીન ઇતિહાસ સંકળાએલો છે તેના ઉલ્લેખો ખ્રિસ્તિ ધર્મ સાહિત્યમાં જોવા મળે છે. એમાંની કેટલીક કથાઓ કાલ્પનિક હોવાનું પણ મનાતું, પણ કાળાનુક્રમે ઘણી વાતો ખરી હોવાના પુરાવા પણ મળતા રહ્યા છે. હમણાં મૃત સરોવરને પશ્ચિમ કિનારે મસદા નામક સ્થળે એક ઊંચા ડુંગર પર રાજા હેરડનો મહેલ અને બીજા કેટલાક પુરાવશેષો મળી આવ્યા છે.







ટ્રોમ્બેના અણુ-રીએક્ટરના ચિત્રવાળી રૂ. ૧૦ની નવી ચાલુ ટિકિટ તથા ૧૪મી સદીના મૈથિલી કવિ વિદ્યાપતિના માનમાં બહાર પડેલી ટિકિટ.



ભારતની બે નવી ટિકિટો

એમાં દેવળોના સ્થાપત્યના ઇતિહાસમાં કડીરૂપ બની રહે એવું એક પ્રાચીન યહૂદી દેવળ—સીનેગૉગ પણ છે. 'ડેડ-સી સ્ક્રૉલ' તરીકે ઓળખાતા એક અતિ મહત્ત્વના પ્રાચીન હસ્તલિખિત ઓળિયા જેવા અવશેષ પણ અહીંથી હાથ લાગ્યા છે.

યહૂદી અને પ્રાચીન ખ્રિસ્ત સાહિત્યમાં જૉસફસની કાસદાના પતનની નોંધ મળે છે. એ વાતને પણ આ અવશેષોમાંથી સમર્થન મળી રહે છે. મસદા પર ઈ. સ. ૭૩માં રોમનોએ ચડાઈ કરેલી ત્યારે હારીને એમને શરણે જવાને બદલે ત્યાંના રક્ષકોએ સમૂહમાં આત્મહત્યા કરવાનું પસંદ કરેલું એનું પણ આ અવશેષોમાંથી સમર્થન મળે છે.

ઈઝરાએલે આ નવા સંશોધનોને અંકિત કરતી ખાસ ટપાલટિકિટો બહાર પાડી છે. એ અહીં આપી છે. એમાંની ઉપરની ટિકિટમાં રાજા હેરડના મહેલનું અને નીચેની ટિકિટમાં મસદાના ડુંગરનું ચિત્ર છે. ઈઝરાએલ અને અન્ય ૨૮ દેશોના પુરાતત્ત્વવિદો હાલ આ અવશેષો પર સંશોધનો કરી રહ્યા છે.

નીચે: 'ઈન્ટરનેશનલ ટેલિકૉમ્યુનિકેશન યુનિયન'ની શતાબ્દી નિમિત્તે બ્રિટનની બે ખાસ ટપાલ ટિકિટો. શેક્સપીઅરની ટિકિટો પછીની બ્રિટનની બધી નવી ટિકિટો પરનાં આલેખનો અને રંગવૈવિધ્ય એની અગાઉની ટિકિટોની સરખામણીમાં કંઈ નવી જ લાગે છે.





(સૌજન્ય: રામભાઈ પટેલ—ટિકિટ-સંગ્રાહક)

ખોરાકનું પાચન

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

આપણે ખોરાક જેવો ખાઈએ છીએ તેવો જ શરીરમાં શોષાઇને ઉપયોગમાં નથી આવતો—તેનું રાસાયણિક રૂપાંતર થયા બાદ તે શરીરમાં શોષાય છે. હા, વિટામિનો, ખનિજ ક્ષારો, દ્રાક્ષ મધ ને ફળશર્કરાઓ અને ચરબી રૂપાંતરિત થયા વિના સીધાં લોહી કે લસીપ્રવાહમાં ભળે છે. પણ સ્ટાર્ચ, પ્રોટીનો ને ઇક્ષુ-દુગ્ધ-શર્કરાઓ આવી રીતે ભળી શકતાં નથી. કારણ કે સ્ટાર્ચ, ડેક્ષ્ટ્રિન અને પ્રોટીનોને કાષ્ઠક આવરણો છે. એ તૂટયા વિના અંદરનો ગરભ મળતો નથી, એમ થવા માટે અનાજને પીસવું ચાવવું ને રાંધવું પડે છે. ઉપરાંત તેના પર ચાવવાની, ઓગાળવાની ને જળ હરવાની ક્રિયાઓ થાય છે. એ માટે શરીરમાં અવયવો ને વિવિધ પાચક રસ ઝરતી ગ્રંથિઓ છે. ખાદ્યની ચાવવાની, ઓગાળવાની અને જલવિશ્લેષક થવાની ક્રિયાઓ સમગ્રતયા પાચનક્રિયાને નામે ઓળખાય છે.

પાચનની શરૂઆત મોઢાથી થાય છે. ચાવવાથી ખોરાક ચૂર્ણ-વિચૂર્ણ થઇને એમાં લાળ ભળી તે પોચા ને શમ બને છે, ને શ્લેષ્મથી વીંટળાય છે, જેથી અન્નમાર્ગની મૃદુ દીવાલોને કશી ઇજા પહોંચાડયા વિના તે અન્નમાર્ગમાંથી પસાર થાય છે અને સહેલાઇથી પચે પણ છે. ઝડપથી ખોરાક મોઢામાં ઓરવાથી, દાંત ખરાબ હોવાથી કે ચાબખું ફાવતું ન હોવાથી ખરેખર ચવાયા વિનાનો ખોરાક બરાબર પચતો નથી.

જડબાં, દાંત, જીભ અને ગાલના સહનિયમનની ક્રિયાથી ખોરાક બરાબર ચાવવો એ કળા છે. સારી રીતે ચવાએલો ખોરાક લાળ સાથે ભળ્યા બાદ ગળે ઉતારવામાં વિજ્ઞાન છે. ચાવવાની કળા સૌને વરેલી છે, પણ વૈજ્ઞાનિક રીતે ભાગ્યે જ તેનો અમલ થાય છે. ચાવતી વખતે ગાલ ને જીભની ગતિથી કોળિયો આમતેમ ઉથલાવવાથી તેનો દરેક ભાગ દાંત નીચે પીસાય છે. કોળિયો જેટલો બને તેટલો ચાવીને એટલે કે તેને પ્રવાહી જેવો બનાવીને ગળે ઉતારવો જોઈએ.

લાળ રંગ, ગંધ ને સ્વાદવિહીન છે. તેના સ્રાવથી મોં ભીનું રહે છે. મોંમાં ખોરાક આવતાંવેંત, કે ખોરાકના દશ્ય ને સોડમમાત્રથી લાળનો સ્રાવ વધે છે. મોંમાં રહેલી ત્રણ જોડ લાળગ્રંથિઓમાંથી રોજ સરાસરી ત્રણથી ચાર રતલ જેટલી લાળ સ્રવે છે. શમ બનાવવા માટે ચવાતા ખોરાકને ભીનો અને સુંવાળો કરવા ઉપરાંત લાળ તેના પર રાસાયણિક અસર પણ કરે છે.

લાળનું 'ટાયલિન' આથવણ સ્ટાર્ચનું પાચન કરે છે. પ્રોટીનો અને ચરબી ઉપરાંત કાચા સ્ટાર્ચ ઉપર તેની અસર નથી, પણ રાંધેલા સ્ટાર્ચ પર ટાયલિનની અસરથી સ્ટાર્ચનું ધાન શર્કરા(માલ્ટોઝ)માં ફેરવાય છે. ખૂબ ચાવીને ખાધેલાં રોટલો કે ભાખરી મીઠાં લાગે છે તે તેના સ્ટાર્ચના માલ્ટોઝમાં રૂપાંતરિત થવાના કારણે જ. બટાટા કરતાં ચોખા ને મકાઈના સ્ટાર્ચ ઉપર ટાયલિનની અસર જલદી થાય છે. સ્ટાર્ચ પાણીમાં અદ્રાવ્ય છે. આ રૂપમાં તે શરીરમાં શોષાતું નથી, પણ જ્યારે તે માલ્ટોઝમાં પરિણમે છે ત્યારે જ શરીરમાં શોષાય છે. આથી કોળિયો હોજરીમાં જાય તે પહેલાં તેમાં રહેલા સ્ટાર્ચનું જેટલું બને તેટલું શર્કરામાં રૂપાંતર કરવા તેને ખૂબ ચાવવો જોઇએ.

લાળ અલ્કગુણી છે. ટાયલિન અલ્કગુણી દ્રાવણમાં જ કામ કરી શકે છે. આથી જ રોટલી-ભાખરી સાથે અથાણાં-ચટણી જેવી ખાટી તીખી ચીજો ખાવી યોગ્ય નથી. સ્ટાર્ચી આહારના બે કોળિયા વચ્ચે તે ખાવામાં વાંધો નથી. શિશુની પાંચ છ માસની વય સુધી લાળમાં ટાયલિન નથી હોતું. આથી તેને દૂધ સિવાય બીજો ખોરાક પથ્ય નથી. તેનો પહેલો દાંત ફૂટયા બાદ, એટલે કે સાતમા માસથી લાળમાં ટાયલિન પ્રગટે છે. આ વયે અન્ન આપવાના આરંભે દૂધ ને ભાત ખવડાવવાનો ખાસ 'અન્નપ્રાશન વિધિ' પણ કેટલેક ઠેકાણે કરાય છે.

ખોરાકની જાત પ્રમાણે લાળના સ્રાવ થવાની કાયાની અજબ કરામત જાણવાના રશિયન વિજ્ઞાની પાવલોવના અખતરા જાણીતા છે. કૂતરાને માંસનો સૂકો ભૂકો આપતાં પાતળી, જલીય ને પુષ્કળ લાળ સ્રવે છે; જ્યારે માંસ આપતાં થોડો, પણ પુષ્કળ ચીકણો લાલાસ્રાવ થાય છે. આપણામાં પણ ખોરાકના સૂકાપણાના પ્રમાણમાં લાળનો સ્રાવ થાય છે. ઘટ્ટ ખોરાક કરતાં છિદ્રાળુ ખોરાકમાં, સૂકા કરતાં ભીના પદાર્થમાં લાળ સહેલાઈથી પ્રવેશે છે. રુચિ ને ખોરાકના સ્વાદુપણાના પ્રમાણમાં લાળના પ્રમાણનો આધાર છે. વળી અરુચિકર ખોરાક

ખોરાકને પચાવવા મોંમાં ત્રણ પ્રકારની લાળગ્રંથિઓ છે. (૧) કાન તથા આગળ ગાલ પર આવેલી 'ઉપકર્ણી ગ્રંથિ'. તેમાંથી ઝરતી પાણી જેવી લાળ ખોરાકને ભીંજવીને નરમ બનાવે છે. (૨) જીભની નીચે ગોઠવાએલી 'જિહ્વાધરીય ગ્રંથિ' તથા (૩) નીચલા જડબાના હાડકા તળેની નાની સરખી 'સબમૅક્ઝિલરી ગ્રંથિ', આ બંનેમાંથી ઝરતી ચીકણી લાળ ખોરાકને લીસો બનાવે છે. આ બધી લાળમાં 'ટાઈલિન' નામનું એક અદ્ભુત રાસાયણિક તત્ત્વ હોય છે જે ખોરાકમાંના સ્ટાર્ચના અણુઓને તોડીને 'ડેક્ષ્ટ્રિન' નામની સાકરના રૂપમાં તેનું રૂપાંતર કરે છે. સાથેના ચિત્રમાં એ ગ્રંથિઓમાંથી લાળને મોંમાં લઇ જતી નલિકાઓ પણ દર્શાવી છે. મોંની વચ્ચે ઊભી લીટીઓથી દર્શાવેલો સ્નાયુ ખોરાક ચાવવાની ક્રિયા વખતે વપરાય છે, તેની જોડેનો આડી લીટીઓથી બતાવેલો પાતળો સ્નાયુ ગાલની દીવાલનો છે.



માટે કોઇને પુષ્કળ ભાવ હોય તો પણ પુષ્કળ લાળ સ્રવે છે.

પાણીના તરસ્યા શરીરમાં લાળ નથી સ્રવતી. તાવમાં લાળ સુકાવાના કારણે મોં વાસ મારે છે. થોડા તૂરા ખોરાકથી લાળનો સ્રાવ વધે છે, પણ કાચાં આમળાં, જાંબુ ને જામફળની વધુકી તૂરાશથી મોં સુકાઈ જતું નથી અનુભવાતું?

મોંમાં ચવાઈને ગળામાં ઊતરેલો ખોરાક હોજરીમાં એકઠો થાય છે. હોજરી ખોરાક સંઘરવા માટે કોઠી જેવું કામ ઉપાડતી હોવાથી આપણા ખાવાના ટંકોનો નિયમ જળવાય છે. માણસે માણસે, તેમ એક જ માણસમાં જિંદગીના જુદાજુદા તબક્કે, હોજરીની ધારણશક્તિમાં ઘણો ફેર પડે છે. હચિન્સન હોજરીની સરેરાશ ધારણશક્તિ બેથી ચાર પાઈન્ટ અને ઘન પદાર્થોની બે રતલની ગણાવે છે. રોજ કુલ ત્રણ રતલ (આપણી કહેતી અનુસાર સવાશેર) ઘન ખોરાકની જરૂરત હોઈ આ બધો ય ખોરાક એક ટંકે ખાવાથી હોજરી ઉપર વધુકો ભાર પડવા સાથે તેનો ફુલાવો પણ થાય છે. આ કારણે રોજની જરૂરિયાતના ખોરાકનું કુલ પ્રમાણ ત્રણ ટંકમાં વહેંચી નાખવાનો સામાન્ય નિયમ મોટા ભાગે જળવાય છે.

હોજરીમાં ખોરાક સંઘરાવા ઉપરાંત હોજરીના પાચક રસોથી તેનું પાચન થાય છે,હોજરીની આકુંચનલહરીથી તેનું અર્ધપ્રવાહીરૂપ થાય છે.

હોજરીના પાચક રસ (=જઠરરસ) માનસિક ને શારીરિક કારણોસર સ્રવે છે. માનસિક કારણોમાં રુચિ ને ભૂખની સંવેદનાઓ છે. ખોરાકનાં સ્વાદ અને સોડમના આધારે રુચિ બંધાય છે. ભૂખ સાથે એને સંબંધ નથી. ભૂખ વખતે રુચિ વિનાનો ખોરાક પણ ખવાઈ જાય છે. ભૂખ પીડાદાયક સ્થિતિ છે, જ્યારે રુચિ આનંદદાતા. ભૂખથી રુચિ ઉત્તેજાય છે. ખોરાકની રુચિથી હોજરીમાં પાચક રસ સ્રવે છે. મનભાવતા ખોરાકથી પુષ્કળ પાચક રસો સ્રવે છે.

હોજરીમાં પાચક રસો સ્રવવાનું બીજું રાસાયણિક કારણ છે. હોજરીમાં ખોરાક જવાથી ગ્રંથિઓ સ્રવવા ઉત્તેજાય છે. આ પાચક રસોમાં હાઇડ્રોક્લૉરિક ઍસિડ,પેપ્સિન ને રેનિનછે.હોજરીમાં ગએલા ખોરાકની જાત ને પાચનની સ્થિતિ પ્રમાણે લાંબા વખત સુધી પાચક રસો સ્રવે છે. હોજરીના સ્રાવ અમ્લગુણી છે જ્યારે લાળ અલ્કગુણી.

હોજરીના હાઇડ્રોક્લૉરિક ઍસિડથી અન્ન આમ્લિક બને છે, ને ખોરાકમાંના ઉપદ્રવી જીવાણુ મરે છે, પણ ક્ષયના જીવાણુઓ મરતા નથી. પાચનના શરૂના ભાગમાં ઍસિડ બીજા પાચક રસ સાથે ભળેલો હોઈ ખોરાક વિશુદ્ધ બનાવવાની તેની શક્તિ ઓછી હોય છે. ઍસિડ પ્રથમ પ્રોટીન સાથે ભળે છે; પછી તેના ઉપર પેપ્સિનની ક્રિયા શરૂ થાય છે, જેથી તેના પાચનમાં સહાય થાય છે. નાનાં આંતરડાંમાં પ્રોટીનોનું એમાઈનો ઍસિડોમાં રૂપાંતર થયા બાદ તે શરીરમાં શોષાય છે.

જોકે પેપ્સિનથી પ્રોટીનોનું એમાઇનો ઍસિડોમાં સંપૂર્ણ રૂપાંતર થતું નથી, પણ તેની ક્રિયા વિના નાના આંતરડામાં તેમના રૂપાંતરની ક્રિયા સંપૂર્ણ પણ થતી નથી. હોજરીના પાચક રસના ત્રીજા સ્રાવ રેનિનથી દૂધનાં કોકડાં થાય છે ને દૂધનાં પ્રોટીનોનું પચન થાય છે. ગરમ કરેલા ને પૅશ્ચુરાઈઝ થએલા દૂધનાં પોચાં કોકડાં બાઝે છે સ્કિમ ને ગરમ કર્યા વગરના દૂધનાં કડક કોકડાં બાઝે છે. કોકડાંના કદ ને જાત પ્રમાણે દૂધના પાચનમાં ફેર પડે છે. એ પણ જાણવા જેવું છે કે દૂધના પાચન માટે કોકડાં બાઝવાં જરૂરી પણ નથી. આંતરડાંમાં દૂધના પાચનની બધી સગવડ છે. ગટગટાવાઈ ગએલું દૂધ હોજરીમાંથી તરત આગળ વધે છે. ધીમેથી કે ઘૂંટડે પીધેલા દૂધનાં કડક કોકડાં બાઝે છે, જે હોજરીમાં લાંબો સમય રહે છે. બીજા ખોરાક કરતાં દૂધની વિશેષતા એ છે કે તેની હાજરીથી જઠર રસ સ્રવે છે, જેથી તેનું પચન થવું ચોક્કસ છે, બીજા ખોરાકમાં આવું નથી થતું.

મોંમાં કોળિયો મુકાય ત્યારથી જઠરરસ સ્રવવો શરૂ થાય છે અને છેલ્લો કોળિયો ખાધા પછી પણ તે થોડા સમય ચાલુ રહે છે. લાળની જેમ ખોરાકનાં દૃશ્ય, સોડમ, અરે વિચારમાત્રથી જઠરરસ સ્રવવા મંડે છે. આહારની જાત ને પ્રમાણ અનુસાર જઠરરસને અને તેના પ્રમાણમાં હાઇડ્રોક્લૉરિક ઍસિડના પ્રમાણનો સ્રાવ થાય છે. ભારે ખોરાક પછી એનું પ્રમાણ સાતસો સી. સી. (=દોઢ રતલ) જેટલું હોવાનું હચિન્સનનું કથન છે. ઍસિડનો મોટો ભાગ પ્રોટીન સાથે ભળેલો હોય છે, પણ માત્ર થોડો ભાગ છૂટો રહે છે. ખાધાના સવા કે દોઢ કલાક પછી હાઇડ્રોક્લૉરિક ઍસિડનું પ્રમાણ ઘટવા માંડે છે. આમ જઠરરસ પુષ્કળ આમ્લિક છે.

લાળના ટાયલિનનો છૂટા હાઇડ્રોક્લૉરિક ઍસિડથી નાશ થાય છે. ખોરાકના સ્ટાર્ચયુક્ત પદાર્થોમાં જ્યારે જઠરરસ પૂરો ભળે છે ત્યારે તેનું લાળથી થતું પાચન અટકે છે. હા, ખોરાકનો છેવટનો ભાગ ખોરાકના લોચાની મધ્યમાં પડવાથી થોડા સમય સુધી તે જઠરરસના સંબંધમાં આવતો નથી. ત્યાં સુધી ટાયલિનનું કામ ચાલુ રહે છે. પણ સ્ટાર્ચયુક્ત ખોરાકમાં જઠરરસ સીધો ભળે છે ત્યારે તે બંધ પડે છે.

ખાધા બાદ પેટમાં થતી આ બધી ક્રિયાઓની આપણને નથી થતી કશી જાણ, કે નથી આવતો કોઈ ખયાલ; પણ હોજરીની રોગાવસ્થામાં પાચન દરમિયાન વેદના થાય છે. હોજરીના સોજા, ચાંદા ને કૅન્સરમાં જઠરરસની આમ્લિકતા પીડા કરે છે. હોજરીના ચાંદામાં ખાધા બાદ લાહ્ય બળવાની વેદના ઊપડે છે. દૂધ, ભાત, રોટલીના મોળા ખોરાકથી વેદના ઓછી સતાવે છે, કે બિલકુલે ય થતી નથી; પણ ખાટો ખારો તીખો તળેલો ને અથાણા-ચટણીનો ખોરાક ખાધો કે વેદના થયા વિના રહેતી નથી. હોજરીના ચાંદા માટે દૂધ શ્રેષ્ઠ ખોરાક છે. એનાં પ્રોટીનો ઘણા ઍસિડને શમ બનાવે છે; ને એના પાચનમાં થોડો ને મંદ જઠરરસ સ્રવે છે.

ભિસ્તીની મશકના આકારની, શરીરમાં લબડી રહેલી હોજરીમાં ખોરાક પડી રહેતો નથી. હોજરીના બીજા છેડાથી થતી શક્તિશાળી ગતિના પરિણામે તેમાં આકુંચન-લહરી ઉત્પન્ન થાય છે. હોજરીના બીજા છેડાનું નામ પાઇલોરસ કે જઠર-દ્વાર છે. પાઇલોરસ ભણીથી આકુંચન લહરી શરૂ થાય છે. એમાં દરિયાનાં મોજાંની ગતિની જેમ હોજરીની દીવાલની ગતિ થાય છે. એ આકુંચન-લહરીથી હોજરીમાંનો ખોરાક ખૂબ વલોવાય છે. આથી તે એકરસ થાય છે. બરાબર ચવાયા વિનાના ખોરાકના મોટા ટુકડા હોય ત્યારે પણ આકુંચન-લહરી ઉત્પન્ન તો થાય જ છે, પણ તે મંદ કે ઝડપી પણ હોઈ શકે છે.

આકુંચન લહરીના કારણે, કે બીજી કોઈ ક્રિયાના કારણે, અવારનવાર જઠરદ્વાર ખૂલે છે ને થોડોથોડો ખોરાક ગ્રહણીમાં જાય છે. ખોરાકની ઘટ્ટતા ને તેના ઉષ્મામાનના આધારે હોજરીમાં ખોરાક ગયા બાદ જઠરદ્વાર ખૂલે છે. પાણી પીવાય કે તરત જ ગ્રહણીમાં જાય છે, ઓછા ઘન પદાર્થોવાળાં બીજાં પ્રવાહી પણ તરત જ હોજરીમાંથી આગળ જાય છે, જ્યારે ખોરાકના બીજા ઘન પદાર્થો પ્રવાહી કે અર્ધપ્રવાહી બન્યા બાદ જ હોજરીમાંથી આગળ જાય છે. આ બાબત ખોરાકના ઘટકો ને ઘટ્ટતા ઉપર અવલંબે છે. પ્રોટીન પદાર્થો કાર્બોહાઇડ્રેટ કરતાં બમણા સમય સુધી, અને ચરબી તો એ કરતાં પણ વધારે સમય હોજરીમાં રહે છે. કાર્બોહાઇડ્રેટ પદાર્થો એકથી દોઢ કલાકમાં હોજરી છોડી ગ્રહણીમાં જાય છે, પણ પ્રોટીનો દોઢથી ત્રણ-ચાર કલાક સુધી રહે છે. સામાન્યતઃ હલકો ખોરાક અઢી કલાકે ને ભારે ખોરાક ચારથી છ કલાકે હોજરી છોડી આંતરડામાં જાય છે. (ચાલુ)

અમેરિકા અને આપણે

ડૉ. પ્રહ્લાદ ચુ. વૈદ્ય

૪

૧૫ નવે. ૧૯૬૪

વહાલાં બાળકો,

આજનો સૂર્યાસ્ત સમય: સાંજના ૪–૧૫, સૂર્યોદય સમય: સવારના ૬–૫૫.

તાપમાન: વધુમાં વધુ ૩૨°F એટલે કે ૦°C; ઓછામાં ઓછું ૨૪°F એટલે કે—૪·૪°C; ઘરમાં તાપમાન ૭૫°F એટલે કે ૨૩·૯°C.

બુધવાર તા. ૧૧મીએ અમે પહેલો 'સ્નો' જોયો: સવારે ૧૨–૦ વાગ્યે અમે બજારમાંથી પાછાં ફરતાં હતાં ત્યારે. જાણે સફેદ રેતીના કણ ખર ખર પડતા હોય...કે મીઠાની ફરફર વરસતી હોય!

તે રાત્રે સારા પ્રમાણમાં બરફ પડ્યો અને ગુરુવાર તા. ૧૨મી-એ સવારે ૮–૩૦ વાગ્યે જ્યારે હું યુનિવર્સિટી જવા નીકળ્યો ત્યારે સફેદ ચાદર ઓઢીને પડેલી પુલમનની ટેકરીઓ નજરે પડી. અને જેમ સફેદ ચાદર ઉપર કાળા પટ્ટાની ડિઝાઈન દીપી નીકળે તેમ, ઊંચાઈ ઉપરથી જોતાં સફેદ ચાદર ઉપર ડામરના કાળા રસ્તાની ડિઝાઈનથી પુલ-મનની ટેકરીઓ શોભી ઊઠી હતી. (પુલમન ગામ ટેકરીઓ પર વસેલું છે.)

... ...

ગયે વખતે મેં અહીંની ચૂંટણીના મશિન વિષે લખ્યું હતું. અહીંની લોકશાહીની એક વિશેષતા વિષે આજે લખું છું. વૉશિંગ્ટન રાજ્યમાં જુગાર, શબ્દરચના હરીફાઈ, લૉટરી વગેરે પર પ્રતિબંધ છે. અમુક પ્રસંગે (મેળા, પ્રદર્શનો વગેરે પ્રસંગોએ) વ્યવસ્થિત હરીફાઈની તથા નિયમન કરીને જુગાર રમવાની છૂટ આપતો એક ખરડો રાજ્યની ધારાસભામાં સરકાર તરફથી ગયે વર્ષે મૂકવામાં આવ્યો હતો. જુગાર-ના પાટલા માંડનારે લાઇસેન્સ લેવું જોઈએ, હોડમાં અમુક રકમથી વધુ રકમ ન મૂકી શકાય, એવા એવા પ્રકારની જોગવાઈઓ આ ખર-ડામાં હતી. ધારાસભામાં સારી એવી બહુમતીથી તે પસાર થયો.

એક ડાક્ટરે આ કાયદા વિષે જાણ્યું ત્યારે તેને થયું કે આ તો ખોટું; આ તો જુગારની બદીને કાયદેસર કરવા જેવું થયું! હવે, અહીંના બંધારણમાં એવી જોગવાઈ છે કે ધારાસભાએ કાયદો પસાર કર્યા પછી ત્રણ માસમાં તે કાયદો પડકારતી, વસ્તીના અમુક ટકા લોકોની સહીથી અરજી આવે તો તે કાયદા પર સામાન્ય જનતાનો મત મતદાનથી લેવો પડે. ડાક્ટરે આ 'જુગાર-લાઇસેન્સ કાયદા' સામે અરજી ઘડી, અને તે પર ૧૫,૦૦૦ મતદારોની સહી લઈને સરકારમાં મોકલી આપી. એ ૧૫,૦૦૦ની સહીવાળી અરજી સરકારી ઑફિસમાંથી કોઈ ચોરી ગયું. પણ કૉર્ટે ડાક્ટરના કહેવા ઉપર વિશ્વાસ રાખીને 'જુગાર-લાઇસેન્સ કાયદા'ને જનમત માટે મૂકવાનું મંજૂર કર્યું. 'જનમત'નું અંગ્રેજી 'રેફ-રેન્ડમ' (referendum). નવેસરની ૩જી તારીખની સામાન્ય ચૂંટણી વખતે લોકોએ આ રેફરેન્ડમ ઉપર પણ મત આપ્યા. ડાક્ટરે એક વગદાર સમિતિ (રેફરેન્ડમ નં. ૩૪ વિરોધી સમિતિ)ની રચના કરી. (આ રેફરેન્ડમનો નંબર ૩૪ હતો.) જેમ જ્હૉનસન અને ગોલ્ડવૉટર-નો પ્રચાર ચાલતો હતો, તેમ વૉશિંગ્ટન રાજ્યમાં આ રેફરેન્ડમ નં. ૩૪ની તરફેણમાં અને વિરોધમાં પણ જોરદાર પ્રચાર થતો હતો. અને છેલ્લે ચૂંટણીમાં રેફરેન્ડમ ૩૪ની વિરુદ્ધમાં વધુ મત પડ્યા ને સરકાર જુગાર-લાઇસેન્સ કાયદો ન કરી શકી! લોકોને અત્યારની સંપૂર્ણ જુગારબંધીની સ્થિતિ જ ચાલુ રાખવી હતી અને બહુમતે રાજ કરતી સરકારની સામે થઈને પણ તે સ્થિતિ તેમણે ચાલુ રખાવી! કેવી સફળ અને સંપૂર્ણ લોકશાહી!!

આ રેફરેન્ડમની સાથે બીજાં ત્રણ રેફરેન્ડમ હતાં. રાજ્ય સરકાર કેળવણીના પ્રચાર માટે વધુ કરવેરા નાખવા માગતી હતી, અને કેટ-લાકે તેનો વિરોધ કરી રેફરેન્ડમ માગ્યું હતું. પણ આ ત્રણે રેફરેન્ડમ સરકાર જીતી ગઈ અને લોકોએ કેળવણીના પ્રચાર માટે વધુ કરવેરા ભરવાનું આપમેળે મત આપીને સ્વીકારી લીધું!!!

લોકશાહી અહીં આટલી જીવંત હોવાનું મુખ્ય કારણ અહીંનું અક્ષર-જ્ઞાનનું ધોરણ છે. અહીં (એટલે કે યુનાઇટેડ સ્ટેટ્સના ઉત્તર ભાગમાં) લગભગ બધાંને વાંચતાં-લખતાં આવડે છે. તેથી જુદાજુદા મત વિષે સાંભળીને નહિ, પણ વાંચી વિચારીને બધા નિર્ણય કરી શકે છે.

પણ... માનવસ્વભાવની અવળચંડાઈ બધે જ સરખી છે,–ક્યાંક એક રૂપમાં તો ક્યાંક બીજા રૂપમાં. ગઈ કાલે અમારી યુનિવર્સિટીની એન.એસ.એ. (NSA – National Students' Association) કમિટી તરફથી સર્ક્યુલર આવ્યો છે. બધાંને વિનતિ કરવામાં આવી છે કે બુધવાર તા. ૧૮–૧૧–૬૪ને રોજ બધાંએ અપવાસ કરવો અને તે રીતે બચતાં નાણાં એન.એસ.એ.ને મોકલી આપવાં. રંગભેદની નીતિને કારણે અમેરિકાની દક્ષિણનાં કેટલાંક રાજ્યોમાં કેટલા યે હબ-સીઓએ નોકરી ગુમાવી છે. તેમને ભરણ-પોષણના ખર્ચ માટે નાણાં મોકલી આપવામાં આવશે!

આપણે રાજકારણ ઉપરથી યુનિવર્સિટી ઉપર આવી ગયાં. યુનિ-વર્સિટી વિષે વધુ આવતા ત્રણ પત્રોમાં. —કાકાના આશીષ

૫

૨૨ નવે. ૧૯૬૪

વહાલાં બાળકો,

મૉસ્કો પર કૂચ

મથાળુ વાંચીને નવાઈ લાગે છે ને? અહીંના વિદ્યાર્થીજીવનના એક પાસાને સ્પષ્ટ કરવા આ મથાળું મૂક્યું છે. વાંચો હવે:

વૉશિંગ્ટન રાજ્યની પૂર્વ સરહદ ઉપર આઈડાહો રાજ્ય છે. પુલ-મન ગામ વૉશિંગ્ટનની પૂર્વ સરહદ પાસે છે. આઈડાહોની પશ્ચિમ સરહદ પાસે મૉસ્કો નામનું ૮ હજારની વસ્તીવાળું ગામ છે. આમ પુલમન અને મૉસ્કો બે જુદાંજુદાં રાજ્યોમાં આવેલાં છે, પણ બે-વચ્ચે અંતર ૮ માઈલનું જ છે. પુલમનમાં અમારી વૉશિંગ્ટન સ્ટેઈટ યુનિવર્સિટી (WSU) છે, જ્યારે મૉસ્કોમાં પણ એક યુનિવર્સિટી છે તેનું નામ યુનિવર્સિટી ઑવ આઇડાહો (UI) છે. રમતગમતમાં આ બે યુનિવર્સિટીઓ વચ્ચે ખૂબ જ હરીફાઈ રહે છે: વિદ્યાનગરની વી. પી. કૉલેજ અને બી. વી. એમ. વચ્ચે રહેતી એવી. પરંતુ અહીં આ હરીફાઇને કેવું તન્દુરસ્ત સ્વરૂપ આપ્યું છે!

અહીં દરેક યુનિવર્સિટી પોતાનું એક નિશાન પસંદ કરે છે, જે બનતાં સુધી કોઈ પ્રાણી હોય છે. અમારી યુનિવર્સિટીનું નિશાન કૂગર છે. કૂગર એ વાઘ જેવું અહીં થતું એક જંગલી પ્રાણી છે. અહીં ફૂટ-બૉલની અત્યારે સીઝન છે. અમારી યુનિવર્સિટીના ફૂટબૉલના ખેલાડી કૂગરનાં મહોરાં પહેરીને રમે છે. મૉસ્કોની UIનું નિશાન 'વેન્ડાલ' Vandal (=ગુંડો) છે. લાંબાં થોભિયાં અને મારકણી આંખોવાળાં મહોરાં તેઓ પહેરે છે. પછી તો WSU અને UI વચ્ચેની મૅચ તે કૂગર અને વેન્ડાલ વચ્ચેની મૅચ એમ બોલાય છે.

આ બે ટીમ વચ્ચે એક કાયમની ચલેન્જ છે: મૅચમાં જે યુનિ-વર્સિટી હારે તેના વિદ્યાર્થીઓ ૮ માઈલ પગે ચાલીને જીતનાર યુનિ-

વર્સિટીને ગામ જાય, ત્યાં વિજેતા યુનિવર્સિટીના જિમખાનાનો પ્રમુખ પદયાત્રીઓના પગ ધૂએ અને ફરીફરીને આવી કસરત કરતા રહો તેવી આશીષ આપે! નાસ્તા-પાણી કરીને, વિજેતા યુનિવર્સિટીએ સગવડ કરી હોય તે વાહનોમાં, પાછા પોતાને ગામ જાય. ૧૯૩૭માં વેન્ડાલ જીત્યા હતા અને ફૂગર હાર્યા હતા. ત્યાર પછી દર વર્ષે ફૂગર જીતતા રહ્યા અને વેન્ડાલ મૉસ્કોથી પદયાત્રા કરી પુલમન આવતા રહ્યા. છેક આ વર્ષે, ૧૯૬૪માં, ફૂગર ને વેન્ડાલ વચ્ચેની મૅચમાં ફૂગર હાર્યા અને અમારી યુનિવર્સિટીના લગભગ ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓ જિમખાનાના વિદ્યાર્થીમંત્રીની આગેવાની નીચે પાયદળ કૂચ કરીને મૉસ્કો ગયા. અહીંનાં છાપાંઓમાં તે સમાચાર 'મૉસ્કો પર કૂચ'–March on Moscow—એ મથાળા હેઠળ ફોટો સહિત પ્રગટ થયા!

આ બધી પ્રવૃત્તિઓ—આનંદમંગલ, નૃત્ય, રમતગમત, સંગીત, સિનેમા, ડેઈટિંગ (સામી જાતિના મિત્ર સાથે એકલા હરવાફરવાનું) બધું શનિ-રવિના રોજ. અહીં યુનિવર્સિટીનાં કન્યા-છાત્રાલયો માટેના નિયમો હમણાં બહાર પડ્યા છે. તેમાં એવો નિયમ છે કે સોમથી ગુરુ રોજ રાતના દસ વાગ્યે હૉસ્ટેલમાં હાજર થઈ જવું, તથા શુક્ર અને શનિવારે પરોઢીએ એક વાગ્યા પહેલાં હૉસ્ટેલમાં આવી જવું! આમ વિધિસર શુક્રવારની સાંજથી આનંદમંગળ માટે છૂટ હોય છે.

તમને થશે કે જો શનિ-રવિ મજા કરે તો પછી ભણવાનું ક્યારે?

અહીં સોમથી શુક્ર, રોજના ૧૦ થી ૧૨ કલાક વિદ્યાર્થી સતત ભણતો રહે છે. અહીં એવો રિવાજ છે કે ૧ કલાકના કૉલેજના પીરિયડમાં ઘેર કરવાનું લગભગ દોઢથી બે ક્લાક ચાલે તેટલું ઘરકામ (લેસન) અપાય છે. આમ એક કલાક ક્લાસ ભરવાનો અને બે ક્લાક ઘેર, એમ એક પીરિયડ દીઠ અઢીથી ત્રણ કલાકનું કામ થાય છે. એક વિદ્યાર્થી અઠવાડિયાના સરેરાશ પંદર પીરિયડ ભરે, એટલે અઠવાડિયાના કુલ ૪૦ થી ૪૫ કલાક ભણે. શનિ-રવિ મજા કરે, તો પાંચ દિવસ રોજના ૮ થી ૯ કલાક ભણે તો જ પૂરું થાય. સામાન્યરીતે સવારના ૮થી ૧૨, બપોરના ૧ થી ૫ અને રાતના ૭‌ા થી ૧૦ વિદ્યાર્થી અભ્યાસમાં પરોવાએલો રહે છે. છેક એમ. એ. સુધીના વર્ગોમાં આ લેસન આપવાનો રિવાજ છે. એ લેસન રોજ જોવાય છે, તે પર માર્ક અપાય છે અને તે પરથી જ છેવટનું પરિણામ નક્કી થાય છે.

મને તો એ લેસન આપવાની ટેવ નહિ, એટલે વિદ્યાર્થીઓએ મને ફરિયાદ કરી કે સાહેબ, તમે લેસન કેમ નથી આપતા? આ ફરિયાદ સાંભળી આ અમદાવાદી કૉલેજ-શિક્ષકને કેટલી નવાઈ લાગી હશે! જે શિક્ષક વિદ્યાર્થીને સતત કામ કરતો ન રાખે તે શિક્ષક અહીં વિદ્યાર્થીઓને ગમતો નથી!

તમારા પૈકી એક શિક્ષિકા છે. તેને તરત થશે કે આટલા બધા વિદ્યાર્થીઓને રોજેરોજ લેસન આપો તો તો તે લેસન તપાસીને કૂચો નીકળી જાય! એનો અહીં સરસ રસ્તો કાઢ્યો છે. દાખલો લઈએ. અહીં યુનિવર્સિટીના પ્રથમ વર્ષમાં ગણિતમાં આ સત્રમાં લગભગ ૪૫૦ વિદ્યાર્થી છે. તેના ચાર વર્ગ પાડ્યા છે અને દરેક વર્ગ એકએક પ્રોફેસરને સોંપી દીધો છે. પછી દરેક પ્રોફેસરને ચારચાર એમ.એ. કે એમ.એસસી.ના વિદ્યાર્થીઓ સોંપેલા છે. આમ ૪૫૦ વિદ્યાર્થીને ૪ પ્રોફેસરો શીખવે, અને ૧૬ ગ્રૅજ્યુએટ થએલા આસિસ્ટન્ટ તેમનાં લેસન તપાસે. આ ગ્રૅજ્યુએટ વિદ્યાર્થીઓને, આપણે હિસાબે, મહિને ૫૦ થી ૬૦ રૂપિયા જેટલો પગાર મળે. જોકે અહીં તે પગાર માસિક ૧૭૫ થી ૨૦૦ ડૉલર જેટલો છે; પણ અહીં ઝાડુવાળાને માસિક લગભગ ૨૭૫ ડૉલર મળે છે! આપણે ત્યાં ઝાડુવાળાને કે પટાવાળાને રૂ. ૭૦ જેટલો પગાર મળે છે, એટલે અહીંના એ ગ્રૅજ્યુએટ આસિસ્ટન્ટને મળતા ૧૭૫ ડૉલર આપણા ૫૦ થી ૬૦ રૂપિયા જ થયા ને? આમ ભણતા વિદ્યાર્થીને કામ મળે અને દરેક વિદ્યાર્થીનું લેસન તપાસાય!

મારે તો નાના ક્લાસ લેવાના છે. મારા ક્લાસનું લેસન એક પાર્ટ ટાઈમ કામ કરતો વિદ્યાર્થી તપાસે છે. તેને ગ્રેઇડર (grader) કહે છે, તેને ક્લાકે ૩ ડૉલર પ્રમાણે નાણાં મળે છે. અઠવાડિયાના ચાર-પાંચ ક્લાક કામ થાય તો મહિને ૫૦-૬૦ ડૉલર થઈ જાય. કેટલા ક્લાક કામ કર્યું તેનો હિસાબ ગ્રેઇડર જ રાખે; ને પ્રામાણિકતા એટલી, કે ઘડિયાળ રાખીને લેસન તપાસવા બેસે તથા બરાબર સમય નોંધે. હું ઓછું લેસન આપું તો તેને ઓછાં નાણાં મળે. પરંતુ વધુ વખત કામ કરવા માટે તે વિદ્યાર્થીની દરેક ભૂલ તપાસે અને ખોટું હોય તે ફરી ગણી આપે! પરિણામે ચોખ્ખો ફાયદો! —કાકાના આશીષ

રંગગઠરિયા (અનુસંધાન પૃ. ૫૨૪થી) છૂટા મૂક્યા, અને ભૂખે ગાંડા બનેલા કૂતરાઓએ કેદીઓમાંના ઘણાને જીવતા બાચકે બાચકે ફાડી ખાધા! એટલામાં આ રખેવાળોને પણ નાસવાની ઘડી આવી; એટલે જે કોઈ દશબાર જણ બચ્યા હતા એમને એક ઓરડીમાં તાળાકૂંચીમાં ગોંધી તેઓ નાસી છૂટ્યા. આખરે ત્યાં આગેકદમ કરતું સોવિયેટ સૈન્ય આવી ચડ્યું. એમણે આ કોટડી ભાળી. જે અંદર પુરાયા હતા એમાંથી અંદર અંદર લઢીલઢી એકબીજાને કાપી ખાતાં, પૂરા બે રશિયન સૈનિકો જીવતા જણાયા. એમને બહાર કાઢવામાં આવ્યા. એમની હાલત જોઈ, એમને નહાવાની, સારાં કપડાં પહેરવાની વ્યવસ્થા કરી, અને જે કંઈ એ સંજોગોમાં આપી શકાય એવું મનભાવતું ભોજન જમાડવામાં આવ્યું. ત્યાર બાદ, એમને છુટકારો અપાવી સંતોષકારક ભોજન આપનારા આ અફસરોએ, એ જ કોટડીમાં ઊભા રાખી એમને ગોળીથી ઠાર કર્યા—રખેને આ જીવતા રહેલા પોતીકા સૈનિકો કદાચિત બીજાને પોતા ઉપર વીતેલી વ્યથા કહે તો ફોજમાં અસંતોષ ફેલાય, એવી દહેશતને લઇને એમને મારી નાખ્યા! ને પછી એ ભંગાર મઠને આગ લગાડી બધું ભસ્મીભૂત કર્યું.

આ બનેલી હકીકત છે—અહીં પોલૅન્ડમાં બનેલી. એ ઘટના ઉપરથી—વૉરસોની ટ્રૅજેડી, એ પ્રદેશની ટ્રૅજેડી, અને આવા કેટકેટલાં કિસ્સાઓ અહીં વણનોંધાએલા બન્યા હશે એની ટ્રૅજેડી ઉપરથી, અમે ત્રણચાર જણા, પ્લેઇન ઊપડ્યું ત્યાં સુધી, 'નાટકમાં ટ્રૅજેડી લખાતી હવે બંધ જ થઇ ગઈ એમ માનવું કે ન માનવું' એની ગંભીર ચર્ચામાં રોકાએલા રહ્યા. ભગવાન, ભાવિ, વિધિ, કર્મ, એવું કશું પણ આ હત્યારા માનવીઓએ વિચાર્યું હશે ખરું? વિચારશે પણ ખરા? અને નવી ટ્રૅજેડીઓ લખવા આવા કિસ્સાઓ હાથ ધરવા કસબી લેખકો જિગર પણ કરશે ખરા? ભગવાન જાણે; કોણ જાણે!

આવી મનોદશાથી ઘેરાએલા અમે વૉરસોના પાદર ઉપરથી ધીમે ધીમે અદ્ધર ઊંચકાયા. લંડન તો આપણે જોયું છે, એટલે આપણે હવે ક્યાંક બીજે ડોકિયું કરીશું. (ચાલુ)

ગુજરાતી સાહિત્ય પરિષદ · ૨૩મું અધિવેશન સુરત : ગુજરાતી સાહિત્ય પરિષદનું ૨૩મું અધિવેશન તા. ૨૫, ૨૬ ને ૨૭મી ડિસેમ્બર ૧૯૬૫ના રોજ સુરતમાં કૉલેજ વિસ્તારમાં, શ્રી જ્યોતીન્દ્ર હ. દવેના પ્રમુખપદે મળશે. ઉદ્‌ઘાટન પં. સુખલાલજી કરશે. બહારગામનાં ભાઈબહેનો માટે ઉતારો, ભોજન વગેરેની ગોઠવણ અધિવેશનની બેઠક પાસે જ રહેશે. મહેમાનોની સેવા માટે સ્વયંસેવકો, વીજળી, પાણી, ઉપાહાર વગેરેનો પ્રબંધ કરવામાં આવ્યો છે. મહેમાનોએ ઋતુ અનુસાર માત્ર કપડાં-બિછાનાં અને અંગત જરૂરનાં સાધનો જ લાવવાં રહેશે. વિશેષ વિગત સરભરા સમિતિના મંત્રી(પ્રા. હકૂમતરાય ઝીણાભાઈ દેસાઈ, ઠે. કૉમર્સ કૉલેજ છાત્રાલય, અઠવા લાઇન્સ, સુરત-૧)ને લખવાથી મળશે.



અર્ઘ્યકણી

ઝાટકો કારમો વાગ્યો છે, ખમી લીધો છે,
ઝેરનો પ્યાલો યે હસતાં અમે પી લીધો છે;
પંથ અંગાર ઝરે તો ય કલેજું સાબૂત,
પ્રાણ કાઢીને હથેલીમાં ધરી દીધો છે;
લાખ વાને ય કદમ પાછાં નથી ભરવાના,
આજ તો મોતને મારીને અમે મરવાના.—વજ માતરી

૨૫૦ એ. ડી. અરદેશર (દારાબશા) શ્રૉફ

ભારતની આર્થિક રચના અંગેના પોતાના આગવા વિચારો અને આગ્રહથી પ્રસિદ્ધ પારસી ઉદ્યોગપતિ એ. ડી. શ્રૉફના હૃદયરોગને કારણે ગઇ ૨૭મી ઑક્ટોબરે મુંબાઈમાં થએલા અવસાનથી દેશને એક અગ્રણી અર્થશાસ્ત્રી ને કુશળ વહીવટકર્તાની ખોટ પડી છે.

અરદેશર દારાબશા શ્રૉફ એ એમનું પૂરું નામ. ઇ. ૧૮૯૯ની ૪થી જૂને મુંબાઇમાં એમનો જન્મ થયો. મુંબાઇ યુનિવર્સિટીમાં બી. એ. થઈ ને એ લંડન યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્રના બી. એસસી. થયા. ત્યાં ચેઈઝ બૅંકમાં ઉમેદવારી કરી. એમની ઇચ્છા એ પછી હિંદુસ્તાનમાં ઇમ્પીરીઅલ બૅંકમાં જોડાવાની હતી, પણ ચેઇઝ બૅંક અમેરિકન માલિકીની હોવાથી ત્યાંની એમની ઉમેદવારીને માન્ય ન રાખવાથી તેઓ ઇમ્પીરીઅલમાં જોડાઈ શક્યા નહિ.

પાછળથી 'તાતા'ના અર્થસલાહકાર તરીકે ઉજ્જ્વલ કારકિર્દીમાં પડ્યા પહેલાં તેમણે મુંબાઈની સિડનહામ કૉલેજ ઑવ કૉમર્સમાં ઍડવાન્સ બૅંકિંગમાં પ્રાધ્યાપક તરીકે કામ કર્યું અને પછી પંદર વર્ષ શેરદલાલ તરીકે બહુ સફળતાથી સારું એવું ધન એકઠું કર્યું.

ઈન્ડિયન મર્ચન્ટ્સ ચેમ્બરના ઉપપ્રમુખ તરીકે તથા પૉર્ટ ઑવ બૉમ્બેના એક ટ્રસ્ટી તરીકે વરાએલા શ્રી શ્રૉફ સેન્ટ્રલ લેજિસ્લેટિવ ઍસેમ્બ્લીની રીઝર્વ બૅન્ક બિલની સિલેક્ટ કમિટી સામે સરકાર તરફથી નિષ્ણાત તરીકે જુબાની આપવા માટે પણ નીમાએલા. ૧૯૫૪માં અમેરિકામાં બ્રેટનવૂડસ મુકામે વર્લ્ડ મૉનિટરી કૉન્ફરન્સ મળેલી ત્યારે તેમાં બિનસહકારી પ્રતિનિધિ તરીકે ભાગ લઈ ત્યાં તેમણે ભારતનો દાવો ઘણો પ્રતીતિજનક રીતે ને સબળતાથી રજૂ કરીને ભારતને ખાતે વિશ્વયુદ્ધના ફાળા પેટે ૨૦૦૦ કરોડ રૂપિયાનું હૂંડિયામણ પણ જમા કરાવી આપેલું. વિશ્વબૅંકની રચના આ કૉન્ફરન્સમાંથી થએલી. સ્વતંત્રતા પછી દેશની આરંભની આર્થિક કટોકટીમાં એ રકમથી ઘણી રાહત થઈ ગઈ હતી. પરંતુ એમને એ પણ રંજ હતો કે આવી મોટી રકમ દેશનું અર્થખાતું વધુ યોગ્ય રીતે વાપરી શક્યું હોત. એમની આ નાણાકીય નિષ્ણાતતાને પહેચાની મુંબાઈ મ્યુનિસિપલ ફાઈનાન્સ કમિટીના ચૅરમૅન તરીકે ૧૯૪૭-'૪૮માં એમની નિમણૂક કરવામાં આવેલી. અનેક વિખ્યાત કંપનીઓના ડિરેક્ટર બોર્ડમાં હોવા ઉપરાંત ન્યૂ ઇન્ડિયા એશ્યોરન્સ કંપની લિમિ.ના તથા બૅંક ઑવ ઇંડિયા લિમિ.ના પણ તેઓ ચૅરમૅન હતા. ૧૯૪૪માં ખાનગી સાહસે રાષ્ટ્ર માટે ઘડાએલી એક વિશાળ યોજના 'મુંબાઇ પ્લાન્ટ'ના આઠ સર્જકોમાંના તેઓ પણ એક હતા.



ઇ. ૧૯૫૬માં એમણે 'ફોરમ ઑવ ફ્રી એન્ટરપ્રાઈઝ'ની સ્થાપના કરેલી અને એ દ્વારા રાષ્ટ્રના દિમાગને મુક્ત સાહસ તથા જીવનની લોકશાહી પદ્ધતિ સાથે એના સંબંધની દિશામાં વિચારતા કર્યા. એમની કુશાગ્ર દષ્ટિ, હામ અને



સ્કૂવીડ—રંગારા

કરોડ વિનાનાં પ્રાણીઓમાં સૌથી વધુ લંબાઈ ધરાવનાર સ્ક્વીડ-રંગારા જાતિભેદ પ્રમાણે અરધા ફૂટથી માંડી પચાસ ફૂટ સુધીના જોવા મળે છે.

શરીર લાંબું ને પાતળું. માથા પર બે મોટી ગોળ આંખો. મોંની આગળ દસ હાથ; એમાં બે વધુ લાંબા ને બાકીના આઠ એકસરખા ટૂંકા. લાંબા હાથમાં ચૂષકોની ચાર ને નાના હાથમાં બબ્બે હાર હોય છે. પ્રથમ લાંબા હાથ વડે એ પોતાનો શિકાર (કરચલા, માછલાં વગેરે) પકડે ને પાછળ મોં નજીક લાવે, જ્યાં બાકીના આઠે હાથ શિકારને વળગી પડે.

રંગારાને પાછળ પૂછડી તરફ બે પર હોય છે. એના વડે એ પાણીમાં ધીમેધીમે તરે, પણ જો નાસવું હોય તો એ માટે એના મોં નીચેની એક નળી દ્વારા એ પાણીની જોરદાર શેડ છોડે ને એના ધક્કાથી એ પાછું હડસેલાઇને ઝડપથી નાસી જાય. નળીને વાળી, પાછલી બાજુ પાણી છોડીને એ આગળ તરફ પણ દોડી જઇ શકે. એ વેળા એની ઝડપ ઘણી તેજ હોય છે. સ્વરક્ષણ માટે એ પોતાના શરીરમાંથી ચિત્રકારો જેને સેપિયા કહે છે એવો એક રંગ પણ છોડે છે. એનાથી પાણીમાં ધુમ્મસ જેવું એક આવરણ રચાઈ જાય ને એ રીતે શત્રુની દૃષ્ટિ અવરોધી તે એની આડશે નાસી જાય. આ ઉપરાંત, પોતાના શરીરનો રંગ બદલીને પણ તે આત્મગોપન કરી શકે છે. ઊંડાં પાણીનાં રંગારાંના શરીરમાંથી પ્રકાશ ઝબકે છે. આવી ત્રેવડી રક્ષા છતાં પણ વ્હેલ, અમુક મોટી માછલીઓ અને માણસો પણ તેમને મોટી સંખ્યામાં મારી ખાય છે.

એની નાની-મોટી, ઊંડાં-છીછરાં પાણીમાં રહેનારી તથા રંગભેદવાળી અનેક જાત થાય છે, પણ એ દરેકના શરીરના આકાર તથા ખાસિયતો લગભગ સરખી જ છે. પાણીની અંદર વેગથી સરકવા માટે બધી રીતે અનુકૂળ એવો એનો આકાર-'સ્ટ્રીમલાઈન્ડ' છે. પાણીમાં તીવ્ર વેગથી દોડી જઈ શકવાને કારણે કેટલેક ઠેકાણે એ 'દરિયાઈ તીર' તરીકે પણ ઓળખાય છે.

નેતૃત્વને કારણે થોડા જ સમયમાં એફોરમે રાષ્ટ્રવ્યાપી સંસ્થાનો દરજ્જો પ્રાપ્ત કરી લીધો.

જાહેર ઔદ્યોગિક સાહસોના તેઓ વિરોધી હતા એવી છાપ એમના વિષે હતી, પણ એથી ઊલટું અમુક ક્ષેત્રો તો સરકાર જ ચલાવી શકે એવો એમનો મત હતો. દેશના વિકાસની દૃષ્ટિએ એમનો વિરોધ તો હતો જાહેર-ખાનગી ક્ષેત્ર વચ્ચેની અકારણ સ્પર્ધાનો. દેશના નાણાકીય વહીવટની કેટલીક નીતિરીતિઓ સામે એમને ઠીકઠીક અકળામણ થતી અને તેઓ તેને નિખાલસતાથી વ્યક્ત પણ કરતા.

એમનું વાક્પાટવ, બુદ્ધિચાતુર્ય અને પોતાના વિષયની ઊંડી સૂઝ-સમઝ એમનાં વ્યાખ્યાનોમાં તરી આવતી. અણીશુદ્ધ પ્રામાણિકતા અને સ્વચ્છ પરિશ્રમ એમનો મુદ્રાલેખ હતો. વેપારીઓ અને ઉદ્યોગપતિઓની કાળાંબજારની નીતિનો એમણે અણગમો હતો. એ સારુ 'ફોરમ ઑવ ફ્રી એન્ટરપ્રાઈઝ' મુક્ત સાહસ સંઘ તરફથી એમણે એક આચાર-સંહિતા પણ પ્રકટ કરેલી. સ્વભાવે એ કૂણા હૃદયના, મિલનસાર અને નમ્ર તથા નિરાડંબરી હતા.

શ્રી શ્રૉફે 'બૉમ્બે શેરહોલ્ડર્સ એસોસીએશન' અને 'ઇન્ડિયન મર્ચન્ટ્સ ચેમ્બર'ના ઉપપ્રમુખ તરીકે, મુંબાઈ બંદરના ટ્રસ્ટી તરીકે, તાતા ટેક્સ્ટાઇલ ગ્રૂપ, ન્યૂ ઇન્ડિયા ઈન્શ્યોરન્સ કંપની, ફૉરવર્ડ કૉન્ટ્રેક્ટ્સ બિલ માટેની નિષ્ણાત સમિતિ તથા રેલવે સ્ટોર્સ તપાસ સમિતિના ચૅરમૅન તરીકે, પ્રૉફિટ શૅરિંગ કમિટીના સભ્ય અને ઈન્વેસ્ટમેન્ટ કૉર્પોરેશન ઑવ ઇન્ડિયાના ડાયરેક્ટર-ઈન ચાર્જ તરીકે અત્યંત ઉપયોગી સેવાઓ આપી. વીમો, મૂડીરોકાણ રેડિયો, બૅંકિંગ, વહાણવટું એ એમના રસના વિષયો હતા.

તાતા સન્સ લિમિટેડના ડાયરેક્ટરપદેથી ૧૯૬૦માં નિવૃત્ત થયા પછી પણ તેઓએ એક મુલાકાતમાં કહ્યું હતું: 'પણ હું ધંધામાં હજી છું જ અને રહેવાનો છું. નિવૃત્તિ તો મેં મારા કાર્યનો થોડો બોજો ઓછો કરવા પૂરતી જ લીધી છે.' અને એ મુજબ તેઓ અવસાનના આગલા દિવસ સુધી કાર્યરત રહ્યા હતા.

વેસ્ટમિન્સ્ટર ઍબીની ૯૦૦મી જયંતી

નાૅર્મંડીમાં દેશનિકાલ જેવી સ્થિતિ ભોગવ્યા પછી ત્યાંથી પુનઃ પોતાના રાજમાં આવી શકવા બદલ ઈશ્વર પ્રત્યેની પોતાની કૃતજ્ઞતા દાખવવા ઈંગ્લંડના રાજા ઍડવર્ડે, ટેમ્સ નદીના બદલાતા પ્રવાહને કારણે એ કાળે એક બેટ રામા બની રહેલા ભાગ ઉપર, વેસ્ટમિન્સ્ટરના પોતાના મહેલની નજીક, બેનિડિક્ટાઇન સંપ્રદાયના એક મઠની સ્થાપના કરી, અને એમાં શાહી વપરાશ માટે એક દેવળ પણ બંધાવ્યું જે તત્કાલીન ખ્રિસ્તી દેવળોમાં સૌથી સુંદર ગણી શકાય તેવું હતું. દેવળ એણે સંત પીટરને સમર્પિત કર્યું. એ સમર્પણવિધિને આ ડિસેમ્બરની ૨૮મી તારીખે પૂરાં ૯૦૦ વર્ષ થશે.

કહે છે કે ઈ ૧૦૫૦માં એનું કામ શરૂ થયું એ અગાઉ પણ એ જ સ્થાને એક સૅક્સન દેવળ હતું, અને એની યે પહેલાં ઍપોલોનું રોમન દેવળ પણ એ જ સ્થળે હતું. ઍડવર્ડે બંધાવેલું એ દેવળ, પાછળથી થએલા ફેરફારો સાથે. હજી આજે ય 'વેસ્ટમિન્સ્ટર ઍબી'ને નામે ઓળખાતું એ જ સ્થાને સ્થિત છે. અને તેથી એ સદીઓ જૂના ધર્મસ્થાનની ૯૦૦મી જયંતી ઈંગ્લંડ આ વર્ષની ૨૮મી ડિસેમ્બરથી માંડી આવતા વર્ષની ૨૮મી ડિસેમ્બર સુધી—ઊભું વરસ—ત્યાં વિવિધ કાર્યક્રમો યોજીને ઊજવી રહ્યુ છે.

દેવળના સમર્પણ પછી થોડા જ દિવસોમાં ઍડવર્ડનું અવસાન થયું. ખ્રિસ્તી દેવળોને એણે આપેલી સહાયો, એની ધાર્મિક શ્રદ્ધા



વગેરેને કારણે એ 'ઍડવર્ડ ધ કન્ફેસર' તરીકે ઓળખાતો; અને પાછળથી 'સંત ઍડવર્ડ' તરીકે પણ એની પ્રતિષ્ઠા થઈ. એના અવસાન પછી બીજે જ વર્ષે ઈ. ૧૦૬૬માં, બરાબર ક્રિસ્ટમસને દિવસે વિજેતા વિલિયમ (વિલિયમ ધ કૉંકરર)નો આ દેવળમાં રાજ્યાભિષેક થયો.

એ પછી સો વર્ષે, જૂની નૉર્મન બાંધણીને કાઢી નાખી, એડવર્ડ પ્રત્યેના માનમાં હેન્રી ત્રીજાએ તે કાળની શિષ્ટમાન્ય ગૉથિક શૈલીમાં નવેસરથી ઍબેની રચના કરાવી. ઇ. ૧૫૬૧માં રાણી એલિઝાબેથે ત્યાં ફરી દેવળ બનાવડાવ્યું, જે 'કૉલેજિયેટ ચર્ચ ઑવ સેન્ટપીટર' તરીકે ઓળખાયું. આજનું દેવળ તે એ જ. હેન્રી ત્રીજાએ બનાવડાવેલા વિશાળ દેવળ કરતાં આજે તો એનો દેખાવ ઘણો જુદો જ છે અને એમાં હેન્રી સાતમાએ ઉમેરેલો સુંદર ભાગ એને વધુ ગૌરવ આપે છે.

એના પશ્ચિમ-મુખ પરના બે મિનારની રચના ઇ. ૧૭૦૦માં ઈંગ્લંડના વિખ્યાત સ્થપતિ સર ક્રિસ્ટૉફર રેને કરી હતી; એના આ યોજનમાં થોડા ફેરફાર કરી નિકૉલસ હૉક્સમૂરે ઈ. ૧૭૩૪માં એને ઊભા કર્યા. આમ, ઇલિઝાબેથના દેવળને આરંભથી માંડી આજના સ્વરૂપે પહોંચતાં ચારસો વર્ષ લાગ્યાં છે. એના મિનારા ૨૨૮ ફૂટ ઊંચા છે અને મૂળની ગૉથિક બાંધણીમાં થએલા એના આ ઉમેરણ પરથી બદલાતી ગએલી સ્થાપત્યશૈલીનો ખયાલ મળે છે.

ઊંચી વેદીની પાછળ હેન્રી સાતમાએ બનાવેલા અંગત દેવળ સાથે, વેસ્ટમિન્સ્ટર ઍબીની રચના પણ, અન્ય મોટાં દેવળો પેઠે 'ક્રૉસ' આકારમાં જ છે. પશ્ચિમ તરફથી પ્રવેશતાં એનું અંતરાલ અદ્‌ભુત પ્રેરક જણાય છે. પશ્ચિમમાં પ્રવેશદ્વાર નજીક જ 'અનામી સૈનિક'ની મજાર છે, ને એથી આગળ ઊંચા સ્તંભોની હારમાળા પર એની છત નજાકતથી ટેકવેલી જણાય છે. ઍબીના કેન્દ્રમાં સંત ઍડવર્ડની કબર છે. અહીં જ રાજ્યારોહણનું કાષ્ઠનું સિંહાસન છે. વિલિયમ પહેલાથી માંડીને આજ સુધીનાં ઈંગ્લંડનાં બધાં જ રાજારાણીઓનું રાજ્યા-

રોહણ એ સિંહાસન પર થતું રહ્યું છે.

અહીં કેટલીક મહત્ત્વની મજારો ઉપરાંત હેન્રી પાંચમાએ એગિનકોર્ટની લડાઈમાં વાપરેલું જિન, બખ્તરટોપ ને ઢાલ પણ એક મુખ્ય આકર્ષણ છે. રીચર્ડ બીજાએ સ્થાપેલા 'બાથ'ના ઉમરાવપદધારીઓનાં અનેક સ્મૃતિચિહ્નો પણ અહીં છે. બ્રિટનના વિખ્યાત વ્યક્તિવિશેષોની સ્મૃતિને પણ અહીં માનથી રાખવામાં આવી છે.

આવા ભૂતકાલીન ગૌરવથી ભર્યાભર્યા આ સ્થાનની મુલાકાતે વર્ષ દરમિયાન સહેજે વીસેક લાખ માણસો આવે છે. ૧૯૫૩ના જૂનમાં જુદાજુદા દેશોના મળી આઠ હજાર જેટલા પ્રતિનિધિઓની હાજરીમાં રાણી ઇલિઝાબેથ બીજીનું જ્યારે અહીં રાજ્યારોહણ થયું ત્યારે ચર્ચિલે આ દેવળની સારસંભાળ માટે દસ લાખ પાઉન્ડનું ભંડોળ એકઠું કરવા રાષ્ટ્રવ્યાપી અપીલ કરેલી. એક જ વર્ષમાં એટલું ભંડોળ થઈ પણ ગયું ને ત્યારથી એમાંથી એની મરામત થતી રહી છે. સદીઓ-જૂના થર ઉખેડાઇને એની ઢંકાએલી સુંદર ખૂબીઓ હવે પુનઃ પ્રકાશી ઊઠી છે.

ઇકેયા-સેકી



ગઈ ૧૮મી સપ્ટેમ્બરે જાપાનના બે ખગોળશાસ્ત્રીઓએ એની પ્રથમ જાહેરાત કરી ત્યાર પછી આપણે ત્યાં પણ બ્રાહ્મમુહૂર્તમાં ઊઠનારાઓએ ઑક્ટોબરના પાછલા અને નવેમ્બરના પહેલા અઠવાડિયા દરમિયાન પૂર્વાકાશમાં અગ્નિકોણ તરફ દેખાતા એ ધૂમકેતુને કે એની પૂછડીના તેજસ્વી લીસોટાને જોયો હશે. એનું નામ પણ એ બે ખગોળશાસ્ત્રીઓ ઇકેયા અને સેકીના નામ પરથી જ પડાયું છે. તે સૂર્યની એટલો બધો નજીકથી પસાર થનારો હતો કે સૂર્યના ગુરુત્વાકર્ષણથી કે એની પ્રચંડ ગરમીથી તે કદાચ સૂર્યમાં વિલીન થઈ જશે એવો પૂરો સંભવ હતો. તેથી દુનિયાભરના ખગોળશાસ્ત્રીઓ એનાં નિરીક્ષણો કરવા મચી પડ્યા હતા. વેધશાળાનાં દૂરબીનો ઉપરાંત, ખાસ સાધનો સાથેનાં જેટ વિમાનો અને અમેરિકાની નાસા સંસ્થાનાં રૉકેટો પણ એને માટે ઊડેલાં. કેટલેક ઠેકાણે એના નિરીક્ષણાર્થે આવી મહેનત વાદળાંને કારણે ફોક થએલી. સૂર્યની બહુ જ નજીકથી પસાર થવાને કારણે ઇકેયા-સેકી પરનું ઉષ્ણતામાન અત્યંત વધી ગયું હોઈ સ્પેક્ટોગ્રાફ વડે પણ એના બંધારણનો અભ્યાસ કરવામાં આવ્યો.

પ્રાથમિક તપાસમાં ઇકેયા-સેકી પર સોડિયમ, આયોનાઈઝ્ડ કૅલ્શ્યમ, લોહ, નિકલ અને તાંબું તથા પોટાશિયમની હાજરી જાણવા મળી છે. સૂર્યની નજીક હોઇ એના પરથી પરાવર્તિત થતા સૂર્યપ્રકાશને કારણે અમુક સમયે એ ચંદ્ર કરતાં યે પાંચ ગણો તેજસ્વી દેખાતો હતો અને જાપાને તો ધોળે દિવસે એના ફોટોગ્રાફ લીધા હતા! જૅમ્સ વેસ્ટફૉલ નામના એક વિજ્ઞાનીએ એના પરથી ઈન્ફ્રારેડ કિરણો



સૂર્ય પ્રતિ ધસી રહેલો ઇકેયા-સેકી

ફેંકાતાં હોવાનું પણ જણાવ્યું છે. આ બધાં નિરીક્ષણોનું વિગતે પૃથક્કરણ થઈ રહેતાં એ ધૂમકેતુ વિષે ઘણી નવી માહિતી જાણવા મળશે.

હવે તો ઇકેયા-સેકી સૂર્યથી ૫ ૫૦,૦૦,૦૦૦ કરોડ માઈલથી યે દૂર ચાલ્યો ગયો હોઈ આપણી દૃષ્ટિમર્યાદાની બહાર નીકળી ગયો છે. છેલ્લે એનો વેગ એક સેકંડના ૨૫૦ થી ૩૦૦ માઈલનો જણાયો હતો ને એની પૂંછડી લગભગ બે કરોડ માઈલ લાંબી જણાઈ હતી. ભારતમાં કોડાઇકૅનાલની વેધશાળાએ પણ એના ફોટોગ્રાફ લીધા છે. હવે પછી ૫૦૦ થી ૧૦૦૦ વર્ષ બાદ એ ફરી પૃથ્વીની દૃષ્ટિમર્યાદામાં આવશે એમ મનાય છે.

આ માસ (નવેમ્બર) ઇતિહાસમાં • વ્યક્તિવિશેષ • પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ: માર્ક ટ્વેઇન

આંતરરાષ્ટ્રીય વિખ્યાતિ ધરાવનાર આ અમેરિકી હાસ્યલેખક અને વ્યાખ્યાતાનું ખરું



નામતો હતું સૅમ્યુઅલ લૅંગહૉર્ન ક્લેમેન્સ. ઈ. ૧૮૩૫ની ૩૦મી નવેમ્બરે મિસિસિપી નદીને કિનારે હાનિબાલ નજીક મો નામે ગામમાં એમનો જન્મ. હાનિબાલમાં બાળપણ પૂરું કરી મિસિસિપીમાં ફરતી સ્ટીમબોટમાં પાઈલટ તરીકે એમણે કારકિર્દીનો આરંભ કર્યો. તે પછી પશ્ચિમમાં જઈ સોનાની ખાણમાં પણ નસીબ અજમાવ્યું ને આખરે વર્જિનિયા સિટીમાં અખબારનવીસ તરીકે કલમ અજમાવવા માંડી. પત્રકાર તરીકેનાં પોતાનાં લખાણોમાં એ 'માર્ક ટ્વેઈન'ના તખલ્લુસથી સહી કરતા. પાણીની ઊંડાઈ માપતાં મિસિસિપીના પાઇલટો આ શબ્દો વાપરતા; એનો અર્થ છે 'બે ફૅધમ ઊંડાઇ'. આગળ જતાં એમનું એ તખલ્લુસ એટલું તો વિખ્યાત થઈ ગયું કે એમના અસલ નામની યાદ રહી નહિ.

'ધી સેલિબ્રેટેડ જમ્પિંગ ફ્રૉગ ઑવ કૅલેવરાસ કાઉન્ટી' એ એમની પ્રથમ લેખનકૃતિ. 'ધ કૅલિફૉર્નિયન'માં એ ઈ. ૧૮૬૭માં છપાઈ.

એ પછી એમણે યુરોપનો પ્રવાસ કર્યો. એમાં ભૂમધ્ય સમુદ્રના અનુભવોને એમણે 'ઇનોસન્ટ અબ્રૉડ'માં ઉતાર્યા. એની મર્માળી લખાવટે એમને ઘણી નામના અપાવી. 'માર્ક ટ્વેઇન' નામ ગાજતું થઈ ગયું. લેખક તરીકેની એમની કારકિર્દી હવે સ્થપાઈ ચૂકી. ઉપરાંત, એમણે વ્યાખ્યાનો પણ આપવા માંડ્યાં ને તેમાં પણ સફળતા પ્રાપ્ત કરી.

ઉનાળામાં તે 'એલમાઇરા'માં પોતાનાં ખેતરો પર ચાલ્યા જતા. ત્યાં તેમણે 'ઍડવેન્ચર્સ ઑવ ટૉમ સૉયર' લખ્યું. પોતાના જ બાળપણનાં અટકચાળાં એમાં ઉતાર્યાનું કહેવાય છે. એમનું એવું જ લોકપ્રિય પાત્ર તે 'હકલબરી ફિન'. સુધરવા નહિ ઇચ્છતા છોકરાને સુધારવા મથતા વડીલો સામે માંડેલા મોરચાનાં તોફાનોની એમાં બહુ રમૂજી કથા છે. આના પરથી ફિલ્મ પણ ઊતરેલી છે. મનાય છે કે બાળપણના પોતાના મિત્ર ટૉમ બ્લૅન્કનશિપનું એમણે એમાં આલેખન કર્યું છે.

'રફિંગ ઈટ' અને 'લાઈફ ઑન ધ મિસિસિપી'માં એમણે તત્કાલીન અમેરિકન જીવનનો તાદૃશ ચિતાર આપવા ઉપરાંત મર્માળા કટાક્ષોથી એને વધુ રોચક બનાવી છે.

'એ કનેક્ટિકટ યૅન્કી ઍટ ધ કોર્ટ ઑવ કિંગ આર્થર' પણ એમની એક સુંદર રમૂજી કૃતિ છે. દરમિયાન એમણે યુરોપની બીજી સફર પણ કરી જે તેમણે 'એ ટ્રૅમ્પ અબ્રૉડ'માં ઉતારી છે. પર્સનલ રેકલેક્શન ઑવ જૉન ઑવ આર્ક' પણ એમની જાણીતી કૃતિ છે.

ઈ. ૧૯૧૦માં ૨૧મી એપ્રિલે કનેક્ટિકટમાં રીડિંગ મુકામે એમનું અવસાન થયું.

પ્રસંગવિશેષ: ગન-પાઉડર પ્લૉટ • ૫મી નવેમ્બર ૧૬૦૫

ગાદીએ આવેલા નવા રાજા જેમ્સ પહેલાએ દાખલ કરેલા સુધારક કાયદાઓથી છંછેડાઇને એ રાજા તથા એના મંત્રીઓને ઉડાડી મૂકવા રોમન કૅથલિક પંથના કેટલાક ધર્મઝનૂનીઓએ એક



ગુપ્ત કાવતરું રચ્યું. ફાધર ગાર્નેટ અને ફાધર ગ્રીનવે વગેરે એના સૂત્રધાર હતા. ઈ. ૧૬૦૪ના જાન્યુઆરીમાં લૅમ્બેથ મુકામે રૉબર્ટ કેટસ્બી, રૉબર્ટ વિન્ટર અને જ્હૉન રાઇટે એની યોજના વિચારી. પાછળથી બીજા પણ કેટલાક એમાં ભળ્યા. એ સૌ ખાનદાન કુટુંબના જ નબીરાઓ હતા. કાવતરું પાર પાડવા ફ્લાન્ડરથી ગાઈ ફૉક્સને લાવવામાં આવ્યો. ૧૬૦૫ના માર્ચમાં પાર્લમેન્ટની ઉમરાવ સભાના ખંડની હેઠળનું ભોંયરું ભાડે રખાયું ને થોડો થોડો કરી એમાં ૩૬ પીપ એટલે કે લગભગ એક ટન અને ચારેક ક્વાર્ટર જેટલો દારૂ ભેગો કરી, એના પર બળતણ વગેરે ઢાંકી મે માસમાં તો લગભગ બધી તૈયારી કરી સૌ છૂટાછૂટા વેરાઈ ગયા. ઑક્ટોબરની ૨૬મીએ લૉર્ડ મૉન્ટઈગલને એક પત્ર મળ્યો, જેમાં એમને પાર્લમેન્ટની આગામી બેઠકમાં ગેરહાજર રહી પોતાનો જીવ બચાવી લેવાની વિનતિ કરેલી હતી. પત્ર સહી વિનાનો હતો, પણ મનાય છે કે એમના જ એક સંબંધી અને કાવતરામાં ભળેલ ફ્રાન્સિસ ગ્રેશામે જ તે લખ્યો હશે. મૉન્ટઈગલે એ પત્ર મુખ્ય મંત્રી સૉલ્ઝબરીને બતાવ્યો. પાંચમી નવેમ્બરે બેઠક મળવાની હતી. તે વહેલી સવારે પેલા અંધારા ભોંયરામાં સૈનિકો છુપાઈ ગયા. થોડી વારે દીવો અને દારૂ સળગાવવા માટેનાં સાધનો સાથે ગાઈ ફૉક્સ અંદર દાખલ થયો. એકાએક એના પર સૈનિકો તૂટી પડ્યા અને ઝપાઝપી થઈ. ગાઈ ફૉક્સ કેદ પકડાયો, ને રાજા તથા તેના મંત્રીઓ સાથે પાર્લમેન્ટની ઉમરાવ સભાના મકાનને ફૂંકી મારવાનું કાવતરું નિષ્ફળ ગયું. ઇતિહાસમાં 'ગન-પાઉડર પ્લૉટ'ને નામે જાણીતા આ ભયંકર કાવતરાની પ્રજાને જાણ થઈ ત્યારે તે સ્તબ્ધ થઈ જવા સાથે એની નિષ્ફળતાના ખબરથી આનંદ પણ પામી, અને આ દૈવી બચાવને તેમણે આનંદોત્સવથી વધાવ્યો. નાસી છૂટેલા કાવતરાખોરોમાંથી કેટલાક મરાયા; કેટલાક કેદ થયા, એ સૌને ૧૬૦૬ની ૩૧મી જાન્યુઆરીએ મોતની સજા થઈ. આજે પણ ૫મી નવેમ્બરે ઇંગ્લંડમાં ગાઈ ફૉક્સના પૂતળાને બાળીને અને આતશબાજી યોજીને આ દિવસ ઊજવવામાં આવે છે અને હજી પાર્લમેન્ટની બેઠક મળે એ પહેલાં નીચેના ખંડો તપાસી જવાનો વિધિ પણ થાય છે.

શ્રી પરીક્ષિતલાલ સ્મારકનિધિ

આખા જીવન દરમિયાન કીર્તિ અને મોભાની લાલસાથી દૂર રહીને પછાતવર્ગ ને હરિજનોની સેવા કરતા ગુજરાત હરિજન સેવક સંઘના એકનિષ્ઠ મૂક સેવક શ્રી પરીક્ષિતભાઈ મજમુદાર ગુજરાતની એકધારી ચાલીશ વર્ષની સેવા કરી આપણી વચ્ચેથી વિદાય થઈ ગયા. તેમના પ્રયાસોથી ગુજરાતભરમાં હરિજનોને સામાજિક હક્કો અપાવવા ઉપરાંત કેળવણી, પછાતવર્ગો માટેનાં કન્યા છાત્રાલયો, કુમાર છાત્રાલયો, બાલવાડીઓ અને સંસ્કારકેન્દ્રો અસ્તિત્વમાં આવ્યાં છે. એટલે માત્ર સ્મારક કરવા ખાતર નહિ, પરંતુ આ મહત્ત્વનાં કામો ચાલુ રાખવા ખાતર પણ હરિજન સેવક સંઘની અંદર એક અંકિત ટ્રસ્ટ 'શ્રી પરીક્ષિતલાલ સ્મારકનિધિ' કરવાનો નિર્ણય લેવાયો છે. ગુજરાતભરમાં આ માટે ફાળો ઉઘરાવવાનું કાર્ય આરંભાઈ ગયું છે. દરેક નાગરિકને વિનંતી છે કે આ ફાળામાં રકમ આપી કે ઉઘરાવી શ્રી પરીક્ષિતભાઈની પવિત્ર સ્મૃતિ સાચવવાના શુભ કાર્યમાં સહાયરૂપ બનશો. આ ફાળામાં અપાતાં દાન કર-મુક્ત છે. ગુજરાત હરિજન સેવક સંઘ, હરિજન આશ્રમ, અમદાવાદ-૧૩.

માગણ છોરુ મહીપતિ, ચોથી ઘરની નાર;
છત અછત સમજે નહિ, (કે') લાવ, લાવ ને લાવ.

અમીરને ઘેર મિજબાની વેળા ઈરાનનો શાહ અબ્બાસ દારૂમાં ચકચૂર થઈ અમીરના અંતઃપુરમાં પેસવા જતાં તેને ત્યાંના દરવાને અટકાવ્યો. એ માટે બીજે દિવસે અમીરે દરવાનને કાઢી મૂકી, શાહની માફી માગી, તેને ચાહે તે સજા ફરમાવવાનું કહ્યુ. શાહે જાતે સજા કરવાની ઇચ્છા બતાવી; અને બીકથી ફફડતો દરવાન હાજર થયો ત્યારે અમીરને કહ્યુ : 'તમે આને નોકરીમાંથી રજા આપી તે મને ગમ્યું. હું હવે એને મારા અંગરક્ષકોનો સરદાર નીમું છું. મારી બેઅદબી છતાં જાનની પરવા કર્યા વિના મને પણ અટકાવનાર એ હિંમતવાન નરની તો કદર થવી જોઈએ.'


એકાક્ષરી અનેકાર્થી શબ્દો

ઘા=આઘાત, કંદોરો, કાગળના ૨૪ તાનો જથ્થો, ખડ, જખમ. ફટકો, સંગીતનો બોલ, ફેંકવું તે. **ઘો**=કારણ વિનાનો કજિયો, આફત, ગરોળીની જાતનું એક પ્રાણી. **જ**=જન્મ, ફતેહ, ભાર બતાવનાર શબ્દ, ઝેર, પિતા, પિશાચ, ભોગ, બ્રહ્મદેવ, મોક્ષ, શંકર, વિષ્ણુ, ત્વરા, ચપળ. **જી**=ઘરડી મા, માતા, બા, માનાર્થે સંબોધન, પતિ-પત્નીનું એકબીજાને સંબોધન, ગ઼ા સરિયાંની સગાઈ બતાવનારો પ્રત્યય, હય પારસીભાઈના નામને છેડે આવતો અક્ષર :રુ,કબૂલ છે એ અર્થમાં વપરાતો ઉદ્ગાર. **જૂ**=મેલા વાળમાં થતું એક જીવ, વાયુ, આકાશ, સમૂહ, નદી, પિશાચી, સરસ્વતી, વેગ. **જે**=કોર, જીત. **જો**=નદી, સુધી, હે. **છી**=નરક, લીંટ, મલિન, હલકું. **છો**=ઈંટો સાથે વપરાતો ચૂનો, દયા, પ્રેમ, ગંધ, ઠીક.

સાચ્ચે!—ન્યૂ સાઉથ વેલ્સમાં ઘેટાંનું રક્ષણ કરતા કૂતરાઓને કાંટા ન વાગે તે માટે તેમને પગે જોડા પહેરાવવામાં આવે છે!



કલાકણિકા: ડેન્માર્કનો ઈ.૧૪૦૦નો સુંદર 'બ્રોચ'



પોતાના માળા માટે ભમરી કાગળ જેવું જે પડ બનાવે છે એ, માણસો જે રીતે કાગળ બનાવે છે તેમજ કાષ્ઠતંતુઓનો માવો બનાવીને કરે છે.

> આપણી મરજી મુજબનું જો મળી જાય તો આપણે ધનવાન થઈએ છીએ; પણ એના વિના ચલાવી લઈએ તો આપણે શક્તિશાળી બનીએ છીએ.
>
> જી. મૅકડોનલ્ડ

સમુદ્ર, નદીઓ, તળાવો વગેરેમાંનું સતત શોષાતું પાણી વરસાદ રૂપે પડવાની ક્રિયા બંધ થાય તો ૩૦૦૦ વર્ષમાં પૃથ્વી પરનું પાણી ખલાસ થઈ જાય!

ખોટી વાત

આપણે બોલીએ છીએ તેમ : ૧) 'લાલ' સમુદ્ર બીજા સમુદ્રોથી વધુ લાલ નથી. ૨) સૂરજ 'ઊગતો કે આથમતો' નથી; સ્થિર જ હોય છે. ૩) ડૂબતો માણસ ત્રણ વખત પાણીની ઉપર નથી આવતો.

ચોખાના એક દાણા ઉપર સૂક્ષ્માક્ષરે 'જય જવાન' શબ્દ લખી મેળાવડામાં એના ૮૧ રૂપિયા ઉપજાવીને જામનગરના એક યુવાન રાહીરે એ સંરક્ષણ-ફાળામાં આપ્યા છે. આ જ રીતે ચોખાના એક દાણા પર 'જય જવાન, જય કિસાન' શબ્દો લખી એમણે એ દાણો વડાપ્રધાન શાસ્ત્રીજીને પણ ભેટ મોકલ્યો છે.

F.B.I. (અનુ. પૃ. ૫૨૩થી) નાગરિક હતો, ને એક પ્રખર વિદ્વાન ગણિતજ્ઞ ને મહાન અણુ-વૈજ્ઞાનિક તરીકે બ્રિટનમાં પ્રતિષ્ઠિત હતો.

અમેરિકા તે પહેલી વાર જ આવેલો. એના સિવાય એની સાથે અમેરિકા ગએલા અન્ય કોઈ વિજ્ઞાનીની કારકિર્દીમાં સામ્યવાદી હોવાની નોંધ નહોતી. એમ. આઈ. એસ.એ જણાવ્યું કે કદાચ તે અણુ-જાસુસ હોઈ શકે.

હાર્વેલના અમલદારે ફુશની મુલાકાત લીધી. ને પૂછ્યું કે તેણે રશિયાને અણુ બૉમ્બની માહિતી આપી હતી કે નહિ.

ફુશે તેનો ઈન્કાર કર્યો, પણ અમલદારે વારંવાર એની મુલાકાત લેવા માંડી. આખરે એ ડગી ગયો ને કબૂલ્યું કે પોતાની અંતઃપ્રેરણાથી પ્રેરાઈ ૧૯૪૨ થી ૧૯૪૮ સુધી એણે રશિયાને અણુ-માહિતી આપી હતી. એણે માત્ર રશિયાનું માન સાચવવા ખાતર તે બદલ એક સો પાઉન્ડ પણ લીધા હતા.

વધુમાં તેણે જણાવ્યું કે, 'મને સૂચના મળેલી કે હાથમાં ટેનિસનો દડો લઈ મારે ફરતા રહેવું અને જ્યારે હાથમોજાં પહેરેલો એક માણસ લીલા પૂઠાની ચોપડી લઇને મને મળે ત્યારે તે માણસને મારે માહિતી આપવી. એ અજાણ્યા માણસે પોતાનું નામ રેમન્ડ જણાવેલું. પણ એ તો ખોટું હોઈ શકે.' આ ગુના બદલ તેને ૧૪ વર્ષની સજા કરવામાં આવી, ને બીજી બાજુ એફ. બી. આઈ. પેલા 'રેમન્ડ'ને શોધવા લાગી. ફુશે આપેલા વર્ણન પ્રમાણે તે ૫'–૧૦'' ઊંચાઇનો, મધ્યમ વયનો, ગોળ મોઢાવાળો તંદુરસ્ત માણસ હતો.

ફુશની એક બહેન અમેરિકામાં રહેતી હતી. તેણે કહ્યું: '૧૯૪૫ના જાન્યુઆરીમાં રેમન્ડ નામે એક માણસ ફુશની તપાસ કરવા આવ્યો હતો. તેને બાળકો બહુ ગમતાં. તેણે મારા બાળકને કૅમિસ્ટ્રીનો સેટ લાવી આપવા વચન આપ્યું હતું.' આટલી થોડી વધુ માહિતી પણ ઉપયોગી થઈ પડી. હવે કૅમિસ્ટોની તપાસ ચાલી. ૧૯૪૫માં ન્યૂયૉર્કમાં લાયસન્સવાળા ૭૫,૦૦૦ કૅમિસ્ટો હતા. તેમાં કોણ રેમન્ડ હોઈ શકે? એફ. બી. આઈ.એ ધીરજથી કામ શરૂ કર્યું. ઘરડા, જુવાન, નીચા, ઊંચા વગેરે બાદ કરતાંકરતાં ને તેના ઇતિહાસ મેળવતાં મેળવતાં આંકડો ઘટીને હજાર ઉપર આવ્યો. ધીરે ધીરે ૨૦ અને પછી આખરે ૧ ઉપર! અને તે કૅમિસ્ટ હતો હૅરી ગોલ્ડ. અગાઉ સામ્યવાદી એલિઝાબેથ બેન્ટલીના કેસમાં હૅરી ગોલ્ડનું નામ આવ્યું હતું. અત્યારે હૅરી ફિલાડેલ્ફીઆની હૉસ્પિટલમાં કૅમિસ્ટ તરીકે કામ કરતો હતો. ફુશને સજા થયા પછી માત્ર સાત જ અઠવાડિયાં ને ૭૫૦૦૦ કૅમિસ્ટોની તપાસ પછી એફ. બી. આઈ.ના બે એજન્ટોએ ગોલ્ડની મુલાકાત લીધી: 'તમે આ ક્લાઉસ ફુશને ઓળખો છો?' એજન્ટે ગોલ્ડને ફુશનો ફોટો આપી પૂછ્યું. 'હા' ગોલ્ડે કહ્યું: 'છાપાંમાં તેનો ફોટો જોયો છે.'

'તમે ફુશની બહેન મિસિસ હેનીમેન્સને કૅમ્બ્રિજમાં મળ્યા છો? સાન્ટા ફેમાં તમે કોઇને ઓળખો છો?' એજન્ટે આગળ પૂછ્યું.

'ના, હું કોઇને જાણતો નથી. સાન્ટા ફે તો હું કદી ગયો નથી. ખરેખર તો મિસિસિપીની પશ્ચિમે હું કયારેય ગયોનથી.' ગોલ્ડે કહ્યું.

પછી તો ગોલ્ડની વારંવાર મુલાકાત લેવા માંડી. એના એક-બીજા જવાબમાં મળતાપણું ન આવવાથી એજન્ટો તેની પાછળ લાગ્યા. આખરે તેણે કંટાળીને કહ્યું: 'હું જાણું છું તે મેં તમને કહ્યું. તમારે મારું ઘર જોવું હોય તો એ પણ જોઈ શકો છો.'

એજન્ટોએ આખું ઘર તપાસ્યું. એમાં એક ચોપડીમાંથી સાન્ટા ફેનો એક નકશો મળી આવ્યો. તે જોઇને એજન્ટે પૂછ્યું: 'તમે કહો છો કે તમે મિસિસિપીની બીજી બાજુ ગયા જ નથી, તો આ નકશો તમારી પાસે કયાંથી આવ્યો?'

એક મિનિટ સુધી કોઈ બોલ્યું નહિ. પછી ફસાઈ પડેલા ગોલ્ડે મોં ઉપરથી પરસેવો લૂછતાં કહ્યું; 'હા, ક્લાઉસ ફુશે મને માહિતી આપી હતી ને મેં ન્યૂયૉર્કમાંના રશિયન મદદનીશ એલચી એ. એ. યાકોવલેવને એ પહોંચાડી હતી.'

'શા માટે?'

'જેના વિચારો સાથે હું સંમત છું તે દેશને મદદ કરવી મારો ધર્મ છે, એટલે જ ૧૯૩૬થી હું રશિયા માટે કામ કરું છું.'

'પણ વૈજ્ઞાનિક તો ફૉર્મ્યુલા આપે. ખરેખર બૉમ્બ કેવી રીતે બને તે માહિતી તો તેમાં કામ કરનારાએ આપી હશે. તે કોણ?' હેરી ગોલ્ડે નામ આપવું જ પડયું. તેણે નામ આપ્યું: 'ડેવિડ ગ્રીનગ્લાસ, ઉમર ૨૮ વર્ષ. પહેલાં લશ્કરમાં સાર્જન્ટ હતો અને હવે લૉસ આલમોસની અણુશક્તિ યોજનામાં કામ કરે છે.'

પત્ની રૂથ અને બે બાળકો સાથે તે ન્યૂયૉર્કમાં રહેતો હતો. એજન્ટ તેને મળ્યો. આમ છ માસમાં તપાસ ગ્રીનગ્લાસ સુધી પહોંચી. એ તો તદ્દન નામુક્કર જ ગયો. એજન્ટે તેનો ફોટો લઈ હેરી ગોલ્ડને બતાવ્યો. ગોલ્ડે તે ઓળખ્યો ને કહ્યું: 'હા, એ ડેવિડ જ છે ને હું તેને અલ્બુકર્કમાં મળ્યો હતો.' રશિયન એલચી યાકોવલેવે ગોલ્ડને હુકમ આપ્યો હતો કે તેણે અલ્બુકર્કમાં ગ્રીનગ્લાસને મળી માહિતી લાવવી ને બદલામાં ૫૦૦ ડૉલર આપતા આવવા. તે પહેલાં તેણે સાન્ટા ફે માંથી ક્લાઉસ ફુશ પાસેથી માહિતી લાવવાની હતી.

ગોલ્ડ પ્રથમ સાન્ટા ફે આવ્યો ત્યાં એ નવરો ફરતો હતો ત્યારે બુકસ્ટૉલ ઉપરથી અમસ્થો જ સાન્ટા ફેનો નકશો ખરીદેલો. વિના કારણ લીધેલ આ નકશાએ જ તેને પકડાવી દીધો હતો.

ફુશ પાસેથી માહિતી મેળવી તે અલ્બુકર્ક રવાના થયો. ગ્રીનગ્લાસને ઘેર જઈ તેણે બારણું ખખડાવીને કહ્યું હું જુલિયસ તરફથી આવું છું. એમ કહી ગોલ્ડે એક પૂઠાનો ટુકડો તેને આપ્યો, જે તેને રશિયન એલચીએ આપ્યો હતો. તે પૂઠાનો ટુકડો ગ્રીનગ્લાસ પાસેના પૂઠા સાથે બરાબર ગોઠવાઈ ગયો, એટલે ગ્રીનગ્લાસે માહિતી આપી. તેણે અણુબૉમ્બનીબનાવટનેલગતાં કેટલાંક ચિત્ર પણ દોરી આપ્યાં. ગોલ્ડે એને ૫૦૦ ડૉલર આપી દીધા અને મળેલી માહિતી તેણે ક્લાઉસની માહિતી સાથે રશિયન એલચીને સોંપી.

પણ હજી ગ્રીનગ્લાસ કબૂલ કરતો નહોતો. વળી, આમાં જુલિયસ કોણ હતો? ડેવિડની બહેન ઇથેલના પતિનું નામ હતું જુલિયસ રોઝેનબર્ગ. ૧૪ વર્ષની વયે જુલિયસે ડેવિડને સામ્યવાદી પક્ષમાં ભેળવ્યો હતો. રૂથ ગ્રીનગ્લાસે પોતાના પતિની નોકરીની

વાત ઇથેલને કરી. તેની પાસેથી જુલિયસે જાણ્યું કે ડેવિડ ઍટમ બૉમ્બના કારખાનામાં કામ કરે છે. પહેલાં તો ડેવિડે જુલિયસને કશી જ માહિતી આપવાની ના પાડી, પણ પછી જુલિયસની ઘણી સમજાવટથી આખરે તે મદદ કરવા તૈયાર થયો.

જુલિયસે ગ્રીનગ્લાસને સમજાવ્યું કે તેણે અલ્બુકર્કમાં આ માહિતી એક માણસને આપવી. તેનો અલ્બુકર્ક જવાઆવવાનો ને અન્ય બધો ખર્ચ રશિયન સરકાર આપશે. પછી જુલિયસે એક કાર્ડબોર્ડના બે ટુકડા કરી એક ગ્રીનગ્લાસને આપ્યો અને કહ્યું કે આ બીજો ટુકડો જેની પાસે હોય તેને તેણે માહિતી આપવી. એ બીજો ટુકડો તેણે રશિયન એલચી-કચેરીમાં આપ્યો. આ રીતે ગ્રીનગ્લાસ પાસેની માહિતી રશિયનોને પહોંચી. દરમિયાન આ બધું ગોઠવનાર જુલિયસ રોઝેનબર્ગ ઉપર તો કોઇને શક પણ ન આવે કે તે રશિયનો સાથે મળેલો છે. આ બધા પુરાવા એકઠા થએલા જોઈ આખરે ગ્રીનગ્લાસ પણ કબૂલ થઈ ગયો.

ક્લાઉસ પકડાયો ત્યારે જ જુલિયસે ડેવિડને નાસી જવા સૂચવેલું, કારણ કે ક્લાઉસ પછી ગોલ્ડ અને પછી ડેવિડ ને છેલ્લે પોતાનો વારો આવવાનું એ સમજી ગયો હતો. ક્લાઉસથી ડેવિડ સુધીની આખી સાંકળના પડદા પાછળનો સંચાલક જુલિયસ રોઝેનબર્ગ જ હતો અને એની પત્ની ઇથેલનો તેમાં સાથ હતો. કોર્ટમાં કેસ ચાલ્યો. રોઝેનબર્ગે બચાવ કરવાની ના પાડી. ચુકાદો આપતાં ન્યાયાધીશે કહ્યું કે 'ખૂન કરતાં પણ આ ભયંકર છે. અણુબૉમ્બની માહિતી રશિયાને આપી તમે તેને કોરીઆનું યુદ્ધ કરી શકવાની સ્થિતિમાં મૂકયા છે, જેને કારણે ૫૦,૦૦૦થી વધારે મૃત્યુ માટે તમે જવાબદાર કરો છો...' રોઝેનબર્ગ દંપતીનો આ કેસ બહુ ચર્ચાએલો અને ફરીફરીને એ સોળ વખત ચાલેલો. આખરે ઈ. ૧૯૫૩માં એ બંનેને મોતની સજા થઈ.

આ છે એફ. બી. આઈ.ની કામગીરીની કથા, તેની વર્ષોની કારકિર્દીની ઝાંખી. આમ છતાં અમેરિકાના લોકો તે સરકારનું પ્રજામાં ત્રાસ ફેલાવનાર સાધન બની જવાનો ભય સેવે છે.

પણ તે ભય સાચો નહિ પડે, જ્યાં સુધી ૧) પ્રેસિડન્ટ તેને રાજકીય દબાણથી ખોટી રીતે દોરશે નહિ, અથવા ૨) એફ. બી. આઈ.ના એજન્ટોમાં જ્યાં સુધી દેશનું ને કાયદાનું રક્ષણ કરવાની ભાવના હશે. ૩) હજી અમેરિકાની સમાચાર સંસ્થાને તેનાં કાર્યો ઉપર ટીકા કરવાની છૂટ છે, હજી કૉંગ્રેસ તેનાં ખર્ચનો હિસાબ માગે છે, અને ખોટી રીતે નાણાં ન વપરાય તેની તકેદારી રાખે છે, હજી અમેરિકાનું ન્યાયતંત્ર એજન્ટે અપનાવેલી રીત માટે જવાબદાર ગણી તેને તપાસે છે, હજી એફ. બી. આઈ. ઉપર રાજકીય લાગવગ જમાવવા દેવામાં નથી આવતી, અને એથી એને માટે એફ. બી. આઈ.નો ભય હજી દૂર છે. એ કોઈ યાંત્રિક શક્તિશાળી સંસ્થા નથી. તે ભૂલ પણ કરે છે, પણ પોતાની ભૂલને પહાડ જેવી ગણી તેને સુધારે છે. એફ બી. આઈ. તેની સરકારને રક્ષે છે. કાયદેસર લોકોનું રક્ષણ થાય તેમ તે ઇચ્છે છે. ભવિષ્યમાં લોકો તેને જેવી મજબૂત બનાવવા ધારશે તેવી બનાવી શકશે. અથવા તેઓ ઇચ્છશે તેટલી નબળી પણ પાડી શકશે.



પ્રભાતનું સ્વાગત

છે તો માત્ર વહેલી સવારે રસ્તા પરનો કચરો બાળ્યાનો ધુમાડો જ, પણ ઊંચાં વૃક્ષનાં ડાળપાંદડાંમાંથી ચળાઇને આવતાં સૂર્યકિરણોને ભેટતા એ ધુમાડાને ફોટોગ્રાફરે સામા પ્રકાશે ઝડપીને તાજગીભર્યા સ્વપ્ન સમું વાતાવરણ તાદૃશ કર્યું છે. (ફોટો: ચંદ્રકાન્ત એમ. પટેલ)